અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ ઓગસ્ટ ૨૦૨૪, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, શ્રાવણ સુદ ૧૦

વર્ષ : ૧૬
અંક : ૪૭

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**જમ્મુ-કાશ્મીરના પોલીસકર્મીઓને સૌથી વધુ મેડલ** I આ વખતે રાષ્ટ્રપતિ મેડલ ફોર ગેલેન્ટ્રી (PMG) મેડલ ૧ ને અને મેડલ ફોર ગેલેન્ટ્રી (GM) ૨૧૩ જવાનોને આપવામાં આવશે

## સ્વતંત્રતા દિવસે ૧૦૩૭ લોકોને મળશે વીરતા અને સેવા મેડલ

I (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ I

પોલીસ, ફાયર બ્રિગેડ, હોમગાર્ડ્સ અને સિવિલ ડિફેન્સ (HG&CD) અને સુધારાત્મક સેવાઓના કુલ ૧૦૩૭ કર્મચારીઓને સ્વતંત્રતા દિવસ ૨૦૨૪ના અવસર પર વીરતા અને સેવા મેડલ માટે પસંદ કરવામાં આવ્યા છે. ગૃહ મંત્રાલયે બુધવારે (૧૪ ઓગસ્ટ ૨૦૨૪) સ્વતંત્રતા દિવસ ૨૦૨૪ના અવસર પર વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ મેડલ/ મેરીટોરીયસ સર્વિસ માટે મેડલ પ્રાપ્તકર્તાઓની યાદી બહાર પાડી છે. આ તમામને ૧૫મી ઓગસ્ટના રોજ એવોર્ડ આપવામાં આવશે. આ વખતે રાષ્ટ્રપતિ મેડલ ફોર ગેલેન્ટ્રી (PMG) મેડલ ૧ ને અને મેડલ ફોર ગેલેન્ટ્રી (GM) ૨૧૩ જવાનોને આપવામાં આવશે. જેમાં પોલીસ સેવાને ૨૦૮, ફાયર સર્વિસને ૪, હોમગાર્ડ અને સિવિલ ડિફેન્સને ૧ મેડલ આપવામાં આવશે. ૨૫ જુલાઈ, ૨૦૨૨ ના રોજ થયેલી લૂંટમાં દુર્લભ બહાદુરી પ્રદર્શિત કરવા બદલ તેલંગાણા પોલીસના હેડ કોન્સ્ટેબલ ચદુવુ યાદૈયાને રાષ્ટ્રપતિ મેડલ ફોર ગેલેન્ટરી (PMG) એનાયત કરવામાં આવ્યો છે. તેઓએ ચેઈન સ્નેચિંગ અને હથિયારોના વ્યવહારમાં સંડોવાયેલા બે કુખ્યાત વ્યક્તિઓ ઈશાન નિરંજન નીલમનાલ્લી અને રાહુલની ધરપકડ કરી હતી. આ દરમિયાન, બદમાશોએ તેના પર છરી વડે હુમલો કર્યો અને તેના શરીરના વિવિધ ભાગો એટલે કે છાતી, શરીરના પાછળના ભાગે, ડાબા હાથ અને પેટ પર અનેક વાર કર્યા. ગંભીર ઈજાઓ હોવા છતાં, તે તેમને પકડવામાં સફળ રહ્યો. હોસ્પિટલમાં ૧૭ દિવસ સુધી તેની સારવાર કરવામાં આવી હતી. વીરતા માટેના ૨૧૩ મેડલ (GM)માંથી ૨૦૮ GM પોલીસ કર્મચારીઓને એનાયત કરવામાં આવ્યા છે. તેમાં પણ જમ્મુ-કાશ્મીર પોલીસના સૌથી વધુ ૩૧ જવાનો, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રના ૧૭-૧૭ જવાનો, છત્તીસગઢના ૧૫, મધ્ય પ્રદેશના ૧૨, ઝારખંડ, પંજાબ અને તેલંગાણાના ૦૭-૦૭ જવાનો, સીઆરપીએફના ૫૨ જવાનો, એસએસબીના જવાનો. ૧૪ કર્મચારીઓ, ૧૦ CISFના જવાનો, ૦૬ BSFના જવાનો અને બાકીના પોલીસ કર્મચારીઓ અન્ય રાજ્યો/UTs અને CAPFના છે. વધુમાં, દિલ્હી અને ઝારખંડ ફાયર સર્વિસના કર્મચારીઓને અનુક્રમે ૦૩ GM અને ૦૧ GM અને ૦૧ GM ઉત્તર પ્રદેશ HG&CD કર્મચારીઓને પૂરા પાડવામાં આવ્યા છે. વિશિષ્ટ સેવા (PSM) માટેના ૯૪ રાષ્ટ્રપતિ મેડલ્સમાંથી ૭૫ પોલીસ સેવા, ૮ ફાયર સર્વિસ, ૮ સિવિલ ડિફેન્સ-હોમગાર્ડ સેવા અને ૩ સુધારાત્મક સેવાને એનાયત કરવામાં આવ્યા છે. મેરીટોરીયસ સર્વિસ (MSM) માટેના ૭૨૯ મેડલ્સમાંથી ૬૨૪ પોલીસ સેવાને, ૪૭ ફાયર સર્વિસને, ૪૭ સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ સેવાને અને ૧૧ સુધારાત્મક સેવાને એનાયત કરવામાં આવ્યા છે. વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક (PSM) સેવામાં ખાસ કરીને વિશિષ્ટ રેકોર્ડ માટે આપવામાં આવે છે અને મેડલ ફોર મેરીટોરિયસ સર્વિસ (MSM) કોઠાસૂઝ અને ફરજ પ્રત્યેની નિષ્ઠા દ્વારા દર્શાવવામાં આવેલી મૂલ્યવાન સેવા માટે એનાયત કરવામાં આવે છે. વીરતા પુરસ્કાર વર્ષમાં બે વાર આપવામાં આવે છે. દર વખતે આ મેડલ માટે અલગ-અલગ કર્મચારીઓની પસંદગી કરવામાં આવે છે. આ મેડલ પહેલી વાર ૨૬ જાન્યુઆરી એટલે કે પ્રજાસત્તાક દિવસે અને બીજી વાર ૧૫ ઓગસ્ટ એટલે કે સ્વતંત્રતા દિવસ પર આપવામાં આવે છે. આમાંના કેટલાક પુરસ્કારો માત્ર સૈનિકોને આપવામાં આવે છે, જ્યારે કેટલાક પુરસ્કારો પોલીસ, જેલ કર્મચારીઓ અને સામાન્ય નાગરિકોને આપવામાં આવે છે.



### પ્રધાનમંત્રી મોદી ફરી એકવાર લાલ કિલ્લા પરથી ધ્વજ ફરકાવશે

I નવી દિલ્હી, તા.૧૪ I

પ્રધાનમંત્રી મોદી લાલ કિલ્લા પરથી સતત ૧૧મી વાર ધ્વજ ફરકાવશે. તેની સાથે જ તે પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહનો રેકોર્ડ તોડી નાંખશે. વર્ષ ૨૦૧૪માં પ્રધાનમંત્રી બન્યા પછી સતત પીએમ નરેન્દ્ર મોદી લાલ કિલ્લાની પ્રાચીરથી ત્રિરંગો ફરકાવી રહ્યા છે. આ વખતે તે ૧૧મી વખત ત્રિરંગો ધ્વજ ફરકાવશે. તેની સાથે જ પ્રધાનમંત્રીઓની યાદીમાં તે ત્રીજા સ્થાને પહોંચી જશે. લાલ કિલ્લા પરથી સૌથી વધારે વખત રાષ્ટ્ર ધ્વજ ફરકાવવાનો રેકોર્ડ દેશના પહેલાં પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરૂના નામે નોંધાયેલો છે.

### સ્વાતંત્ર્ય સેનાનીઓના સપના સાકાર કરીશું, જૂનું ગૌરવ પાછું મેળવીશું

I નવી દિલ્હી, તા.૧૪ I

દેશના ૭૮મા સ્વતંત્રતા દિવસની પૂર્વ સંધ્યાએ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, અમે એવી પરંપરાનો એક ભાગ છીએ જે સ્વાતંત્ર્ય સેનાનીઓના સપના અને ભાવિ પેઢીઓની આકાંક્ષાઓને જોડે છે. જે આવનારા વર્ષોમાં આપણા રાષ્ટ્રને તેની સંપૂર્ણ ભવ્યતામાં પુનઃસ્થાપિત કરશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ૮-૨૦ પછી ભારતે ગ્લોબલ સાઉથ દ્વારા તેની ભૂમિકા વધુ મજબૂત કરી છે.

**સુપ્રીમ કોર્ટેના આપ્યા વચગાળાના જામીન, CBIને પણ નોટિસ**

## દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી રાહત ન મળી

**જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જલ ભુયાનની ખંડપીઠે સીબીઆઈને નોટિસ ફટકારીને જવાબ માંગ્યો : આ મામલે આગામી સુનાવણી ૨૩ ઓગસ્ટે થશે**

I (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ I

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી નથી. બુધવારે (૧૪ ઓગસ્ટ) કેજરીવાલની જામીન અરજી પર સુનાવણી કરતી વખતે સર્વોચ્ચ અદાલતે તેમને વચગાળાના જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી, જેઓ કેજરીવાલ વતી કોર્ટમાં હાજર થયા હતા, તેમણે સ્વાસ્થ્યના કારણોને ટાંકીને વચગાળાના જામીન માટે વિનંતી કરી હતી. તેના પર કોર્ટે કહ્યું કે અમે કોઈને વચગાળાના જામીન આપી શકીએ નહીં. વાસ્તવમાં, અરવિંદ કેજરીવાલ દિલ્હી લીકર પૉલીસી કેસમાં સીબીઆઈ દ્વારા તેમની વિરુદ્ધ



નોંધાયેલા કેસમાં જામીન માટે સુપ્રીમ કોર્ટ પહોંચ્યા છે. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જલ ભુયાનની ખંડપીઠે સીબીઆઈને નૉટિસ ફટકારીને જવાબ માંગ્યો છે. કોર્ટે કહ્યું છે કે આ મામલે આગામી સુનાવણી ૨૩ ઓગસ્ટે થશે. દારૂ નીતિ કેસમાં જ આમ આદમી પાર્ટી (AAP)ના નેતા અને પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાને લગભગ ૧૭ મહિના પછી જામીન મળી ગયા છે. સુનાવણી દરમિયાન અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું કે કેજરીવાલને મની લૉન્ડરિંગ કેસમાં ત્રણ વખત વચગાળાના જામીન મળ્યા છે. તેમને ૧૦ મે અને ૧૨ જુલાઈના રોજ સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળ્યા હતા. તેણે મની લૉન્ડરિંગ કેસમાં ૨૦ જૂને ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલા જામીનના આદેશનો પણ ઉલ્લેખ કર્યો હતો. સિંઘવીએ કહ્યું કે દિલ્હી હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના આદેશ પર સ્ટે મૂક્યો છે. તેમણે એવી દલીલ પણ કરી હતી કે જ્યારે કોઈ કડક શરતો ન હોય ત્યારે સીબીઆઈના કેસમાં જામીન કેવી રીતે નકારી શકાય.

**અમેરિકાએ વિઝા આપવા કર્યો ઈનકાર**

## રામલલાની મૂર્તિ બનાવનાર અરુણ યોગીરાજને ઝટકો

**યોગીરાજને ૧૨મી AKKA વર્લ્ડ કન્નડ કોન્ફરન્સમાં સામેલ થવા માટે અમેરિકા જવાનું હતું**

I (એજન્સી) અયોધ્યા, તા.૧૪ I

અયોધ્યાના રામ મંદિર માટે રામલલાની મૂર્તિ બનાવનારા પ્રસિદ્ધ શિલ્પકાર અરુણ યોગીરાજને અમેરિકાએ વિઝા આપવાનો ઈનકાર કરી દીધો છે. આ માટે અમેરિકાએ કોઈ ઠોસ કારણ પણ નથી જણાવ્યું. યોગીરાજને ૧૨મી AKKA વર્લ્ડ કન્નડ કોન્ફરન્સમાં સામેલ થવા માટે અમેરિકા જવાનું હતું. આ કોન્ફરન્સ ૩૦ ઓગષ્ટથી એક સપ્ટેમ્બર વચ્ચે વર્જીનિયાના રિચમંડ કન્વેન્શન સેન્ટરમાં યોજાવાની હતી.

અરુણ યોગીરાજના પરિવારે વિઝા ન મળવા પર નિરાશા વ્યક્ત કરી છે. કૌટુંબિક સૂત્રોનું કહેવું છે કે, અરુણની પત્ની વિજેતા અગાઉ પણ અમેરિકા જઈ ચૂકી છે અને આવી સ્થિતિમાં અરુણને વિઝા આપવાનો ઈનકાર કરવો ખૂબ જ નિરાશાજનક છે. શિલ્પકાર અરુણે અમેરિકા જવા માટે તમામ તૈયારીઓ પણ પૂરી કરી લીધી હતી. અરુણ



યોગીરાજે પણ અમેરિકા દ્વારા વિઝા આપ વાનો ઈનકાર કર્યો હોવાની પુષ્ટિ કરી છે. તેણે કહ્યું કે, મને કોઈ કારણ નથી ખબર પરંતુ અમે વિઝા સંબંધિત તમામ દસ્તાવેજો જમા કરાવી દીધા છે. AKKA વર્લ્ડ કન્નડ કોન્ફરન્સનું વર્ષમાં બે વાર આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય અમેરિકા સહિત વિશ્વના અન્ય ભાગોમાં રહેતા સમુદાયના સભ્યોને એક સ્થળે લાવવાનો છે. આ વર્ષની શરૂઆતમાં અયોધ્યામાં બની રહેલા રામ મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

**ઇલોન મસ્ક સાથેના ઇન્ટરવ્યૂમાં ભૂતપૂર્વ અમેરિકન પ્રેસિડેન્ટનો દાવો**

## કમલા હેરિસ બાઇડેન કરતાં પણ વધુ બિનકાર્યક્ષમ : ડોનાલ્ડ ટ્રમ્પ

I (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ I

અમેરિકામાં આગામી નવેમ્બરમાં પ્રેસિડેન્ટની ચૂંટણી યોજાવાની છે ત્યારે રાજકીય માહોલમાં ગરમાવો વધી રહ્યો છે. ટ્રમ્પ સામે બાઇડેનને બદલે હવે કમલા હેરિસ મેદાનમાં છે અને ટ્રમ્પે તેની પર હુમલા શરૂ કરી દીધા છે. ટેસ્લાના ઈલોન મસ્ક સાથેના ઈન્ટરવ્યૂમાં ડોનાલ્ડ ટ્રમ્પે કમલા હેરિસને જો બાઈડેન કરતાં પણ વધુ બિનકાર્યક્ષમ ગણાવ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ટ્રમ્પની એન્ટ્રીના દિવસે જ તેમણે ઈલોન મસ્કને ઈન્ટરવ્યૂ આપ્યો હતો.



બહુપ્રતિક્ષિત ઓડિયો ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે સોમવારે જણાવ્યું હતું કે, "તે કટ્ટર ડાબેરી વિચારસરણી ધરાવે છે. તે ટ્રમ્પ કરતાં પણ વધુ ટ્રમ્પ થવા માંગે છે. કમલા હેરિસ ત્રીજા દરજ્જાની નકલી ઉમેદવાર (થર્ડ રેટ ફોની) છે." ટ્રમ્પે દોહરાવ્યું હતું કે બાઈડેનને બદલે કમલા હેરિસને ઉમેદવાર બનાવવાનો નિર્ણય આંતરિક બળવાનું પરિણામ હતું. મસ્કે પણ કમલા હેરિસ કટ્ટર ડાબેરી વિચારસરણી ધરાવતા હોવાની વાતને સમર્થન આપ્યું હતું. ટ્રમ્પે કહ્યું કે હેરિસ પાસે સાડા ત્રણ વર્ષનો સમય હતો. હજુ કંઈક કરવા માટે વધુ પાંચ મહિનાનો સમય છે, પણ તે કંઈ નહીં કરે.ટ્રમ્પે દાવો કર્યો હતો કે, "કમલા અને બાઈડેન બંને બિનકાર્યક્ષમ છે. કમલા હેરિસ બાઈડેન કરતાં વધુ બિનકાર્યક્ષમ છે." ટ્રમ્પે હેરિસ પર સરહદની સુરક્ષામાં ગંભીર નિષ્ફળતાનો આરોપ મૂક્યો હતો.

### રિટેલ મોંઘવારી બાદ જથ્થાબંધ ફુગાવામાં પણ રાહત જોવા મળી

I નવી દિલ્હી, તા.૧૪ I

રિટેલ મોંઘવારી દર બાદ હવે જથ્થાબંધ મોંઘવારી મોરચે પણ રાહતના સમાચાર છે. જુલાઈમાં દેશનો જથ્થાબંધ મોંઘવારી ત્રણ માસના તળિયે નોંધાઈ છે. જુલાઈમાં જથ્થાબંધ ફુગાવો ઘટીને ૨.૦૪ ટકા થયો હતો. બુધવારે સરકાર દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર આંકડા પરથી આ માહિતી સામે આવી છે. જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) આધારિત ફુગાવો જૂનમાં ૩.૩૬ ટકા હતો.

**અમરાવતી, મુંબઈ, નાસિક બેઠકોની જવાબદારી**

## મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની જવાબદારી ગુજરાતના છ નેતાને સોંપાઈ

I (એજન્સી) મુંબઈ, તા.૧૪ I

આ વર્ષે મહારાષ્ટ્ર વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને ધ્યાને લઈને ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતના પાંચ નેતાઓને પણ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની જવાબદારી સોંપી છે. ગુજરાત ભાજપના જે નેતાઓને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની જવાબદારી સોંપવામાં આવી છે તેમાં બે પ્રધાન ઋષિકેશ પટેલ અને જગદીશ પંચાલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અમદાવાદ શહેરના વર્તમાન બે ધારાસભ્ય વેજલપુરના અમિત ઠાકર અને એલિસબ્રિજના અમિત શાહનો પણ સમાવેશ થાય છે. જ્યારે પાંચમાં નેતા ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના ગૃહપ્રધાન પ્રદિપ સિંહ જાડેજાનો સમાવેશ થાય છે. તો વલસાડના સંસદસભ્ય ધવલ પટેલને પણ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાતના આ છ નેતાઓને અમરાવતી, મુંબઈ, નાસિક વિધાનસભા બેઠકોની જવાબદારી સોંપાઈ છે. ગુજરાત ભાજપના આ છ નેતાઓના, આગામી સપ્તાહથી મહારાષ્ટ્રમાં ધામા રહેશે. ગુજરાત વલસાડ સાંસદ ધવલ પટેલને પણ વિધાનસભાની ચૂંટણીની જવાબદારી સોપવામાં આવી છે.

**તમામ વાંચક મિત્રો તેમજ પત્રકાર મિત્રોને સ્વતંત્રતા પર્વની હાર્દિક શુભેચ્છાઓ**

**અંક બંધ**

તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ ગુરુવારના રોજ સ્વતંત્રતા પર્વ હોવાથી ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક કાર્યાલય સંપૂર્ણ રજા રાખશે. જેથી તા. ૧૬ ઓગસ્ટ શુક્રવાર ૨૦૨૪નો અંક પ્રસિદ્ધ થશે નહી. તા. ૧૭ ઓગસ્ટ ૨૦૨૪ શનિવારના રોજથી રાબેતા મુજબ અંક પ્રસિદ્ધ કરવામાં આવશે. જેની વાંચક મિત્રોએ નોંધ લેવા વિનંતી.

- તંત્રી

**અલ્હાબાદ હાઈકોર્ટની મહત્ત્વપૂર્ણ ટિપ્પણી**

## ધાર્મિક સ્વતંત્રતાનો અર્થ ધર્માંતરણ કરવાની સ્વતંત્રતા નથી : કોર્ટ

I (એજન્સી) અલ્હાબાદ, તા.૧૪ I

અલ્હાબાદ હાઈકોર્ટે ધાર્મિક સ્વતંત્રતા અંગે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું છે કે, ઉત્તર પ્રદેશ પ્રોહિબિશન ઑફ અનલોફુલ રિલિજિયસ કન્વર્ઝન એક્ટ ૨૦૨૧નો હેતુ તમામ વ્યક્તિઓને ધાર્મિક સ્વતંત્રતાની ખાતરી આપવાનો છે. આ કાયદાનો હેતુ ભારતમાં ધર્મ નિરપેક્ષતા(બિનસાંપ્રદાયિકતા)ની ભાવનાને જાળવી રાખવાનો છે. બંધારણ દરેક વ્યક્તિને તેમના ધર્મનું પાલન કરવાનો અને તેનો પ્રચાર કરવાનો મૂળભૂત અધિકાર આપે છે. ધર્મની સ્વતંત્રતાના વ્યક્તિગત અધિકારને ધર્માંતરણના અધિકારમાં બદલી શકાતો નથી. જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે ધર્મ પરિવર્તનના આરોપી અઝીમની જામીન અરજી ફગાવી દેતા આ ટિપ્પણી કરી હતી. અઝીમ વિરુદ્ધ બદાયૂંના કોતવાલી પોલીસ સ્ટેશનમાં છોકરીને બળજબરીથી ઈસ્લામમાં ફેરવવા અને ઉત્તર પ્રદેશના ગેરકાયદેસર ધર્મ પરિવર્તનના કાયદાની વિવિધ કલમો હેઠળ તેનું યૌન શોષણ કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીઓએ જામીન માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. અરજદારના વકીલે કહ્યું હતું કે, અરજદારને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. પીડિતાએ સંબંધિત કેસમાં તેના નિવેદનમાં અરજદાર સાથે તેના લગ્નની પુષ્ટિ કરી છે.

## રેલવેએ દેશની સેમી હાઈ સ્પીડ વંદે ભારતની ૧૦૦ ટ્રેનોના ઓર્ડર રદ કર્યા

I (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ I

વંદે ભારત ટ્રેનની ઘણી સેમી-હાઈ સ્પીડ ટ્રેન દેશના ઘણા ભાગોમાં દોડી રહી છે. પરંતુ દેશના તમામ લાંબા રૂટ પર વંદે ભારત ટ્રેન ચલાવવાની યોજનાને મોટો ફટકો પડ્યો છે. વાસ્તવમાં સરકારે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો બનાવવાનો ૩૦ હજાર કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ રદ કરી દીધો છે. આ યોજના હેઠળ ૧૦૦ વંદે ભારત ટ્રેનો બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. પરંતુ, ટેન્ડર પૂર્ણ થાય તે પહેલા જ ભારતીય રેલ્વેએ આ કોન્ટ્રાક્ટ રદ કરી દીધો છે. આવી સ્થિતિમાં યોજનાને પૂર્ણ કરવાની ગતિને બ્રેક લાગી છે. રેલવેએ આ ટેન્ડર રદ કરતા વંદે ભારત યોજનાને મોટો ફટકો પડ્યો છે. રેલવેએ ૩૦ હજાર કરોડ રૂપિયામાં ૧૦૦ વંદે ભારત ટ્રેન બનાવવાનો કોન્ટ્રાક્ટ લીધો હતો. આ માટે ઘણી કંપનીઓએ દાવા સબમિટ કર્યા હતા અને ફ્રેન્ચ કંપની અલ્સ્ટોમ ઈન્ડિયા સાથે વાતચીત અંતિમ તબક્કામાં પહોંચી હતી. બાદમાં બંને વચ્ચે પૈસાને લઈને કોઈ સમજૂતી થઈ ન હતી અને રેલવેએ હાલમાં આ ટેન્ડર પાછું ખેંચી લીધું છે. વંદે ભારત બનાવવા માટે ટેન્ડરની વાટાઘાટો કરનાર કંપની અલસ્ટોમ ઈન્ડિયાના એમડી ઓલિવર લેવિસને મનીકંટ્રોલને જણાવ્યું હતું કે ટેન્ડરમાં ઓફર કરાયેલા નાણાંમાં સમસ્યા હતી. એલ્યુમિનિયમ બોડીવાળી વંદે ભારત ટ્રેન બનાવવાની વાત ચાલી રહી હતી, પરંતુ ભારતીય રેલવેએ તેનું ટેન્ડર રદ કરી દીધું હતું. અમે ભવિષ્યમાં આ કિંમત ઘટાડવાનું વિચારી શક્યા હોત, પરંતુ રેલવેએ જ ટેન્ડર રદ કરી દીધું હતું. રેલવે અધિકારીઓનું કહેવું છે કે ફ્રેન્ચ પક્ષે ટેન્ડર કિંમત માટે ૧૫૦.૯ કરોડ રૂપિયા પ્રતિ ટનની માંગણી કરી હતી. આ ખૂબ જ ઊંચી કિંમત હતી અને અમે તેને ૧૪૦ કરોડ રૂપિયા સુધી લાવવાની વાત કરી હતી. જોકે, રેલવેના દબાણ હેઠળ અલ્સ્ટોમે રૂ. ૧૪૫ કરોડમાં ડીલ ફાઈનલ કરવાની વાત પણ કરી હતી. કંપનીએ તેને ૩૦ હજાર કરોડ રૂપિયામાં સમાપ્ત કરવાની વાત કરી હતી અને તે જ કિંમતે ૧૦૦ વંદે ભારત રેક્સ બનાવવાનું વચન આપ્યું હતું.

## અમદાવાદના શેલા વિસ્તારમાં મસમોટો ભુવોથી લોકો પરેશાન

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

સ્માર્ટ સિટી અમદાવાદ ખરાં અર્થમાં કેટલું સ્માર્ટ છે તે જોવું હોય તો "શેલા"માં પહોંચવું પડે. શહેરના આ સૌથી વિકસિત એરિયામાં વાહન ચલાવવું એટલે જાણે માથાનો દુઃખાવો અને આ સ્થિતિ કેમ છે. તેની સાબિતી તો અહીંના આ રસ્તા જ આપી રહ્યા છે. સમ ખાવા પૂરતો એક સારો રસ્તો મળવો મુશ્કેલ છે. પરંતુ, અહીં સૌથી કફોડી સ્થિતિ તો છે ઓર્કિડ સ્કાયના અને તેની આસપાસ રહેતા રહિશોની છે. ૩૦ જૂનના રોજ અમદાવાદમાં ધોધમાર વરસાદ પડ્યો. અને આ વરસાદમાં શેલાના રસ્તા કઈ હદે ધોવાયા. તે તો આખા ગુજરાતે જોયું. એ મહાકાય ભૂવો પડ્યો હતો. તે જગ્યાએ તાત્કાલિક ધોરણે સમારકામ શરૂ કરાયું હતું. પરંતુ, એ સમારકામ હજુ ચાલું જ છે. લગભગ ૪૫ દિવસ જેટલો સમય વિતી ચૂક્યો છે. પરંતુ, કામ પૂરું થયુ નથી. દૂર દૂર સુધી કોઈ જ અણસાર નથી વર્તાઈ રહ્યો. છેલ્લાં બે મહિનાથી શેલાથી એસપી રિંગરોડને જોડતો મુખ્ય રસ્તો ભૂવાના કારણે બંધ છે.

## ભાણીને પીંખી નાખનાર ફાર્મા કંપનીના માલિક એવા નરાધમ માસાની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

શહેરમાં રહેતી એક યુવતીએ થોડા દિવસો પહેલા તેના ભાઈના ઘરે આપઘાત કર્યો હતો. યુવતીના ફોનમાંથી તેના માસા સાથે કરેલી વાતચીતનું ચેટિંગ મળી આવ્યું હતું. જેમાં સામે આવ્યું હતું કે મૃતક યુવતીના સગા માસાએ તેને પોતાની ફાર્મા કંપનીમાં નોકરીએ રાખી હતી. જ્યાં તેનું શોષણ કરીને તું મને ખુશ કર, હું તારી લાઈફ બનાવી દઈશ તેમ કહીને સંબંધ બાંધીને બળાત્કાર ગુજાર્યો હતો. યુવતીને ગર્ભ રહી ગયા બાદ તેણે આપઘાત કર્યો હતો. વેજલપુર પોલીસે મૃતક યુવતીના નરાધમ માસા સામે ગુનો નોંધતા તે ફરાર થઈને જામનગર ખાતે રહેતો હતો. બળાત્કાર અને દુષ્પ્રેરણાના ગુનામાં ફરાર આરોપી શહેરમાં આવતા જ વેજલપુર પોલીસે તેની ધરપકડ કરી છે. આરોપીએ અન્ય કેટલી યુવતીઓને શિકાર બનાવી હતી તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. મૂળ ગીર સોમનાથની ૨૨ વર્ષીય યુવતી શહેરના વેજલપુર વિસ્તારમાં સાત વર્ષથી તેના ભાઈના ઘરે રહેતી હતી. આ યુવતી વર્ષ ૨૦૨૦માં ચાંગોદર ખાતેની તેના માસાની ફાર્મા કંપનીમાં નોકરીએ લાગી હતી. યુવતીની સાથે તેની એક બહેનપણી પણ નોકરી કરતી હતી. યુવતીએ નોકરી છોડ્યાના ૧૨ દિવસ બાદ પોતાના ભાઈના ઘરે ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. બહેનના આપઘાત બાદ ભાઈએ તપાસ કરતા તેની બહેનપણી પાસેથી કેટલાક ચેટિંગના વીડિયો પુરાવારૂપે મળ્યા હતા.

### કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને યોજાશે સ્વાતંત્ર્ય પર્વ સમારોહ

## બાવળા એપીએમસી ખાતે જિલ્લા કક્ષાની ઉજવણી પૂર્વે રિયલ ટાઈમ રિહર્સલ યોજાયું



। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

દેશના ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની અમદાવાદ જિલ્લા કક્ષાની ઉજવણી ગુરુવારે સવારે ૯ વાગ્યે બાવળા એપીએમસી ખાતે કરવામાં આવશે. જેના અનુસંધાને આજે એપીએમસી પટાંગણમાં રિયલ ટાઈમ રિહર્સલ યોજાયું હતું. જેમાં અમદાવાદ ગ્રામ્ય પોલીસવડા ઓમપ્રકાશ જાટે પરેડ તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું નિરીક્ષણ કર્યું હતું. આજના રિહર્સલમાં અમદાવાદ જિલ્લા પોલીસના જવાનો દ્વારા જોમસભર વાતાવરણમાં અનુશાસનબદ્ધ પરેડ રજૂ કરવામાં આવી હતી. ત્યાર બાદ બાવળાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓએ સાહસ અને શૌર્યથી ભરપૂર સાંસ્કૃતિક કૃતિઓ તથા સાંપ્રત વિષયો પર આધારિત નૃત્યનાટિકાઓની પ્રસ્તુતિ કરી હતી. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ દ્વારા યોગનું મહત્ત્વ સમજાવી, સૂર્યનમસ્કાર તથા યોગ નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. આ તકે આમંત્રિતો, પત્રકારો તેમજ જાહેર જનતા માટેની વ્યવસ્થાઓની સમીક્ષા કરી, અધિક નિવાસી નાયબ કલેક્ટરશ્રી એચ.યુ. શાહ, બાવળાના પ્રાંત અધિકારીશ્રી હિતેષ જોશી, મામલતદારશ્રી સી.એલ. સુતરિયા, તાલુકા વિકાસ અધિકારીશ્રી રોનક પટેલ તેમજ વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીની પૂર્વતૈયારીઓને અંતિમ ઓપ અપાયો હતો.

### આશરે બે હજારથી વધુ જનમેદની તિરંગા યાત્રામાં ઉમકળાભેર જોડાઈ

## સોનગઢ નગરપાલિકા દ્વારા ૩૦ ફૂટના તિરંગા સાથે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

। (માહિતી) સોનગઢ, તા.૧૪ ।

સ્વાતંત્ર્ય પર્વની આન, બાન, શાનથી ઉજવણીની તૈયારીઓ વચ્ચે સમગ્ર તાપી જિલ્લાના વિવિધ સ્થળોએ ભવ્યાતિભવ્ય તિરંગા યાત્રામાં અનેરો થનગનાટ અને અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે તાપી જિલ્લાના સોનગઢ નગરપાલિકા ધ્વારા આયોજિત તિરંગાયાત્રા સોનગઢ નગરમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ યાત્રા ૩૦ ફૂટ તિરંગા સાથે નગરપાલિકાકચરીથી નીકડી હાથી ફળિયા થઈ દક્ષીણ ફળિયા થી સયાજી સર્કલ થઈ શ્રી છત્રપતી શિવાજી મહારાજ ચોક થી મરીમાતા રોડ થઈ વાણીયા ફળિયાથી ફરી નગરપાલિકા કચેરી ખાતે પહોંચી હતી. સોનગઢ નગરપાલિકા ધ્વારા આયોજિત આ તિરંગા યાત્રામાં પ્રમુખશ્રી મયંકભાઈ જોષી, મામલતદારશ્રી નલીનીબેન ચાંપાનેરીયા, સોનગઢ નગર પાલિકા ચીફ ઓફીસરશ્રી ધર્મેશભાઈ જે. ગોહેલ, સંગઠન પ્રમુખશ્રી હેતલભાઈ મહેતા, નગરપાલિના માજી. ઉપપ્રમુખ શ્રીમતી ભાવનાબેન ગામીત તેમજ નગર પાલિકાના તમામ માજી. સભ્યશ્રીઓ, સોનગઢ નગરના



ભા.જ.પા સંગઠન મહામંત્રીશ્રી રાજુભાઈ ભાવસાર તેમજ સંગઠનના હોદેદારો, ગામના વડીલો તથા સોનગઢ નગરપાલિકામાં આવેલ વિવિધ સરકારી કચેરીઓના કર્મચારીશ્રીઓ તેમજ સોનગઢ નગરપાલિકાના કર્મચારીશ્રીઓ તથા સોનગઢના નગરજનો તેમજ તમામ શાળાના વિદ્યાર્થીઓ મળી આશરે ૨૩૦૦ની મોટી સંખ્યામાં નાગરીકો ભવ્ય તિંરંગા યાત્રામાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં "એક પેડ માં કે નામ"અભિયાન અંતર્ગત અંદાજીત ૬૦૦ થી વધુ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### તમામ મેડિકલ કોલેજોને સંવેદનશીલ જગ્યાએ સીસીટીવી લગાવવા સૂચના

## મેડિકલ કોલેજ, હોસ્ટેલ અને ક્વાર્ટસમાં સલામતી માટે નીતિ તૈયાર કરો : NMC

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

દેશની તમામ મેડિકલ કોલેજોને હોસ્પિટલ અને કોલેજમાં ફરજ બજાવતાં કર્મચારીઓની સલામતી માટે ખાસ પોલીસી તૈયાર કરવા નેશનલ મેડિકલ કમીશન દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. દરેક સંવેદનશીલ એરિયામાં ફરજિયાત સીસી ટીવી કેમેરા લગાવીને મોનિટરિંગ કરવા ઉપરાંત કોઈપણ પ્રકારની ઘટના બને તેના ૪૮ કલાકમાં કમીશનને જાણ કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે. બેંગ્લોર-કલકત્તામાં તાજેતરમાં રેસીડેન્ટ ડોક્ટર રેપ અને મર્ડરની ઘટના બહાર આવતાં હાલમાં તમામ મેડિકલ કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ,પ્રોફેસર સહિત તમામમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં દરેક મેડિકલ કોલેજમાં આ ઘટનાની વિરોધમાં દેખાવો કરીને નારાજગી પણ વ્યક્ત કરવામાં આવી હતી. આ સ્થિતિ વચ્ચે હવે નેશનલ મેડિકલ કમીશન પણ હરકતમાં



આવી ગયું છે. કમીશન દ્વારા દરેક રાજયના મેડિકલ એજ્યુકેશન ડીપાર્ટમેન્ટ, સેક્રેટરીને પરિપત્ર મોકલીને એવી સૂચના આપવામાં આવી છે કે, મેડિકલ કોલેજમાં ફરજ બજાવતાં ફેકલ્ટી, મેડિકલ સ્ટુડન્ટસ અને રેસીડેન્ટ ડોક્ટર સહિત તમામ માટે એક સલામત વર્ક પોલીસી તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. આ પોલીસીમાં ઓપીડી, વોર્ડ, કેસ્યુલીટી, હોસ્ટેલ અને કેમ્પસના તમામ ખુલ્લા વિસ્તારો અને કવાર્ટસનો પણ સમાવેશ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવે અને ખાસ કરીને સાંજના સમયે કેમ્પસ અને હોસ્ટેલ કે હોસ્પિટલ વચ્ચે ડોકટરો અને વિદ્યાર્થીઓ સરળતાંથી આવન-જાવન કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે જરૂરી છે. એટલું જ નહી એકથી બીજા સંવેદનશીલ વિસ્તારોમા સીસી ટીવી સાથે મોનિટરિંગ કરવામાં આવે તે પણ જરૂરી છે. આ ઉપરાંત ઓપીડી, વોર્ડ, કેસ્યુલીટી, લેબર રૂમ, હોસ્ટેલ અને રેસીડેન્ટ કવાટર્સ ઉપરાંત મેડિકલ કોલેજ અને હોસ્પિટલ કેમ્પસમાં વધારાની મેલ અને ફીમેલ સિક્યુરિટીની વ્યવસ્થા કરવાની પણ તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત મેડિકલના વિદ્યાર્થી સાથે કોપિણ પ્રકારની હિંસાત્મક પ્રવૃત્તિ થાય તો કોલેજ મેનેજમેન્ટ દ્વારા તાકીદે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે અને આ પ્રકારની પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહી પગલા લઈને ૪૮ દિવસમાં મેડિકલ કમીશનને રીપોર્ટ કરવાની પણ સૂચના આપવામાં આવી છે.

## ૧૫ થી ૧૮ ઓગસ્ટ સુધી એસ પી રીંગ રોડ પર વટવા સ્થિત રોડ ઓવર બ્રિજ (આરઓબી) નં. 713 A ની એક લાઇન રોડ ટ્રાફિક માટે બંધ રહેશે

। અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદ મંડળ પર એસ.પી. રીંગ રોડ વટવા સ્થિત રોડ ઓવર બ્રીજ (આરઓબી) નં. **713A** (રોપડા બ્રિજ) કિ.મી. ૪૮૫/૫-૬ ની એક લાઈન (ઉત્તરી બાજુ) વટવાથી હાથીજણ સર્કલ સુધી ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ થી ૧૮ ઓગસ્ટ ૨૦૨૪ સુધી ચાર દિવસ માટે સ્ટ્રેથનીંગ અને લોડ પ્રશિક્ષણ કાર્ય માટે બંધ રહેશે.

રોડ યુઝર્સ આ સમયગાળા દરમિયાન, રોપડા બ્રિજની ઉત્તર બાજુ નો ટ્રાફિક રોપડા બ્રિજ થઈને એક તરફનો રોડ ચાલુ છે.જેનો ઉપયોગ કરીને દક્ષિણ દિશામાં હાથીજણ તરફ જઈ શકશે. રોપડા બ્રિજની દક્ષિણ બાજુનો ટ્રાફિક રોપડા બ્રિજ પરથી એક તરફનો રોડ ચાલુ છે જેનો ઉપયોગ કરીને ઉત્તર બાજુએ અસલાલી તરફ જઈ શકે છે.

## વંદે માતરમ, ભારત માતા કી જયના જયઘોષ સાથે ભરૂચ શહેર દેશભક્તિના રંગમાં રંગાયું



। (માહિતી) નડિયાદ, તા.૧૪ ।

જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વ અંતર્ગત 'હર ઘર તિરંગા' અભિયાનનો અનેરો ઉત્સાહ છે.જિલ્લામાં તાલુકા અને નગરપ ાલિકા કક્ષાની ઉજવણી અંતર્ગત ઠેર-ઠેર તિરંગા યાત્રાઓ યોજવામાં આવી રહી છે. સ્વાતંત્ર્ય પર્વની આન, બાન, શાનથી ઉજવણીની તૈયારીઓ વચ્ચે ભરૂચમાં ધારાસભ્યશ્રી રમેશભાઈ મિસ્ત્રીની અધ્યક્ષતામાં નીકળેલી ભવ્યાતિભવ્ય તિરંગા યાત્રામાં અનેરો થનગનાટ અને અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. આ 'તિરંગા યાત્રા' માં તાલુકા પ્રમુખ સહિત તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યો અને ભરૂચના પ્રાંત અધિકારી અને મામલતદારશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રી સહભાગી બન્યા હતા. તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવતા પહેલા તિરંગાને શાનથી લહેરાવતા ભરૂચવાસીઓમાં અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નડિયાદના સુપ્રસિદ્ધ સંતરામ મંદિરના દર્શન કર્યા



। (માહિતી) નડિયાદ, તા.૧૪ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે માનવ સેવા એજ પ્રભુ સેવા ની ભાવનાને વરેલા નડિયાદના સુપ્રસિદ્ધ સંતરામ મંદિરની મુલાકાત લઈ સંતરામ મહારાજની સમાધિ સ્થાનક ના દર્શન કર્યા હતા અને અખંડ જ્યોત સમક્ષ મંગલ કામના કરી હતી. મંદિરના સંત શ્રી નિર્ગુણ દાસ મહારાજે મુખ્યમંત્રી શ્રીને આવકારી સમાધિ સ્થાન સુધી દોરી ગયા હતા અને સંતરામ મહારાજ અને મંદિરની સેવાકીય પ્રવૃત્તિ અંગે જાણકારી પ્રદાન કરી હતી. આ પ્રસંગે સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ, ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈ અને શ્રી કલ્પેશભાઈ પરમાર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રયાગરાજ રામબાગ સ્ટેશન પર ચાર ટ્રેનોનું ૨૩ ઓગસ્ટ સુધી સ્ટોપેજ રદ કરવામાં આવ્યું છે

। અમદાવાદ, તા.૧૪ ।

ઉત્તર પૂર્વ રેલવેના વારાણસી ડિવિઝનના પ્રયાગરાજ રામબાગ સ્ટેશન પર લાઈન નંબર ૪ અને ૬ પર એન્જિનિયરિંગના કામ માટે પ્રસ્તાવિત બ્લોકને કારણે, અમદાવાદ-દરભંગા અંત્યોદય એક્સપ્રેસ અને અમદાવાદ-પટના એક્સપ્રેસ (સાપ્તાહિક) ટ્રેનોને સ્ટોપેજ પ્રયાગરાજ રામબાગ સ્ટેશન ખાતે તાત્કાલિક અસરથી ૨૩ ઓગસ્ટ ૨૦૨૪ સુધી રદ કરવામાં આવ્યું છે.

**સ્ટોપેજ રદ કરાયેલી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:**

- ટ્રેન નંબર ૧૫૫૫૯ દરભંગા-અમદાવાદ અંત્યોદય એક્સપ્રેસ
- ટ્રેન નંબર ૧૫૫૬૦ અમદાવાદ-દરભંગા અંત્યોદય એક્સપ્રેસ
- ટ્રેન નંબર ૧૯૪૨૧ અમદાવાદ-પટના સાપ્તાહિક એક્સપ્રેસ
- ટ્રેન નંબર ૧૯૪૨૨ પટના-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસ

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** ની મુલાકાત લઈ શકે છે.

# "સ્વતંત્રતાની શતાબ્દીને ચિહ્નિત કરીને, ૨૦૪૭ સુધીમાં એક વિકસિત રાષ્ટ્ર બનવા તરફ ભારતની યાત્રા પર ભાર મૂકે છે" થીમ પર આજે ૭૮મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવવામાં આવશે




**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)


દર વર્ષે સ્વતંત્રતા દિવસની અલગ અલગ થીમ હોય છે. આ વર્ષે એટલે કે આજે પંદરમી ઓગષ્ટ ૨૦૨૪ના ૭૮મા સ્વતંત્રતા દિવસ ની થીમ સરકારના વિઝનને અનુરૂપ, આ વર્ષની થીમ સ્વતંત્રતાની શતાબ્દીને ચિહ્નિત કરીને, ૨૦૪૭ સુધીમાં એક વિકસિત રાષ્ટ્ર બનવા તરફ ભારતની યાત્રા પર ભાર મૂકે છે. આ વર્ષે સ્વતંત્રતા દિવસ આ થીમ પર ઉજવવામાં આવશે. આજે ૭૮મા સ્વાતંત્ર્ય દિને વડાપ્રધાન નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પર અગિયારમી વાર તિરંગો ફરકાવશે. તિરંગો ફરકાવ્યા બાદ પીએમ મોદી રાષ્ટ્રને સંબોધિત કરશે.

ભારત દેશના સ્વતંત્રતા દિવસ તરીકે ૧૫મી ઓગસ્ટના દિવસને ઉજવવામાં આવે છે. ૧૯૦ વર્ષના લાંબા સંઘર્ષ બાદ ઈ.સ. ૧૯૪૭નાં ૧૫મી ઓગસ્ટના દિવસે અંગ્રેજો ની ગુલામીમાંથી ભારત દેશ આઝાદ થયો હતો, આથી આઝાદીની લડતમાં સફળતા મળી અને સ્વતંત્રતા હાંસલ કરી તેની ખુશી માં દર વર્ષે સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવે છે. આ



દિવસને ભારતભરમાં રાષ્ટ્રીય તહેવાર તરીકે જાહેર કરવામાં આવેલો છે. દેશનાં તમામ કાર્યાલયોમાં આ દિવસે જાહેર રજા આપવામાં આવે છે. આખા દેશમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ રાજ્ય સરકારો, જિલ્લા તાલુકા અને ગ્રામ પંચાયતો દ્વારા ધ્વજવંદનના કાર્યક્રમોનુંઆયોજન કરવામાં આવે છે. મુખ્ય સમારંભ નવી દિલ્હીમાં ઉજવવામાં આવે છે જેમાં ભારતના વડાપ્રધાન લાલ કિલ્લા પરથી તિરંગો ફરકાવે છે અને પ્રજાજોગ સંદેશ આપે છે, જેનું ટેલિવિઝન પર જીવંત પ્રસારણ કરવામાં આવે છે. આ સંદેશામાં તેઓ સરકારની પાછલા વર્ષની સિદ્ધિઓ વર્ણવે છે, મહત્ત્વ નાં મુદ્દાઓ જણાવે છે અને વધુ પ્રગતિ તથા વિકાસ માટે દેશને પડકાર કરે છે.વડા પ્રધાન આઝાદી ની ચળવળનાં નેતાઓને શહિદોને શ્રદ્ધાંજલિ આપે છે અને સ્વાતંત્ર્ય સેનાનિઓને યાદ કરે છે. ભારતની સાંસ્કૃતિક વિવિધતાનું પ્રદર્શન, વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે દેશે કરેલી પ્રગતિ વિગેરેની ઝાંખી, ભારતની શસ્ત્ર તાકાતનું નિદર્શન અને દેશના સુરક્ષા દળોની પરેડ આ ઉજવણીનું અભિન્ન અંગ છે.

સ્વતંત્રતા દિવસ, ભારતમાં ત્રણ રાષ્ટ્રીય રજાઓમાંથી એક પંદરમી ઓગષ્ટ અન્ય બે રજા ૨૬ જાન્યુ આરીએ પ્રજાસત્તાક દિવસ અને બીજી ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધીનો જન્મદિવસ ગાંધી જયંતી બધા ભારતીય રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં મનાવવામાંઆવે છે. સ્વતંત્રતા દિવસની પૂર્વસંધ્યા એ ભારતના રાષ્ટ્રપતિએ "રાષ્ટ્રનું સરનામું" આપે છે.તેમજ ૧૫મી ઓગસ્ટના રોજ વડાપ્રધાન દિલ્હી નો લાલ કિલ્લો જે ઐતિહાસિક સ્થળની બાજુમાં ભારતીય ધ્વજ તિરંગો ફરકાવે છે. તેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળ ના નેતાઓને શ્રદ્ધાંજલિ આપે છે. ભારતીય રાષ્ટ્રગીત, "જન ગણ મન" ગવાય છે. ભાષણ પછી ભારતીય સશસ્ત્ર દળ અને અર્ધ સૈન્ય દળો ના વિભાગોના માર્ચ પાસ્ટ આવે છે. પરેડ અને તસ્વીરો સ્વતંત્રતા સંગ્રામ અને ભારતની વિવિધ સાંસ્કૃતિક પરંપરાના દ્રશ્યો દર્શાવે છે.આવી જ ઘટનાઓ રાજ્યની રાજધાની ઓમાં થાય છે જ્યાં વ્યક્તિગત રાજ્યોના મુખ્યમંત્રી ઓ રાષ્ટ્રધ્વજ લહેરાવે છે,ત્યાર બાદ પરેડ અને અનુક્રમણિકા અનુસાર થાય છે. ૧૯૭૩ સુધી, રાજ્યના રાજ્યપાલે રાજ્યની રાજધાની પર રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. ફેબ્રુઆરી ૧૯૭૪ માં, તમિળનાડુના મુખ્યમંત્રી એમ. કરુણાનિધિએ તત્કાલિન વડા પ્રધાન ઈન્દિરા ગાંધી પાસે આ મુદ્દો ઉઠાવ્યો કે મુખ્ય પ્રધાનોને સ્વતંત્રતા દિવસ પર રાષ્ટ્રધ્વજ ફરકાવવાની છૂટ આપવામાં આવે, જે રીતે સ્વતંત્રતા દિવસ પર વડા પ્રધાન રાષ્ટ્રધ્વજ ફરકાવે છે.બાદ માં સંબંધિત રાજ્યોના મુખ્યમંત્રી ઓને ૧૯૭૪થી સ્વતંત્રતા દિવસ ની ઉજવણી પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવાની છૂટ છે.દેશભરની સરકારી અને બિન- સરકારી સંસ્થાઓમાં ધ્વજવંદન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. શાળાઓ અને કોલેજો માં ધ્વજ વંદન સમારોહ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવે છે. મુખ્ય સરકારી ઈમારતો મોટેભાગે લાઈટના તારથી શણગારવામાં આવે છે. દેશ પ્રત્યે ની નિષ્ઠાના પ્રતીક માટે વિવિધ કદ ના રાષ્ટ્રધ્વજનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ થાય છે.

૧૫મી ઓગસ્ટે આપણે સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને યાદ કરી એ છીએ.અમે અમારા બહાદુર શહીદોને નમન કરીએ છીએ. તેમના સન્માનમાં આખો દેશ એક રંગમાં રંગાઈ જાય છે. આઝાદીનો મહાન તહેવાર દેશના ખૂણે ખૂણે ઉજવવામાં આવે છે. દરેક ગલી ઓમાં ત્રિરંગો લહેરાવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૧૫મી ઓગસ્ટ ગુરૂવારે ૭૮મા સ્વતંત્રતા દિન પ્રસંગે દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવશે. ત્યાર પછી તેઓ રાષ્ટ્રજોગ સંબોધન કરશે.

સૌ દેશવાસીઓને ઈઠોતેરમા સ્વાતંત્ર્ય દિનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.. વંદે માતરમ્.. ભારત માતા કી જય.. શહીદો અમર રહો.. અસ્તુ..



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અમૃત ઉદ્યાન સમર એન્યુઅલ એડિશનના ઉદઘાટનની પ્રશંસા કરી.

## તિરૂપતિ બાલાજી મંદિરમાં ભક્તે ૨૧ કરોડનું દાન કર્યું!



। (એજન્સી) તિરૂપતી, તા.૧૪ ।

તિરૂપતિ બાલાજી મંદિરમાં દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે. અહીં ભક્તો મોટી સંખ્યામાં દાન કરતાં હોય છે. અત્યારે શ્રાવણના પવિત્ર મહિનામાં ભક્તોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જઈ રહી છે. ખાસ કરીને સપ્તાહના અંતે રવિવારે આ મંદિરમાં ખૂબ જ ભીડ જોવા મળે છે. તિરૂપતિ જતા ભક્તો માટે ઉંડયાલમાં પ્રસાદ ચડાવવાની પ્રથા છે. જેમાં અમુક ભક્ત સાત પર્વતીય હાથીની પ્રાર્થના કરે છે અને અમુક લોકો દાન આપે છે. આ પ્રથાની અનુસાર, પંજાબ એક બિઝનેસમેને તિરૂપતિ બાલાજી મંદિરના પ્રાણદાન ટ્રસ્ટને ૨૧ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. પંજાબના એક ઉદ્યોગપતિએ તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD)ના એસવી પ્રાણદાન ટ્રસ્ટને ૨૧ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. આ ટ્રસ્ટ ગરીબોને મફત તબીબી સારવાર પૂરી પાડે છે.

## આરોપીએ તેની માતા અને બહેનને પણ છોડ્યા ન હતા



। (એજન્સી) કોલકાતા, તા.૧૪ ।

કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ટ્રેની ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના આરોપી સંજય રોય વિશે પોલીસે ઘણા ચોંકાવનારા ખુલાસા કર્યા છે. પોલીસે તેના એવા કાળા કૃત્યો જાહેર કર્યા છે કે બધા ચોંકી ગયા છે. રોયે ચાર વખત લગ્ન કર્યા હતા અને તેના અત્યાચારોથી કંટાળીને તેની ત્રણ પત્નીઓએ તેને છોડી દીધી હતી. તેની પત્નીઓ તો ઠીક પણ તેણે તેની માતા અને બહેનને પણ છોડ્યા ન હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, સંજય રોયની સાસુએ કાલીઘાટ પોલીસ સ્ટેશનમાં તેની સામે તેની પત્ની પર હુમલો કરવાનો આરોપ લગાવીને ફરિયાદ નોંધાવી હતી. તેમજ, રોયે તેની માતા અને બહેન સાથે હિંસક ઘટનાઓની પણ કબૂલાત કરી છે. તેણે જણાવ્યું કે, જ્યારે પોલીસે સિવિક વોલેન્ટિયર સંજય રોયની ધરપકડ કરી ત્યારે પણ તે ખૂબ જ અકળાઈ રહ્યો હતો.

## ભારતીય ક્રિકેટ ટીમને મળ્યા નવા બોલિંગ કોચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ તરીકે ગૌતમ ગંભીરની નિમણૂક થયા બાદ બોલિંગ કોચ અને મેન્ટર તરીકે ગંભીરના પસંદગીના માણસો ટીમ સાથે જોડાય તેવી શક્યતા વર્તાઈ રહી હતી. આ માટે કેટલાક ક્રિકેટર્સના નામ પણ ચર્ચાઈ રહ્યા હતા. હવે બોલિંગ કોચના નામનો ખુલાસો થઈ ગયો છે. દક્ષિણ આફ્રિકન ફાસ્ટ બોલર મોર્ને મોર્કલ ભારતીય ટીમ સાથે ૧ સપ્ટેમ્બરથી બોલિંગ કોચ તરીકે જોડાય તેવી શક્યતા છે. આ સિવાય ગંભીરની કોચિંગ ટીમમાં અભિષેક નાયર અને રયાન ડોસ્કાટી જેવા લોકો પણ છે. ભારતીય ક્રિકેટ ટીમને આગામી સમયમાં ચેમ્પિયન્સ ટ્રોફી અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ જેવી મેજર ઁઝઝ ટુર્નામેન્ટ જીતવા માટે આ એક્સપર્ટસની ટીમના સલાહ સૂચનો મળશે. હેડ કોચ તરીકે ગૌતમ ગંભીરની નિમણૂક બાદ તેના સપોર્ટ સ્ટાફમાં કોણ હશે તેની પણ ચર્ચા થઈ રહી હતી. ગંભીરે કોચ પદ સંભાળતા પહેલા બોલિંગ કોચ અને મેન્ટરની પસંદગી માટે નામ સૂચવ્યા હોવાનું પણ બહાર આવ્યું હતું.

# BCCI સાથે સેટલમેંટના આદેશ પર સુપ્રીમનો સ્ટે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

આર્થિક સંકટનો સામનો કરી રહેલી એજ્યુટેક કંપની Byju'sને આજે બુધવારે સુપ્રીમ કોર્ટમાંથી મોટો આંચકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે BCCI સાથે Byju'sના રૂ. ૧૫૮.૯ કરોડના લેણાંની પતાવટને મંજૂરી આપતા ઈન્સોલ્વન્સી એપેલેટ ટ્રિબ્યુનલના આદેશ પર રોક લગાવી દીધી છે. ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડ, જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચે Byju's સામે નાદારીની કાર્યવાહીને રદ કરતા નેશનલ કંપની લૉ એપેલેટ ટ્રિબ્યુનલ (NCLAT)ના આદેશ પર સ્ટે આપ્યો છે. આ સાથે NCLATના નિર્ણય વિરુદ્ધ અમેરિકન ધિરાણકર્તા ગ્લાસ ટ્રસ્ટ કંપનીની અરજી પર કોર્ટે Byju'sને નોટિસ જારી કરી છે. આ ઉપરાંત કોર્ટે BCCIને Byju's પાસેથી કરાર હેઠળ મળેલા ૧૫૮.૯




કરોડ રૂપિયા અલગ ખાતામાં રાખવાનો નિર્દેશ પણ આપ્યો છે.૨ ઓગસ્ટના રોજ, NCLATએ BCCI સાથે Byju'sના રૂ. ૧૫૮.૯ કરોડના બાકી સેટલમેન્ટને મંજૂરી આપી હતી. ઓથોરિટીએ Byju's સામેની નાદારીની કાર્યવાહીને પણ રદ કરી દીધી હતી, જેના કારણે Byju's રવિન્દ્રન ફરી એકવાર કંપની પર નિયંત્રણ સ્થાપિત કરે તેવી શક્યતાઓ ઊભી થઈ હતી. તાજેતરમાં Byju's રવીન્દ્રને ઈન્સોલ્વન્સી એપેલેટ ટ્રિબ્યુનલ 'NCLAT' દ્વારા પસાર કરાયેલા આદેશના વિરોધમાં ગ્લાસ ટ્રસ્ટ કંપની LLC સામે સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ દાખલ કરી છે. આ કેવિયેટ ૩ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. જેમાં એવી વિનંતી કરવામાં આવી છે કે, અમેરિકન ધિરાણકર્તાઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર કોર્ટ કોઈ આદેશ પસાર કરે તે પહેલાં, તેમની(Byju's) બાજુ પણ સાંભળવામાં આવે. 'કેવિએટ' અરજી એક અરજદાર દ્વારા દાખલ કરવામાં આવે છે તેની ખાતરી કરવા માટે કે તેમનો પક્ષ સાંભળ્યા વિના તેમની વિરુદ્ધ કોઈ આદેશ પસાર ન થાય. અગાઉ, Byju'sએ કહ્યું હતું કે, US કોર્ટે BCCI સાથેના કરાર પર કામચલાઉ સ્ટે મૂકવાની GLAS ટ્રસ્ટ કંપનીની અરજીને ફગાવી દીધી છે. GLASએ NCLAT સમક્ષ BCCI સાથેના કરારનો પણ વિરોધ કર્યો હતો અને આરોપ મૂક્યો હતો.

## દુલીપ ટ્રોફી માટે તમામ ટીમોની જાહેરાત કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

દુલીપ ટ્રોફી ૨૦૨૪-૨૫ના પ્રથમ રાઉન્ડ માટે તમામ ૪ ટીમોની જાહેરાત કરવામાં આવી છે. શુભમન ગિલ, કેએલ રાહુલ, શિવમ દુબે, કુલદીપ યાદવ, યશસ્વી જયસ્વાલ, ઋષભ પંત, મોહમ્મદ સિરાજ, સૂર્યકુમાર યાદવ, શ્રેયસ અય્યર, અક્ષર પટેલ સહિતના દિગ્ગજ ખેલાડીઓ દુલીપ ટ્રોફીમાં ભાગ લેશે. જો કે જસપ્રીત બુમરાહ, વિરાટ કોહલી અને રોહિત શર્માના નામ કોઈપણ ટીમની ટીમમાં સામેલ નથી. આનો અર્થ એ થયો કે બાંગ્લાદેશ સામેની ટેસ્ટ શ્રેણી શરૂ થાય ત્યાં સુધી ત્રણેય સિનિયર ખેલાડીઓ બ્રેક પર રહેશે.

## ડોડા એન્કાઉન્ટરમાં કેપ્ટન શહીદ, ૪ આતંકવાદી માર્યા ગયાની આશંકા



। (એજન્સી) જમ્મુ, તા.૧૪ ।

રક્ષા મંત્રી રાજનાથ સિંહે બુધવારે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં વધી રહેલી આતંકવાદ સંબંધિત ઘટનાઓ પર એક મહત્વપૂર્ણ બેઠક બોલાવી હતી. આ દરમિયાન જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ભારે અથડામણ ચાલી રહી છે. આ ઓપરેશન દરમિયાન ભારતીય સેનાની ૪૮ રાષ્ટ્રીય રાઈફલ્સના એક કેપ્ટન શહીદ થયા છે. આ જાણકારી સેના દ્વારા આપવામાં આવી છે. સાથે જ અધિકારીઓનું કહેવું છે કે, સુરક્ષા દળોએ ચાર આતંકવાદીને ઠાર માર્યાની વાત છે, પરંતુ તે સંપૂર્ણ તપાસ બાદ સત્તાવાર જાહેર થશે. સુરક્ષા દળોએ જમ્મુ કાશ્મીરના ડોડા વિસ્તારના શિવગઢ-અસાર બેલ્ટમાં છુપાયેલા આતંકવાદીઓના એક જૂથને ઘેરી લીધું છે. આ સાથે જ વિસ્તારમાં સર્ચ ઓપરેશન પણ ચલાવવામાં આવી રહ્યું છે. ગાઢ જંગલના કારણે જવાનોને આગળ વધવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મળતી માહિતી મુજબ, એક્કાઉન્ટર દરમિયાન એક નાગરિક પણ ઘાયલ થયો હતો, જેની સારવાર ચાલી રહી છે. જ્યારે, સૈનિકોએ આતંકવાદીઓની એક એમ-૪ રાઈફલ અને ૩ બેગ મળી આવી છે. આ એક્કાઉન્ટર ગઈ કાલે પટનીટોપને અડીને આવેલા જંગલ વિસ્તારમાં શરૂ થયું હતું. ભારતીય સેનાએ આ ઓપરેશનને ઓપરેશન અસાર નામ આપ્યું છે. એક અધિકારીએ જણાવ્યું કે, આતંકવાદીઓ જંગલમાં એક નદી પાસે છુપાયેલા છે. સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે સમયાંતરે ગોળીબાર થઈ રહ્યો છે. સૈનિકોએ રાત્રિ દરમિયાન પણ તેમની સ્થિતિ જાળવી રાખી હતી. દિવસનો પ્રકાશ પડતાં જ ફરી, આતંકવાદીઓની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. આજે સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ ફરીથી સામસામે ગોળીબાર શરૂ થયો હતો.

### પ્રિન્સિપાલ, શિક્ષક બંધ રૂમમાં જવાબો લખાવતા હતા

# ઉત્તરપ્રદેશમાં પરીક્ષામાં ચોરી કરાવતી એક મોટી ગેંગ ઝડપાઈ

### એસઓજી-પોલીસની ટીમે દરોડા પાડીને પૈસા લઈને સામૂહિક રૂપે પરીક્ષામાં ચોરી કરાવતી ગેંગને ઝડપી

। (એજન્સી) લખનૌ, તા.૧૪ ।

ઉત્તરપ્રદેશમાં પરીક્ષામાં ચોરી કરાવતી એક મોટી ગેંગને પોલીસે ઝડપી લીધી છે. આઝમગઢ જિલ્લામાં ડિપ્લોમા ઈન એલિમેન્ટ્રી એજ્યુકેશન ની પરીક્ષા ચાલી રહી હતી ત્યારે જ એસઓજી અને પોલીસની ટીમે દરોડા પાડીને પૈસા લઈને સામૂહિક રૂપે પરીક્ષામાં ચોરી કરાવતી ગેંગને ઝડપી લીધી હતી. રાની સરાય પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં રાજેન્દ્ર સ્મારક ઈન્ટર કોલેજ સેઠવલના પ્રિન્સિપાલ, શિક્ષક અને અલગ અલગ સ્થળોના આવેલા સ્કૂલ મેનેજર સહિત ૧૨ લોકોની ધરપકડ કરી લેવામાં આવી હતી. દરોડા દરમિયાન ૧૮ લાખ ૧૮ હજાર રૂપિયા પણ કબજે કરી લેવાયા હતા. માહિતી અનુસાર ચાર-પાંચ દિવસ પહેલા પોલીસને પરીક્ષામાં નકલ કરાવવાની પોલ ખોલતો એક ગુમનામ પત્ર મળ્યો હતો. તે પત્રના આધારે જ કાર્યવાહીની સંપૂર્ણ રણનીતિ ઘડવામાં આવી હતી. આ મામલે એસપી



હેમરાજ મીણાને જવાબદારી સોંપાઈ હતી અને તેમણે એસપી સિટીને સંપૂર્ણ ઘટનાની તપાસ કરી નકલ માફિયાઓને ઝડપી પાડવાની જવાબદારી આપી હતી. યુપીઆઈ દ્વારા પૈસાની લેવડ-દેવડના પુરાવા મળ્યા બાદ દરોડાની કાર્યવાહી કરાઈ હતી અને ૧૨ લોકોની ધરપકડ કરી લેવામાં આવી હતી. આઝમગઢના એસપી હેમરાજ મીણાએ જણાવ્યું કે અમને માહિતી મળી હતી કે રાજેન્દ્ર સ્મારક ઈન્ટર કોલેજમાં ડીએલએડના ત્રીજા સેમેસ્ટરની પરીક્ષાઓ યોજાઈ રહી છે. આ પરીક્ષામાં વિજ્ઞાન સહિત ત્રણ વિષયોની પરીક્ષા હતી. આ પરીક્ષામાં સામૂહિક રીતે છેતરપિંડી કરવામાં આવી રહી હોવાની માહિતી મળી હતી.

## બાંગ્લાદેશમાં શેખ હસીના સામે હત્યાનો કેસ દાખલ કરાયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના, તેમના બે વરિષ્ઠ પ્રધાનો અને બરતરફ કરાયેલા પોલીસ વડા સહિત છ અન્ય લોકોએ હત્યાના આરોપોનો સામનો કરવો પડશે. ૫ ઓગસ્ટે રાજીનામું આપીને ભારત ભાગી આવ્યા પછીથી હસીના વિરુદ્ધ દાખલ થયેલો આ પ્રથમ કેસ છે. ગયા મહિને થયેલી હિંસક અથડામણો દરમિયાન કરિયાણાની દુકાનના માલિકના મૃત્યુના મામલે હસીના અને બીજા છ વ્યક્તિઓ સામે આ કેસ દાખલ થયો છે. કોર્ટ અધિકારીએ જણાવ્યું હતું કે મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ રાજેશ ચૌધરીએ પોલીસને એફઆઈઆર દાખલ કરવાનો આદેશ આપ્યો છે. આ કેસમાં આરોપી તરીકે અવામી લીગના જનરલ સેક્રેટરી અને ભૂતપૂર્વ રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર ઓબેદુલ કાદર, ગૃહ પ્રધાન અસદુઝમાન ખાન, બરતરફ પોલીસ મહાનિરીક્ષક (આઈજીપી) અબ્દુલ્લા અલ મામુન, ઢાકાના પોલીસ કમિશનર હબીબુર રહેમાન, એડિશનલ આઈજીપી હારુન અને એડિશનલ જોઈન્ટ કમિશનર બિપ્લબ કુમારના નામો છે. આ બે પ્રધાનો ગુપ્ત રીતે દેશ છોડીને ભાગી ગયા હોવાનું માનવામાં આવે છે. પોલીસ અધિકારીઓનો પણ કોઈ પતો નથી. આવા ગંભીર આરોપથી શેખ હસીના માટે બાંગ્લાદેશમાં પરત ફરવાનું મુશ્કેલ બની શકે છે.

### કટ્ટરવાદીઓએ બાંગ્લાદેશમાં મહિલા વકીલના વાળ કાપ્યા...

# તમે હિજાબ કેમ નથી પહેરતા, નરેન્દ્ર મોદીએ તમને આમંત્રણ નહોતું આપ્યું?

### બાંગ્લાદેશમાંથી શેખ હસીના નાસી છૂટ્યા બાદ ઢાકામાં બગડેલી પરિસ્થિતિનો લાભ લઈને કટ્ટરપંથીઓ તૂરીનના ઘરમાં ઘૂસયા હતા

। (એજન્સી) ઢાકા, તા.૧૪ ।

અલ-બદર, જમાત-એ-ઈસ્લામી અને અન્ય કટ્ટરપંથી સંગઠનો સાથે સંકળાયેલા યુદ્ધ અપરાધોના આરોપીઓને મૃત્યુદંડની સજા આપનાર ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલ-બાંગ્લાદેશના મુખ્ય વકીલ બેરિસ્ટર તુરીન અફરોઝને પણ ઓગસ્ટની હિંસામાં નિશાન બનાવવામાં આવ્યા હતા. ૫. બાંગ્લાદેશમાંથી શેખ હસીના નાસી છૂટ્યા બાદ ઢાકામાં બગડેલી પરિસ્થિતિનો લાભ લઈને કટ્ટરપંથીઓ તૂરીન અફરોઝના ઘરમાં ઘૂસી ગયા હતા. તેઓએ તેના વાળ કાપી નાખ્યા અને તેના પગમાં પેન્સિલના ઘા કર્યા.તુરીન અફરોઝે આજ તક સાથેની વાતચીતમાં તે દિવસનો પોતાનો ડરામણો અનુભવ શેર કર્યો હતો. અફરોઝના કહેવા પ્રમાણે, કટ્ટરવાદીઓએ તેને પૂછ્યું કે તું હિજાબ કેમ નથી પહેરતી? તમે તમારી માતા શેખ હસીના સાથે ભારત કેમ ન ગયા? તુરીન અફરોઝે કટ્ટરવાદીઓને કહ્યું- હું મરી જઈશ અને બાંગ્લાદેશ નહીં



છોડીશ. જો કે, તેણી હિજાબ પહેરવા અંગે કટ્ટરપંથીઓ સાથે સંમત થઈ હતી કારણ કે તે તેમને ગુસ્સે કરવા માંગતી ન હતી. તુરિને કહ્યું કે જો હું તેમની સાથે સંમત ન હોત તો તેઓ કંઈક કરી શક્યા હોત, તેઓ મને મારી નાખત.તમને જણાવી દઈએ કે ૧૯૭૧ના મુક્તિ સંગ્રામ દરમિયાન તુરીન અફરોઝે ઘણા રઝાકારો (જેમણે મુક્તિ યુદ્ધમાં પાકિસ્તાનનું સમર્થન કર્યું હતું) વિરુદ્ધ ટ્રાયલની દેખરેખ રાખી હતી. તેના પર બે વખત હુમલો કરવામાં આવ્યો છે. તુરિને આજ તકને કહ્યું કે તે ડાયાબિટીસની દર્દી છે. જ્યારે કટ્ટરપંથીઓ તેમના ઘરમાં પ્રવેશ્યા ત્યારે તેમની ૧૬ વર્ષની પુત્રી તેમની સાથે હતી. તેણીએ કહ્યું, 'હું ખૂબ ડરી ગઈ હતી.

### પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ બાદ જર્સી નંબર ૧૬ને કરી રિટાયર

# PR શ્રીજેશના સન્માનમાં હોકી ઈન્ડિયાએ લીધો મોટો નિર્ણય

### ભારતીય હોકી ટીમે પેરિસ ઓલિમ્પિકમાં શાનદાર પ્રદર્શન સ્પેનને ૨-૧થી હરાવીને બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

PR શ્રીજેશે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ બાદ નિવૃત્તિ લઈ લીધી છે. જેમાં હવે હોકી ઈન્ડિયાએ મોટો નિર્ણય લીધો છે અને શ્રીજેશની જર્સી નંબર ૧૬ને રિટાયર કરી દીધી છે. ભારતીય હોકી ટીમે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ભારતીય ટીમે સ્પેનને ૨-૧થી હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. અગાઉ ટોક્યોમાં પણ ટીમે આ નંબર પર રહીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. સતત બે ઓલિમ્પિક મેડલ બાદ દરેક ભારતીય ગર્વ અનુભવી રહ્યો છે. હોકી ભારતની રાષ્ટ્રીય રમત છે અને દરેક ભારતીય આ રમતને પોતાની સાથે સંબંધિત માને છે. પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય ટીમને મેડલ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર પીઆર શ્રીજેશે નિવૃત્તિ લઈ લીધી છે. હોકી ઈન્ડિયાના મહાસચિવ ભોલાનાથ સિંહે પણ જાહેરાત કરતાં કહ્યું કે, લગભગ બે દાયકાથી ૧૬ નંબરની જર્સી પહેરનાર ૩૬ વર્ષીય શ્રીજેશ જુનિયર રાષ્ટ્રીય કોચની ભૂમિકા નિભાવશે. શ્રીજેશના સન્માનમાં આયોજિત સમારોહમાં ભોલાનાથે કહ્યું કે, શ્રીજેશ હવે જુનિયર ટીમનો કોચ બનવા જઈ રહ્યો છે અને અમે સિનિયર ટીમ માટે ૧૬ નંબરની જર્સી રિટાયર કરી રહ્યા છીએ, પરંતુ અમે જુનિયર ટીમ માટે ૧૬ નંબરની જર્સી રિટાયર નથી કરી રહ્યા. શ્રીજેશ જુનિયર ટીમમાં બીજા શ્રીજેશને તૈયાર કરશે (શ્રીજેશ જુનિયર ટીમમાં તેના જેવા ખેલાડીને તૈયાર કરશે જે ૧૬ નંબરની જર્સી પહેરશે). કેરળના એર્નાકુલમમાં જન્મેલા PR શ્રીજેશે ૨૦૦૬ની દક્ષિણ એશિયન ગેમ્સમાં ભારત માટે ડેબ્યૂ કર્યું હતું અને ત્યારથી તે ભારતીય ગોલ પોસ્ટની મજબૂત દિવાલ બનીને રહ્યો હતો. તેણે પોતાની કારકિર્દીમાં ૩૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય મેચો રમી છે. તેની ૧૮ વર્ષની લાંબી કારકિર્દી દરમિયાન પી.આર શ્રીજેશને ૪ વખત ઓલિમ્પિકમાં ભાગ લેવાની તક મળી જેમાં તે ૨ વખત મેડલ જીતવામાં સફળ રહ્યો હતો. આ સિવાય તેણે ભારતીય હોકી ટીમની કેપ્ટનશિપની જવાબદારી પણ નિભાવી છે. પી.આર. શ્રીજેશને હોકીમાં તેમના યોગદાન માટે વર્ષ ૨૦૨૧માં ભારત સરકાર દ્વારા મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. PR શ્રીજેશ કહ્યું હતું કે, "વિનેશ સિલ્વર મેડલની હકદાર છે કારણ કે તેણે ફાઈનલમાં પહોંચીને પોતાને માટે મેડલ કન્ફર્મ કરી લીધો હતો.

### નવજાત શિશુનું ૮ કલાક સુધી લોહી વહ્યું

# દોઢ મહિનાના નવજાત શિશુનું મૃત્યુ, ખતના કરતા નસ કપાઈ

### બાળકના દાદાની ફરિયાદના આધારે પોલીસે કબીર વિરુદ્ધ FIR નોંધી છે : ઘટના બાદ આરોપી ફરાર થયો

। (એજન્સી) બરેલી, તા.૧૪ ।

ઉત્તર પ્રદેશના બરેલી જિલ્લામાં ખોટી સુન્નતને કારણે દોઢ મહિનાના નવજાત બાળકનું મૃત્યુ થયું છે. આરોપ છે કે શાદીકના પુત્રની કબીરે સુન્નત દરમિયાન બાળકની ખોટી નસ કાપી નાખી હતી. કેટલાક કલાકો સુધી સતત લોહી વહેવાને કારણે આખરે બાળકનું મૃત્યુ થયું હતું. આ ઘટના રવિવાર ના રોજ બની હતી. બાળકના દાદાની ફરિયાદના આધારે પોલીસે કબીર વિરુદ્ધ FIR નોંધી છે. ઘટના બાદ આરોપી ફરાર થઈ ગયો છે અને તેની શોધખોળ માટે દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ ઘટના બરેલી જિલ્લાના ફતેગંજ પૂર્વ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. અહીં સોમવારે મૃતકના દાદાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં તેણે જણાવ્યું કે તેનો પૌત્ર દોઢ મહિનાનો છે. રવિવારે સવારે સાડા અગિયાર વાગ્યાની આસપાસ તેઓ તેમના પૌત્રની સુન્નત કરાવવા શાદીકના પુત્રને કબીર વાળંદ પાસે લઈ ગયા હતા. બાળકની સુન્નત કરતી વખતે કબીરે ખોટી નસ કાપી નાખી. જેના કારણે બાળકીને સતત લોહી વહેવા લાગ્યું. ઘણા પ્રયત્નો છતાં રક્તસ્રાવ બંધ ન થયો અને તે જ દિવસે સાંજે ૭:૩૦ વાગ્યે બાળકનું મૃત્યુ થયું. મીડિયા સાથે વાત કરતા મૃતકના દાદાએ કહ્યું, "મુસલમાની કરાવી હતી, તેણે ખોટી રીતે નસ કાપી હતી. પહેલું બાળક હતું. તે એક મોટા ઓપરેશન દ્વારા કરવામાં આવ્યું હતું. ઘરમાં ખુબ ખુશી હતી." તેની સાથે ઊભેલા અન્ય એક પરિવારના સભ્યએ કહ્યું કે સમગ્ર મામલો ખરાબ થઈ ગયો છે. મૃતકના દાદાએ પોતાની જાતને કાબુમાં રાખીને ફરીથી કહ્યું, "તેની (કબીર) બેદરકારીથી આમ થયું છે. જો તેણે અમને કહ્યું હોત તો અમે બાળકને બરેલી લઈ ગયા હોત. તે ત્યાંથી ભાગી ગયો." મૃતકના પરિવારજનોએ ખોટી નસ કાપનાર કબીર સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

મૃતક બાળકના પરિવારની ફરિયાદ પર પોલીસે એફઆઈઆર નોંધી છે. આ કેસ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૦૫ હેઠળ નોંધવામાં આવ્યો છે. OpIndia પાસે ફરિયાદની નકલ છે. આ ઘટના અંગે વિસ્તારના ડેપ્યુટી એસપીએ જણાવ્યું હતું કે મૃતક બાળકનું પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે, તપાસ કરવામાં આવી રહી છે અને જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## તંત્રી લેખ...

# પેરિસ જ હવે ગ્લોબલ વોર્મિંગ કેપિટલ બન્યું

દુનિયાના ૧૩૦ દેશોના પ્રતિનિધિઓના અત્યન્ત મહત્ત્વના સંમેલનમાં અગાઉ જે ચિંતા કરવામાં આવી હતી તેનાથી આ બેફિકર જગત બહુ દૂર નીકળી ગયું છે. ગ્લોબલ વોર્મિંગ સંબંધિત ચિંતાઓ માટે પેરિસ જ હવે તો જાણે ગ્લોબલ કેપિટલ બની ગયું છે. જે ભારે વરસાદ અને જે આકરો તડકો હવે ભારતીય પ્રજા અનુભવે છે એ તો આપત્તિનો સાવ હળવો આરંભ છે. આ તડકાને અને આ વરસાદને ઓળખી લેવાની જરૂર છે. ૩૫ સેન્ટિગ્રેડથી વધારાનું ઉષ્ણતામાન મનુષ્યના ચૈતસિક કોષો અને મસ્તિષ્કની સૂક્ષ્મ પ્રણાલિકાને કાયમી ધોરણે નુકસાન કરે છે. વધતા ઉષ્ણતામાનને કારણે કોઈ પણ દેશની બૌદ્ધિક સંપદામાં ઘટાડો થઈ શકે છે. ગયા વખતનો ઉનાળો મનુષ્યેતર જીવસૃષ્ટિ માટે ઘાતક હતો. ચકલી અને કબુતર બે એવા પંખીઓ છે જેને ભારે ગરમીમાં ઉડ્ડયન વિના પણ હાંફ ચડી જાય છે અને પછી એકાએક જ તેઓ શ્વાસ ચૂકી જાય છે. કુદરતનું વ્યવસ્થાતંત્ર એવું છે કે જે આજે ઈતર જીવોએ ભોગવવાનું આવે તે જ આવતીકાલના વરસોમાં માનવજાતે વેઠવાનું આવે. ગ્લોબલ વોર્મિંગથી થઈ રહેલા જળવાયુ પરિવર્તનને કારણે છેલ્લા પચાસ વરસમાં દુનિયાના તમામ દેશોમાં આર્થિક અને સામાજિક ગતિમાં અવરોધ અથવા આશ્ચર્યજનક રીતે પ્ર-ગતિ નોંધાઈ છે. છેલ્લી અરધી સદીમાં ગ્લોબલ વોર્મિંગને કારણે શ્રીમંત દેશો વધુ શ્રીમંત થયા છે અને ગરીબ પ્રજા વધુ ગરીબ બની છે. સ્ટેનફર્ડ યુનિવર્સિટી-ના સંશોધક પ્રાધ્યાપકોની એક ટુકડીએ અખંડ પરિશ્રમથી કરેલા અભ્યાસમાં સપાટી પર આવેલા તારણો એક રીતે વિકાસશીલ અને અવિકસિત દેશો માટે ચેતવણીની નવી ઘંટડી છે. આ સંશોધન કહે છે તે પ્રમાણે વધતા ઉષ્ણતામાનને કારણે ભારતીય અર્થતંત્રને એકત્રીસ ટકા નુકસાન જઈ રહ્યું છે. એટલે કે ગ્લોબલ વોર્મિંગની ભયાનક નકારાત્મક અસરો ભારત પર ન પડી હોત તો આપણું અર્થતંત્ર હજુ તેત્રીસ ટકા વધુ આગળ વધી ગયું હોત. આપણે વિકાસની જે કલ્પના કરીએ છીએ તે તો ક્યારનીય સાકાર થઈ ગઈ હોત. આનો અર્થ એ છે કે આપણે હવે કુદરતનું સંતુલન વેરવિખેર કરવાની આકરી કિંમત ચૂકવવા લાગ્યા છીએ. અને તોય આ માત્ર ઘેરી કરૂણતાનો પ્રથમ અધ્યાય જ છે. આગળના ખતરનાક વળાંક માટે નાછૂટકે સહુએ તૈયાર રહેવાનું છે. દુનિયાના દેશો વચ્ચે જળ યુદ્ધ શરૂ થવાને ઝાઝાં વરસોની વાર નથી. કારણ કે પર્યાવરણને આપણે વાતોના વડા તરીકેનો વિષય બનાવેલો છે. એમાં વિચાર હિમાલય જેવડા છે અને અમલવારીમાં શૂન્યાવકાશ પ્રવર્તે છે. સ્ટેનફર્ડ યુનિવર્સિટીના આ નૂતન સંશોધન પ્રમાણે સુદાનને ૩૬ ટકા, નાઈજિરિયાને ૨૯ ટકા, ઈન્ડોનેશિયાને ૨૭ અને બ્રાઝિલને ૨૫ ટકાનું નુકસાન ગયું છે. એટલે કે ગ્લોબલ વોર્મિંગ તરફની ઉદાસીને કારણે એ દેશોનો આર્થિક વિકાસ એટલો પાછો પડયો છે.



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# રાષ્ટ્ર ધ્વજની ગરિમા હવે કોણ જાળવે છે?

દરેક રાષ્ટ્ર કે દેશને પોતાનો રાષ્ટ્ર ધ્વજ હોય છે અને દરેક દેશવાસીઓને, પોતાના રાષ્ટ્ર ધ્વજ પ્રત્યે માન, સન્માન, ઈજ્જત અને ગૌરવ હોવું જ જોઈએ. રાષ્ટ્ર ધ્વજ એ દેશની સ્વતંત્રતાની ઓળખ અને નિશાની છે. આપણાં ભારત દેશને પણ કેટલાંય સંઘર્ષ, તકલીફ, યાતના અને સેંકડો કુરબાનીઓ દીધાં પછીથી જ આઝાદીના ફળ ચાખવા મળ્યા છે.

આપણાં ભારત દેશને સને ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટના રોજ અંગ્રેજ હકૂમત અને ગુલામીમાંથી મુક્તિ મળી હતી. તે વખતની કોંગ્રેસ સરકારે આપણો દેશ આઝાદ અને સ્વતંત્ર થયો એવી ઘોષણા કરી અને દિલ્હીના લાલ કિલ્લા પરથી સૌ પ્રથમ વખત શ્રી જવાહરલાલ નહેરુએ તિરંગો ઝંડો ફરકાવ્યો. ત્યાર પછી ૧૯૫૦ની તા: ૨૬મી જાન્યુઆરીના રોજ આપણું બંધારણ અમલમાં આવ્યું એના માનાર્થે પણ રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવે છે. ૧૫મી ઓગસ્ટના રોજ દેશના વડાપ્રધાન રાષ્ટ્ર ધ્વજ ફરકાવે છે તો, ૨૬મી જાન્યુઆરીના દિવસે આપણાં રાષ્ટ્રપતિ તિરંગો ઝંડો ફરકાવે છે અને રાષ્ટ્ર ધ્વજને સલામી આપે છે અને લશ્કરી કવાયત કે પરેડનું નિરિક્ષણ કરે છે. આ પરંપરા ત્યારથીજ અમલમાં આવી છે અને દર વર્ષે લાલ કિલ્લા પરથી ધ્વજારોહણ કરવામાં આવે છે. પરંતુ આજનાં બની બેઠેલાં દરેક રાજ્યનાં નેતાઓ, ધારાસભ્યો કે સંસદ સભ્યોને રાષ્ટ્ર ધ્વજ શું છે, એ વિશેની કોઈ જાણકારી કે ગતાગમ હોતાં નથી કે રાષ્ટ્ર ધ્વજને કેવી રીતે સલામી આપવી એ બાબતની ઝાઝી ખબર હોતી નથી, એ લોકો માત્ર એક પ્રોટોકોલ નિભાવવા જ આવે છે.

રાષ્ટ્ર ધ્વજ એ આપણા દેશના સ્વાભિમાન, ગૌરવ અને શાનનું પ્રતીક છે.હવે તો રાષ્ટ્ર ધ્વજની જાણે કોઈ મર્યાદા, કિંમત અને ગૌરવ ના હોય એ રીતે દેશનેતાઓ તથા આમ જનતા વર્તી રહી છે. હવે તો બજારમાં પણ પ્લાસ્ટિકના રૂપિયા પાંચ તથા રૂપિયા ૧૦ માં ધ્વજ વંદનના અઠવાડિયા પહેલાં ઝંડાઓ છૂટથી અને બેરોકટોક જાહેરમાં વેચાય છે અને પુલિસ મૂક પ્રેક્ષક બનીને તમાશો જુએ છે.જાહેરમાં વેચાતા ઝંડા કે ધ્વજની માન મર્યાદા અને ગરિમા જાળવવાને બદલે લોકો પોતાના બાઈક અને કારમાં ઝંડો લગાડે છે, આવા ધ્વજ લોકોના પગ તળે કચરાય છે અને થોડા દિવસ પછી કચરા પેટીમાં પડેલા જોવા મળે છે.આ જોઈને એવું લાગે છે કે, આઝાદી કાજે જે મહાનુભાવો તથા તે વખતના રાજકીય નેતાઓએ અને સપૂતોએ પોતાના પ્રાણની આહુતિ આપી, એ એળે ગઈ હોય એવું લાગે છે. આવા વ્યક્તિઓને સ્વતંત્રતાની અને રાષ્ટ્ર ધ્વજની કોઈ લાગણી, કિંમત કે ગરિમાની પડી હોતી નથી. હવે તો આપણાં નેતાઓ, અને પ્રજાજનો પંદરમી ઓગસ્ટ તથા છવ્વીસમી જાન્યુઆરી એ રાષ્ટ્રીય પર્વની ઉજવણી ના બદલે રજાના કે આરામના દિવસ તરીકે ગણી મોજ મસ્તી કરે છે. ભારતનાં તમામ નાગરિકોએ આઝાદીનો ઈતિહાસ વાંચીને સમજી લેવો જોઈએ અને નક્કી કરવું જોઈએ કે રાષ્ટ્ર ધ્વજ એ કોઈ રમકડું નથી કે થોડીવાર રમીને ફેંકી દેવાય. રાષ્ટ્ર ધ્વજ એ આપણી સંસ્કૃતિનું પ્રતીક છે અને રાષ્ટ્ર ધ્વજની ગરિમા જાળવવી એ આપણાં સૌની નૈતિક ફરજ છે.

**આજે તો ભારત દેશ એ દુનિયામાં આઠમા ક્રમે છે, અને વિચારોની ગતિથી વૈજ્ઞાનિક અભિગમ રાખી તે વિકાસ તરફ હરણફાળ ભરી રહ્યો છે**

# દેશભક્તિ એ એવું ઋણ છે કે જે આપણે નૈતિકતાનાં નિયમો યાદ રાખીને, આસાનીથી નિભાવી શકીએ છીએ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ગુજરાતી મહિના પ્રમાણે શ્રાવણ અને અંગ્રેજી મહિના પ્રમાણે ઓગસ્ટમાં ઘણા બધા પ્રેમ વધારનારા તહેવારો દર વર્ષે આવે છે. જેમકે પારિવારિક પ્રેમ વધારતો તહેવાર એટલે કે રક્ષાબંધન, ૧૫ ઓગસ્ટ, આઝાદ દિન, એટલે કે દેશ પ્રેમ વધારતો તહેવાર, અને જન્માષ્ટમી એટલે કે કૃષ્ણ પ્રેમ વધારતો તહેવાર, આજે ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ છે.**

હે મા ભારતી તારા શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે તો ૧૫ ઓગસ્ટ છે, અને ચારે બાજુથી, મેરા દેશ હે રંગીલા, સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા, મા તુજે સલામ, વંદે માતરમ, અને બીજા પણ ઘણાં દેશભક્તિનાં નારા ગુંજવા લાગ્યા છે. ઈશ્વર કરે અને આ ભાવ સતત સૌનાં હૃદયમાં અકબંધ રહે. ગુજરાતી મહિના પ્રમાણે શ્રાવણ અને અંગ્રેજી મહિના પ્રમાણે ઓગસ્ટમાં ઘણા બધા પ્રેમ વધારનારા તહેવારો દર વર્ષે આવે છે. જેમકે પારિવારિક પ્રેમ વધારતો તહેવાર એટલે કે રક્ષાબંધન, ૧૫ ઓગસ્ટ, આઝાદ દિન, એટલે કે દેશ પ્રેમ વધારતો તહેવાર, અને જન્માષ્ટમી એટલે કે કૃષ્ણ પ્રેમ વધારતો તહેવાર. આજે ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ છે, એટલે કે આઝાદ ભારતની ૭૭મી વર્ષગાંઠ. અંગ્રેજોની ગુલામીમાંથી આપણે આઝાદ થયા એ વાતને આજે ૭૭ વર્ષ પુરા થવા આવ્યા છે, માટે આ દિવસ દરેક ભારતીય માટે ખાસ છે જ પરંતુ, એને વધુ ખાસ બનાવવા માટે આ વખતે આઝાદી કા અમૃત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. એ અંતર્ગત હર ઘર તિરંગા, તિરંગો એ આપણા દેશની શાન છે, અને દરેકે તેને માન સન્માન આપવું જ જોઈએ. દર વર્ષે ૧૫મી ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીએ ધ્વજવંદન કરી અને આપણે ધ્વજને સલામી આપતા હોઈએ છીએ, અને એટલું સહજતાથી પછી ભૂલી પણ જતા હોઈએ છીએ, કે આ રાષ્ટ્રધ્વજ ફરકાવવાનું આપણા નસીબમાં આવ્યું, એની માટે કેટલા જણને કુરબાની દેવી પડી છે. કેટકેટલી માતાઓ વિધવા થઈ, કેટલા બાળકો અનાથ થયાં, અને કેટલાય બેઘર થયાં, ત્યારે આપણને આ ધ્વજવંદન કરવાનું સદનસીબે મળ્યું છે, એટલે કે આઝાદી મળી છે. તો આજે આપણે ચિંતનમાં ભારત માતા ને વંદન કરીશું. આપણે તો એ ગુલામીના દિવસો સહન કરવા પડ્યા નથી, એટલા નસીબદાર છીએ, અને એ નસીબદારી, આપણને એ બલિદાન દેવાવાળાને યાદ રાખવાની અને સદા વંદન કરવાની ફરજ પાડે છે. પરંતુ હકીકતમાં એવું થતું નથી, માટે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવવાનું નક્કી થયું. એટલે કે દેશના એ વીર ક્રાંતિકારીઓ તેમજ આઝાદીની કોઈપણ લડતમાં ભાગ લેનારા કેટલાએ શહીદો તેમજ દેશવાસીઓના નામ ઈતિહાસના પાના પર નથી, પણ તેની કુરબાની એળે ન જાય માટે એવા વીર સપૂતોનું સ્મરણ કરી, તેને શ્રદ્ધાંજલિ આપવી ઘટે. આજે તો



ભારત દેશ એ દુનિયામાં આઠમા ક્રમે છે, અને વિચારોની ગતિથી વૈજ્ઞાનિક અભિગમ રાખી તે વિકાસ તરફ હરણફાળ ભરી રહ્યો છે. એટલે ૨૦ મી સદીના ઉત્તરાર્ધમાં જન્મેલા તેમજ ૨૧મી સદીમાં જન્મેલા ભારતીય નવયુવાનોએ ભારતની એ પરિસ્થિતિ ને જોઈ ન હોય તો, આઝાદીનું મૂલ્યાંકન કઈ રીતે કરી શકાય? સોશિયલ મીડિયા પર રાષ્ટ્રધ્વજ સાથે ફોટો અપલોડ કરવો, એટલું દેશપ્રેમ માટે પર્યાપ્ત નથી,એ વાત દરેક ભારતીય એ યાદ રાખવાની છે. તો આપણને પ્રશ્ન થાય કે આપણે એવું શું કરી શકીએ, કે જેના કારણે આપણે આપણો દેશ પ્રેમ સિદ્ધ કરી શકીએ! શું દરેકે સરહદ પર યુદ્ધ કરવા જવું જોઈએ! તો જ આપણો દેશ પ્રેમ સિદ્ધ થાય? ના! દેશ પ્રેમ દેખાડવા માટે દરેકે સરહદે યુદ્ધ કરવું અનિવાર્ય નથી, પરંતુ એ શહીદની કુરબાની ભૂલી જવી, અથવા એ સૈનિકને ઘર પરિવાર છોડીને ત્યાં દેશની રક્ષા માટે ૨૪ કલાક ખડે પગે ઊભા રહેવાનાં બલિદાનને એળે જવા દેવાનું નથી. આપણા સાંસ્કૃતિક મૂલ્યો અને સંસ્કારોને ભૂલીને આપણે દેશને અંદરથી ખોખલો કરી રહ્યા છીએ, એ વાત દરેક ભારતીય એ સમજવાની જરૂર છે. તેથી આપણી સંસ્કૃતિનું મૂલ્ય વધે તેવી પ્રવૃત્તિ કરવી કે વર્તણૂક કરવી, એ પણ દેશ પ્રેમ જ છે. આ ઉપરાંત દરેક દેશવાસી માટે આપણા મનમાં પ્રેમનો ભાવ હોવો પણ એટલો જ જરૂરી છે. ભારતમાં રહીને પણ ભારત દેશ સાથે દ્રોહ કરનારા સાથે આપણા સ્વાર્થ માટે રહેવું એ દેશદ્રોહ છે. દેશ જ્યારે આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યો હોય, ત્યારે દેશના અર્થતંત્રને મજબૂત બનાવવા માટે ટેક્સ ચોરી કરવી, કે ભ્રષ્ટાચાર કરવો લાંચ લેવી રુશ્વત દઈને આપણું કામ કરાવવું, કે સત્તાનો ઉપયોગ કરી કોઈ પણ ને અન્યાય કરવો, સંવિધાન પર વગર કારણે સવાલો ઉઠાવવા, અને આંતર રાજકીય વેર વધે એવું કરવું, એ બધું વ્યાજબી નથી, એ બધાં દેશદ્રોહ છે. આ ઉપરાંત એક પરિવારને આર્થિક સામાજિક અને સ્વાસ્થની રીતે વ્યવસ્થિત ચલાવવો કેટલો મુશ્કેલ છે! એ દરેક જાણે છે, ત્યારે સરકાર પર આક્ષેપો કરી, અને તેનું કાર્ય વિચલિત કરવું એ પણ દેશદ્રોહ છે. આવું તો કેટલુંય નાનું મોટું છે કે, જે કરીને આપણે આપણો દેશપ્રેમ સિદ્ધ કરી શકીએ, અને મા ભારતીની શાન વધારી શકીએ. તો આઝાદીનાં આ અમૃત મહોત્સવ અંતર્ગત આપણે સૌ આપણામાં એવી દેશભક્તિ જગાવીશું કે, જે આપણને આપણી સંસ્કૃતિને વધુને વધુ ઉજ્જ્વળ બનાવવા માટે પ્રેરે. આપણા જ અન્ય દેશવાસીઓ માટે આપણા હૃદયમાં સંવેદનાનો ઝરણું વહાવે, અને એમની મદદ માટે આપણો હાથ સદા તત્પર રહે. આપણાં કોઈપણ જાતના સ્વાર્થ માટે આપણે દેશના કાયદાનો કે સત્તાનો ઉપયોગ નહીં કરીએ, એવું મા ભારતી ને વચન આપવું પડશે. ભારત દેશની સનાતનીય પરંપરા એ સૌથી પ્રાચીન પરંપરા છે, અને આજે વિશ્વ આખું એને અનુસરી રહ્યું છે. ત્યારે આપણે પાશ્ચાત્યના મોહમાં, એ સંસ્કૃતિને ભૂલી જવી એ યોગ્ય નથી. આપણી ફરજ છે કે આપણા સંતાનોને પણ આપણે આ બધું જણાવીએ, અને તેમનામાં પણ દેશ પ્રેમ જગાવીએ, જેથી કરીને આગલા વર્ષોમાં પણ ભારત ભૂમિનાં એ યુવાનો તેની ઉજવળતાને ભૂલે નહીં. ટૂંકમાં ઝીણી ઝીણી વાતો દરેકે સમજવાની છે, મારા એકના આચરણથી કંઈ નહીં થાય, એ વિચાર છોડીને દરેકે પહેલ કરવી પડશે, ત્યારે આ સુંદર મહોલ યથાવત રહેશે. માનવ જન્મ લે ત્યારથી જ એની પર ઘણા ઋણ ચડે છે, અને દેશકાળ પ્રમાણે એ બધું બધા ભૂલતા જાય છે, પણ દેશભક્તિ એ એક એવું ઋણ છે! જે આપણે નૈતિકતાની થોડીઘણી વાત યાદ રાખીને આપણે આસાનીથી નિભાવી શકીએ છીએ, અને એ દરેકને ચૂકવવાનો સુંદર અવસર આવ્યો છે, તો કોઈ પાછા ન પડે! હમણાં તો બે ત્રણ દિવસથી સોશિયલ મીડિયા પર દેશભક્તિને લઈને ન જાણે કેટલાય મેસેજો ઉતરે છે. પણ સૌ માત્ર દેખાડવા પૂરતી દેશભક્તિ ન દાખવે, અને ખરેખર દેશ માટે કંઈક કરી શકે, એવી એક અનન્ય પ્રાર્થનામાં ભારતીને ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન જય સીયારામ અને જય હિન્દ.

**શ્રાવણ માસમાં શિવ મહિમા- ૧૧ હે સૂત! તમે સદાશિવ ભોળાનાથના લિંગના સંબંધવાળું મહાત્મ્ય પ્રેમ અને ભાવનાથી જણાવો**

# કોટિ રૂદ્ર સંહિતામાં દર્શાવેલ અત્રિશ્વર લિંગનો મહિમા જાણીએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પૃથ્વીલોક પર કંકર એટલા શંકર એવું કહેવાય છે, કોટિ રૂદ્ર સંહિતામાં ઋષિમુનિ ઓએ કહ્યું : હે સૂત! તમે સદાશિવ ભોળાનાથના લિંગના સંબંધવાળું મહાત્મ્ય પ્રેમ અને ભાવનાથી જણાવો.**

શ્રાવણ માસમાં શિવ મહિમાનું રસપાન ઉત્સાહ ભક્તિસભર વાતાવરણમાં મેઘરાજાની હાજરીમાં ગરમી બફારાના માહોલમાં કરી રહયા છીએ. તમે બધા પણ વ્રત તપ આરાધના ઉપાસના અભિષેક થકી ભગવાન સદા શિવ ભોળાનાથને રિઝવવા પ્રયત્ન કરો જ છો.પૃથ્વીલોક પર કંકર એટલા શંકર એવું કહેવાય છે. કોટિ રૂદ્ર સંહિતામાં ઋષિમુનિ ઓએ કહ્યું : હે સૂત !તમે સદાશિવ ભોળાનાથના લિંગના સંબંધવાળું મહાત્મ્ય પ્રેમ અને ભાવનાથી જણાવો. આપણે આજે શ્રાવણ માસના શિવ મહિમા-૧૧માં કોટિ રૂદ્ર સંહિતામાં દર્શાવેલ અત્રિશ્વર લિંગનો મહિમા જાણીએ. સૂતે કહ્યું : હું તમને લિંગોના માહાત્મ્ય વિશે ટૂંકમાં કહીશ, કારણ આખી પૃથ્વી લિંગમય છે. બધાં શિવલિંગોની સંખ્યાની ગણતરી થઈ શકે તેમ નથી. આખું જગત લિંગના આધારે જ ટકી રહ્યું છે. વિશ્વમાં જે કંઈ દશ્ય વસ્તુ છે, તે સર્વ ભગવાન શિવનું જ રૂપ છે. ભોળાનાથે સર્વ લોકો પર કૃપા વરસાવવા માટે જ દેવો, અસુરો અને મનુષ્યો સહિત પાતાળ, સ્વર્ગ અને પૃથ્વીને લિંગ રૂપથી વ્યાપ્ત કર્યાં છે, જ્યારે પણ ભક્તો દ્વારા શિવલિંગનું સ્મરણ, પ્રતિષ્ઠા કે ભક્તિ-ભાવના વરસી છે ત્યાં તેઓ કૃપા વરસાવતા રહ્યા છે. મનુષ્ય લિંગનું પુજન કરી કીર્તિ સુખ, શાંતિ સમૃદ્ધિ અને સદ્ગતિને પામે છે. સૂતજીએ દર્શાવેલ અહીં કેટલાક જાણીતા અને દર્શનીય, પૂજનીય અને મહિમાવંત લિંગોની જાણકારી મેળવીએ. અત્રિશ્વર લિંગનો મહિમા-ચિત્રકૂટ પાસે કામદ વનમાં બ્રહ્માના પુત્ર અત્રિ ઋષિ અને અનસૂયા તપ કરતાં હતાં. અગાઉ કોઈ કાળે એ જગ્યા અનાવૃષ્ટિથી ગ્રસ્ત થયેલ હતી. અન્નજળના અભાવે અસંખ્ય પ્રાણીઓ નાશ પામતાં જોઈ અનસૂયાએ પતિને કંઈ ઉપાય વિચારવા કહ્યું. અત્રિ ઋષિ આસન પર બેસી ત્રણ વાર પ્રાણાયામ કરી પોતે સમાધિમાં લીન થયા. તેમણે આત્મામાં નિર્વિકાર પર જયોતિ શિવભાવનું મન વડે ધ્યાન કરવા માંડ્યું અને અનસૂયાએ



તેમની સેવા કરી. તેમણે પાર્થિવ શિવલિંગ કરી માનસિક પૂજા સાહિત્યથી ભોળાનાથનું પૂજન કરવા માંડ્યું. અત્રિના તપ કરતાં પણ અનસૂયા નું શિવપૂજન વધી જતું હતું. એક કાળે અત્રિ તેમના ધ્યાનમાં મસ્ત હતા તેમજ અનસૂયા ભક્તિમાં ઓતપ્રોત હતાં. તેમનાં તપ અને ભજનથી સઘળા દેવો, ઋષિઓ તથા ગંગા સહિત સઘળી નદીઓ તેમના દર્શનાર્થે આવ્યાં. બધાં તેમનાં વખાણ કરતાં કરતાં ચાલ્યાં ગયાં; પણ ગંગા અને શિવ તેમના ભજન થી મોહિત થયાં, તેથી તે ત્યાં જ રહ્યાં. વરસાદ વિના લગભગ ચોવીસ વર્ષો વીતી ગયાં હતાં. એ દરમિયાન મુનિનું તપ અને અનસૂયાનું સેવાકાર્ય ચાલુ રહ્યાં. એક દિવસ અત્રિઋષિ સમાધિમાંથી જાગ્યા અને અનસૂયા પાસે પાણી માગ્યું. અનસૂયા મૂંઝાયાં. તેઓ કમંડળ લઈ ધોર જંગલમાં પાણી લેવા માટે ગયાં. આ દરમિયાન ગંગાજી સુંદર દેહ ધારણ કરી અનસૂયા પાછળ ચાલ્યાં. તેમણે અનસૂયાને પૂછ્યું : "હે દેવી ! તમે આમ કઈ તરફ જઈ રહ્યાં છો અને તમે ઉદાસ કેમ લાગો છે ?' ત્યારે અનસૂયાએ પૂછ્યું : "હે દેવી ! આપ કોણ છો ? ક્યાંથી આવો છો ? તમારા વિશે કહો.'ગંગાજી એ કહ્યું : "ભગવાન શિવજીની તમારી અને તમારા પતિની સેવા- ભક્તિથી પ્રસન્ન થઈ હું સ્વયં ગંગા અહીં આવીછું.તમે શું ઈચ્છો છો?' અનસ્યાએ જળ માગ્યું,ત્યારે ગંગાજીએ તેમને ખાડો ખોદવા કહ્યું. અનસૂયાએ ખાડો કર્યો અને તરત જ ગંગા આમ કહી અનસૂયા પાણી લઈ અત્રિઋષિ પાસેઆવ્યાં અને પાણી પાયું. ઋષિને પાણી કંઈ જુદું જ લાગ્યું. તેઓ પાણી પી ઘણાં સુખ પામ્યાં.તેમણે આજુબાજુ દૃષ્ટિ ફેરવી જોયું તો વરસાદ હજુ મડ્યો લાગતો નહતો તેમણે અનસૂયાને કહ્યું : "વરસાદ વગર તમે પાણી ક્યાંથી લાવ્યા ?" દેવી અનસૂયાએ સઘળું વૃત્તાંત કહી સંભળાવ્યું. અત્રિ ઋષિ ને ગંગાજીન દર્શનની ઈચ્છા થતાં તેઓ અનસૂયા સાથે પેલા ખાડા પાસે આવ્યા, ત્યાં ગંગાજી દિવ્ય સ્વરૂપે ઊભાં હતાં.તેમણે ભાવ પૂર્વક દર્શન કર્યા.તેમણે શિવજીને પણ વંદન કર્યા.(પછી તે જળમાં સ્નાન કર્યુ.અનસુયાએ પણ સ્નાન કર્યું. ત્યારબાદ ગંગાજીએ પોતાના સ્થાને જવા માટે રજા માગી ત્યારે અનસૂયાએ તેમને તપોવનમાં રહેવા પ્રાર્થના કરી,ત્યારે ગંગાજી એ કહ્યું : "હે અનસૂયા! તમે તમારા સ્વામીના તથા ભોળાનાથ ના પૂજન-અર્ચન થી થયેલ એક વર્ષનું ફળ મને આપો, તો દેવોનો ઉપકાર કરવા હું અહીં આ સાંભળી અનસ્યાએ પોતાનું એક વર્ષનું પુણ્ય ગંગા નદીને અર્પણ કર્યું. દેવી અનસૂયાનું આ મહાન કાર્ય જોઈ ભોળાનાથ પ્રસન્ન થયા અને ત્યાં પાર્થિવ લિંગમાંથી પ્રકટ થયા અને તેમને દર્શન આપ્યાં પછી વરદાન માગવા કહ્યું, દંપતી આનંદ વિભોર બની શિવજીનાં દર્શન ) કરી કહેવા લાગ્યાં : "આપ દેવ-દેવી પ્રસન્ન થયાં હો તો આ તપોવનમાં લોક કલ્યાણ(હેતુ સ્થિર રહો તેમજ લોકોને સુખ દાયી બનાવો.' પરિણામે ત્યાં ગંગા અને શિવ સ્થિર થઈને રહ્યાં. દુઃખનો નાશ કરનાર 'અત્રિધર' તરીકે શિવ પ્રખ્યાત થયા અને ગંગાજી ત્યાં ખાડામાં અખૂટ જળ વાળ બની રહ્યાં.આ સમાચાર જાણતાં ઋષિઓ અને બ્રાહ્મણો પત્રીઓ સહિત આવી દર્શન કરી કૃતાર્થ થયા. અસ્તુ.

**ભારતનો પ્રથમ રાષ્ટ્રધ્વજ ૭ ઓગસ્ટ ૧૯૦૬માં કોલકતા ખાતે ફરકાવાયો હતો, જાણો ત્રિરંગાનો ઈતિહાસ**


# રાષ્ટ્રધ્વજમાં સમાવિષ્ટ ત્રણ રંગોના કારણે તિરંગા તરીકે ઓળખાય

ભારતની સંવિધાનસભાએ વર્તમાન સ્વરુપમાં જોવા મળતા રાષ્ટ્રીય ધ્વજને ૨૨ જૂલાઈ ૧૯૪૭ના રોજ અપનાવ્યો હતો. આ સંવિધાનસભાની બેઠક ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ આઝાદી મળ્યાના ૨૪ દિવસ પહેલા મળી હતી. ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ સ્વતંત્ર ભારતનો પ્રથમ ધ્વજ ૧૬ ઓગસ્ટના રોજ ફરકાવ્યો હતો. રાષ્ટ્રધ્વજમાં સમાવિષ્ટ વિશિષ્ટ ત્રણ રંગોના કારણે તિરંગા તરીકે ઓળખાય છે. રાષ્ટ્રધ્વજનું વર્તમાન સ્વરુપ ૧૦૦થી વર્ષોનો પડાવ પસાર કર્યા પછી બન્યું છે. આપણે જેને તિરંગો કહીએ છીએ તેને ડિઝાઈન કરવાનું માન આંધ્રપ્રદેશના સ્વાતંત્રતા સેનાની પિંગલી વેં કૈ યાને મળે છે એ પહેલા પણ ધ્વજ તૈયાર કરવાના અને ફરકાવવાના પ્રયાસો થયા હતા. પ્રથમ ભારતીય ધ્વજ ૭ ઓગસ્ટ ૧૯૦૬ના રોજ કોલકત્તાના પારસી બગાન સ્કવેરમાં ફરકાવવામાં આવ્યો હતો. આ ઝંડા ઉપર લીલા, પીળા અને લાલ રંગની ત્રણ પટ્ટીઓ હતી. ઉપર કમળના ફૂલની હારમાળા હતી. ઝંડાની વચ્ચેની પટ્ટીમાં વંદે માતરમ લખવામાં આવ્યું હતું. નીચેની પટ્ટીમાં સૂર્ય અને ચંદ્રના સાંકેતિક ચિહ્નો દોરવામાં આવ્યા હતા. અગાઉ બીજો પણ એક ધ્વજ હતો જેમાં લાલ રંગ સ્વતંત્રતાનું પ્રતિક,પીળો રંગ જીત અને સફેદ રંગ સાદગી, સ્વચ્છતાનું પ્રતિક માનવામાં આવ્યો હતો. વચ્ચે એક વજનું નિશાન હતું જે બૌધ્ધ ધર્મમાંથી લેવામાં આવ્યું હતું. કેટલાક આને પણ પહેલો ધ્વજ હોવાનું માને છે. ભારતનો ધ્વજ મેડમ કામાએ વિદેશમાં રહેતા ક્રાંતિકારીઓ સાથે જર્મનીના બર્લિન ખાતે લહેરાવ્યો હતો. આ ભારતનો બીજો અને વિદેશની ધરતી પર લહેરાવવામાં આવેલો પ્રથમ ભારતીય ધ્વજ હતો. મેડમ કામાના આ પ્રયાસથી જ પ્રથમવાર જ દુનિયાનું ધ્યાન ભારતના ધ્વજ તરફ ગયું હતું. આ ધ્વજ પહેલાના ધ્વજ કરતા ખાસ અલગ ન હતો. જેમાં લાલના સ્થાને નારંગી રંગ ઉમેરવામાં આવ્યો હતો. ધ્વજના ત્રણ પટ્ટામાં ઉપર નારંગી, મધ્યમાં પીળો અને અને નીચે લીલો રંગ હતો. આ ધ્વજની વચ્ચેની પટ્ટીમાં વંદ માતરમ લખ્યું હતું જયારે નીચેની લીલા રંગની પટ્ટીમાં સૂર્ય અને ચંદ્રના ચિત્ર સંકેત હતા. ત્રીજો ધ્વજ ૧૯૧૭માં ડૉ. એની બેસન્ટ અને લોકમાન્ય તિલકે હોમ રુલ આંદોલન દરમિયાન લહેરાવ્યો હતો. જો કે આ ઝંડાની ડાબી તરફ ખૂણામાં અંગ્રેજોના ઝંડા યુનિયન જેકનું નિશાન જયારે બાકીના આઠ પટ્ટામાં વારાફરથી લાલ અને લીલો રંગના પટ્ટા હતા. આ પટ્ટામાં સપ્તર્ષી નક્ષત્ર, અર્ધ ચંદ્ર અને તારાનો સમાવેશ થતો હતો. હોમરુલ આંદોલન નિમિત્તે તૈયાર થયેલા આ ધ્વજે ખૂબ ધ્યાન ખેંચ્યું હતું. હોમ રુલ આંદોલન સાથે એની બેસેન્ટનું નામ ઈતિહાસમાં ખૂબ આદરથી લેવામાં આવે છે. ચોથો ધ્વજ ૧૯૧૬માં પિંગલી વેં કૈ યા નામના સ્વાતંત્રતા સેનાનીએ દેશની એકતા પ્રદર્શિત કરવા તૈયાર કર્યો હતો. પિંગલીએ રાષ્ટ્રીય ધ્વજ નિર્માણ કરવાની મહાત્મા ગાંધીને વાત કરી હતી. પિંગલી અને ગાંધીજી વચ્ચે દક્ષિણ આફ્રિકામાં પ્રથમવાર મુલાકાત થઈ હતી. એ સમયે પિંગલી અંગ્રેજોના ભારતીય સૈન્યમાં સૈનિક તરીકે બોઅર લડાઈમાં ભાગ લેવા આવ્યા હતા. પિંગલી ભારત આવ્યા એ પછી પણ ગાંધીજીના સંપર્કમાં રહયા હતા.

'મુફાસાઃ ધ લાયન કિંગ' માટે ખાસ શાહરૂખ અને તેના બંને દિકરા સાથે કોલબરેશન

# શાહરૂખ પહેલી વખત બંને દિકરા સાથે કામ કરશે

## 'કિંગ'માં દિકરી સુહાના સાથે કામ કરવાનો હોવાનું જાહેર થયું હતું, હવે વધુ એક ખાસ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છે



શાહરૂખ ખાન 'કિંગ'માં દિકરી સુહાના સાથે કામ કરવાનો હોવાનું જાહેર થયું હતું. હવે શાહરૂખ વધુ એક ખાસ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છે. જેમાં તે પહેલી વખત તેના બંને દિકરા આર્યન અને અબ્રામ સાથે કામ કરવાનો છે. શાહરૂખ 'મુફાસા – ધ લાયન કિંગ'માં લાયન કિંગના પાત્ર માટે અવાજ આપવાનો છે. સાથે આર્યન અને અબ્રામ પણ આ ફિલ્મ માટે અવાજ આપવાના છે. તાજેતરમાં જ આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે, જેનાથી તેમના ફૅન્સ ઘણા ઉત્સાહમાં છે. કારણ કે આ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અબ્રામનું ડેબ્યુ પણ છે. શાહરૂખે આ અંગે પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતા સોશિયલ મીડિયા પર પોસ્ટ પણ લખી હતી,''આ ડિઝની સાથે મારું ખાસ કોલબરેશન છે, ખાસ કરીને મારા બંને દિકરાઓને કારણે, આર્યન અને અબ્રામ પણ આ સફરનો એક ભાગ છે અને તેમની સાથે આ સુંદર અનુભવમાં સહભાગી થવું એ ખરેખર અતિશય અર્થપૂર્ણ અહેસાસ છે.'' ૨૦૧૯માં લાઈવ એક્શન ફિલ્મ 'ધ લાયન કિંગ' પછી શાહરૂખ ખાન હવે મુફાસા તરીકે પાછો ફરશે, જે મૂળ જંગલ કિંગની જ વાર્તા છે. તેમાં આર્યન ખાન સિમ્બા અને અબ્રામ નાના મુફાસા માટે અવાજ આપશે. આ ફિલ્મનું હિન્દી ટ્રેલર આવી ચૂક્યું છે. ૧૨ ઓગસ્ટે ડીઝનીએ ઈન્સ્ટાગ્રામ પર આ ટ્રેલર લોંચ કર્યુ હતું, જેમાં શાહરૂખ, આર્યન અને અબ્રામનો અવાજ પણ સાંભળવા મળ્યો હતો. આ એક સાચી મિત્રતાની કથા છે, જેમાં રફિકિ મુફાસા કઈ રીતે જંગલનો રાજા બન્યો તેની વાર્તા રજૂ કરે છે. આ ફિલ્મ નાનકડાં અને અનાથ બચ્ચાં મુફાસાની વાત કરે છે, જે આગળ જઈને અન્ય પ્રાણીઓને સાથે લઈને એક દયાળુ અને રાજવી રાજા બને છે. શાહરૂખે મુફાસા સાથે પોતાના જોડાણ અંગેની નોંધમાં કહ્યું હતું કે મુફાસા જંગલનો જાણીતો અને લોકપ્રિય રાજા છે, જે પોતાના પુત્ર, સિમ્બાને વારસામાં ડ્હાપણ આપે છે. શાહરૂખ એક પિતા તરીકે મુફાસાના પાત્ર સાથે અંગત જોડાણ



અનુભવે છે અને મુફાસાની વાર્તા તેને પોતાની વાર્તા જેવી લાગે છે. 'મુફાસાઃ ધ લાયન કિંગ'માં મુફાસા કઈ રીતે એક અનાથ સિંહબાળમાંથી એક મહાન રાજા બન્યો તેની વાર્તા છે. પોતાના બંને દિકરાઓ સાથે આ પિતા પુત્રની વાર્તા પર કામ કરવાનો અનુભવ શાહરૂખ માટે ખાસ છે. ડિઝની સ્ટારના સ્ટુડિયો હેડ બિક્રમ દુગ્ગલે આ પ્રોજેક્ટ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે મુફાસા માત્ર એક કાર્ટૂન કેરેક્ટર નથી પરંતુ તે પેઢીઓથી અનેક લોકોને પ્રેરિત કરતું એક પાત્ર છે. ત્યારે ડિઝની દરેક કથા દ્વારા તેના દર્શકો સુધી આ પ્રકારના મૂલ્યો પહોંચાડવામાં માને છે.

ઈન્ટરવ્યુમાં અભિષેક બચ્ચને પોતાની વેડિંગ રીંગ બતાવીને કહ્યું છે કે, "હું હજુ પરિણીત છું"

# પહેલી વખત ડિવોર્સની અફવાઓ ઉપર વાત કરી

## અભિષેક અને ઐશ્વર્યા રાયે ૨૦૦૭માં લગ્ન કર્યા હતાં, ત્યાર બાદ ૨૦૧૧માં તેમની દિકરી આરાધ્યાનો જન્મ થયો હતો

જ્યારથી અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન પ્રસંગે ઐશ્વર્યા રાય બચ્ચન અને આરાધ્યા બચ્ચન પરિવારની સાથે એક ળેમમાં જોવા ન મળ્યાં અને અલગ એન્ટ્રી કરી ત્યારથી તેમના ડિવોર્સ અને ગ્રે ડિવોર્સ જેવી ચર્ચાઓએ વધુ જોર પકડ્યું હતું. તેમની દરેક સોશિયલ મીડિયા પ ોસ્ટ અને દરેક નિવેદનને આ વાત સાથે જોડવામાં આવતું હતું. કેટલાંક અહેવાલો દ્વારા ઐશ્વર્યા અને અભિષેક અલગ થઈ ચૂક્યા હોવાના પણ દાવા કરવામાં આવતા હતા. હવે આખરે અભિષેક બચ્ચને આ વાત પર પહેલી વાર કોઈ પ્રતિસાદ આપ્યો છે. એક ઈન્ટરવ્યુમાં અભિષેકે પોતાની વેડિંગ રીંગ બતાવીને કહ્યું છે કે,''હું હજુ પરિણીત છું.''



અભિષેકે આગળ કહ્યું, ''આ અંગે હું તમને બધાને કશું જ કહેવા માગતો નથી. ઘણી દુઃખદ વાત છે કે તમે બધાએ આ બબાતને માપ બહાર મોટી કરી દીધી છે. હું સમજું છું કે તમે આવું કેમ કરો છો. તમારે પણ કેટલીક સ્ટોરી ફાઈલ કરવાની હોય છે. ઠીક છે, અમે સેલેબ્રિટીઝ છીએ, એટલે અમારે ભોગવવું જ પડશે.'' પહેલાં ઐશ્વર્યા અને બચ્ચન પરિવારની અલગ એન્ટ્રી અને પછી સોશિયલ મીડિયા પર અભિષેકે ડિવોર્સને લગતી એક પોસ્ટ લાઈક કરી હતી, ત્યાર બાદ આ ચર્ચાઓને લોકો હકીકત સમજવા લાગ્યા હતા. અબિષેકે જે ઈન્સ્ટાગ્રામ પોસ્ટ લાઈક કરેલી, તેમાં લખેલું, ''ઘણી વખત જીવન એવા વળાંકો નથી લેતું, જેવા આપણને આશા હોય. પરંતુ જ્યારે દાયકાઓ સાથે રહ્યા પછી લોકો અલગ થાય તે સ્થિતિ સાથે તેઓ કઈ રીતે કામ લે, જીવનમાં ઘણા લાંબા સમય સુધી નાની કે મોટી બાબતોમાં એકબીજા પર આધારીત થઈ ગયા પછી આ કઈ રીતે શક્ય બને? આ બંધન તેઓ કઈ રીતે તોડી શકે અને તેમને કેવા પડકારોનો સામનો કરવો પડે? આવા ઘણા પ્રશ્નો આ સ્ટોરીમાં સમાયેલાં છે. જોગાનુજોગ, હાલ વૈશ્વિક સ્તરે ૫૦ની ઉમર પછી લેવાતા જેને 'ગ્રે ડિવોર્સ' કહેવાય છે કે 'સિલ્વર સ્પ્લિટર્સ' કહેવાય છે તે રીતે લગ્નમાં અલગ થવાનું પ્રમાણ વધી ગયું છે. તેની પાછળ ઘણા કારણો રહેલાં છે, પરંતુ તે ચોંકાવનારા નથી.'' એભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાયે ૨૦૦૭માં લગ્ન કર્યા હતાં. ત્યાર બાદ ૨૦૧૧માં તેમની દિકરી આરાધ્યાનો જન્મ થયો હતો. તેમની ૧૭મી એનિવર્સરીના દિવસે ઐશ્વર્યાએ તેની સગાઈ વખતનો એક ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો અને તેની સાથે કોઈ નોટ લખવાને બદલે તેણે કેટલાંક ઈમોજી મૂક્યા હતા. ઐશ્વર્યા અને અભિષેક 'ગુરુ', 'ઢાઈ અક્ષર પ્રેમ કે', 'કુછ ના કહો', 'ધૂમ ૨', 'બંટી ઔર બબલી' અને 'ઉમરાઓ જાન' જેવી ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યા છે.



# 'શોલે'ના લેખક સલીમ-જાવેદ 'એક આખરી ફિલ્મ' માટે સાથે આવશે

## એમેઝોન પ્રાઇમ સલીમ જાવેદ અને જાવેદ અખ્તરની આઇકોનિક જોડી પર એક નવી ડોક્યુમેન્ટ્રી લઇને આવી રહ્યું છે



એમેઝોન પ્રાઈમ સલીમ જાવેદ અને જાવેદ અખ્તરની આઈકોનિક જોડી પર એક નવી ડોક્યુમેન્ટ્રી લઈને આવી રહ્યું છે, જેનું નામ 'એંગ્રી યંગ મેન' છે. આ ડોક્યુમેન્ટરીનું ટ્રેલર મંગળવારે લૉન્ચ કરવામાં આવ્યું હતું અને જાવેદ અખ્તરે આ ઈવેન્ટ પર એક જાહેરાત કરી છે જે કોઈપણ ફિલ્મ ચાહકો માટે ખૂબ જ રોમાંચક છે  હિન્દી ફિલ્મોની દુનિયામાં 'એન્ગ્રી યંગ મેન'ની વિસ્ફોટક છબી ઉભી કરનાર આઈકોનિક લેખક જોડી સલીમ-જાવેદને સિનેમા ચાહકો ભૂલી શકતા નથી. આ જોડીએ સાથે મળીને દીવાર, જંજીર, શોલે, કાલા પથ્થર અને ત્રિશુલ જેવી ઘણી અદ્ભુત ફિલ્મો લખી છે. તેથી જ ૧૯૮૨ માં આ આઈકોનિક કપલનું બ્રેકઅપ હિન્દી ફિલ્મ ચાહકો માટે હૃદયદ્રાવક હતું. પરંતુ હવે આ જોડી ફરી એકવાર સાથે આવવાની છે. એમેઝોન પ્રાઈમ સલીમ જાવેદ અને જાવેદ અખ્તરની આઈકોનિક જોડી પર એક નવી ડોક્યુમેન્ટ્રી લઈને આવી રહ્યું છે, જેનું નામ 'એંગ્રી યંગ મેન' છે. આ ડોક્યુમેન્ટરીનું ટ્રેલર મંગળવારે લૉન્ચ કરવામાં આવ્યું હતું અને જાવેદ અખ્તરે આ ઈવેન્ટ પર એક જાહેરાત કરી છે જે કોઈપણ ફિલ્મ ચાહકો માટે ખૂબ જ રોમાંચક છે. 'એંગ્રી યંગ મેન' ડોક્યુમેન્ટરીના ટ્રેલર લોન્ચ સમયે, જાવેદ અખ્તરે જાહેરાત કરી કે તે તેના જૂના પાર્ટનર સલીમ ખાન સાથે ફરી એકવાર કામ કરવા જઈ રહ્યો છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના એક અહેવાલ અનુસાર, ટ્રેલર લોન્ચ સમયે, જ્યારે બોલિવૂડના ઘણા આઈકોનિક ડાયલોગ્સ આપનાર આ જોડીને પૂછવામાં આવ્યું કે, તેમની ફિલ્મોમાંથી તેમનો ફેવરિટ ડાયલોગ કયો છે? તો જાવેદ અખ્તરે કહ્યું, 'હવે તે આવશે.' આ સાંભળીને લોકો મૂંઝવણમાં પડી ગયા. આ મૂંઝવણને દૂર કરતા જાવેદ સાહેબે આગળ કહ્યું, 'અમે ફરીથી લખવાના છીએ. મેં સલીમ સાહેબ સાથે વાત કરી કે એક છેલ્લી ફિલ્મ સાથે મળીને લખવી જોઈએ. આ કાર્યક્રમમાં હાજર રહેલા સલીમ ખાનના પુત્ર સુપરસ્ટાર સલમાન ખાને આ જાહેરાત પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'લાઈન અહીંથી શરૂ થાય છે.' સલીમ-જાવેદની જોડી તેમના સમયમાં હિન્દી ફિલ્મોની સૌથી મોંઘી લેખક જોડી હતી. એવું પણ કહેવાતું હતું કે ઘણી ફિલ્મોમાં તેની ફી ફિલ્મના હીરો કરતા વધુ હતી. 'એંગ્રી યંગ મેન'ના ટ્રેલર લૉન્ચ વખતે તેની ફીની મજાક ઉડાવતા જાવેદ અખ્તરે કહ્યું કે તે અને સલીમ ખાન ૭૦ના દાયકામાં હીરો કરતા વધુ ફી લેતા હતા.

## એડવાન્સ બુકિંગમાં ફિલ્મ 'સ્ત્રી ૨'ને આભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે

# 'સ્ત્રી ૨'એ 'કલ્કિ' ફિલ્મને એડવાન્સ બુકિંગમાં માત આપી



## એડવાન્સ બુકિંગમાં પહેલા દિવસે 'કલ્કિ ૨૮૯૮ એડી' અને 'ફાઈટર'નું કુલ હિન્દી કલેક્શન રૂ.૨૨.૫ કરોડ

એડવાન્સ બુકિંગમાં 'સ્ત્રી ૨'ને આભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. જેના કારણે આ વર્ષે સૌથી મોટુ ઓપનિંગ મેળવનારી બોલિવૂડ ફિલ્મ તરીકે 'સ્ત્રી ૨'ને સ્થાન મળે તેવી શક્યતા છે. એડવાન્સ બુકિંગમાં પહેલા દિવસે આ ફિલ્મે 'કલ્કિ ૨૮૯૮ એડી' હિન્દી અને 'ફાઈટર'ને પછડાટ આપી છે. સ્વતંત્રતા દિવસે રિલીઝ થઈ રહેલી 'સ્ત્રી ૨'નો એડવાન્સ બુકિંગમાં સારો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.  અમર કૌશિકના ડાયરેક્શનમાં બનેલી 'સ્ત્રી ૨' માટે ગુરુવારનો પહેલો દિવસ રૂ.૨૦ કરોડનો રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. એડવાન્સ બુકિંગમાં પહેલા દિવસે 'કલ્કિ ૨૮૯૮ એડી' અને 'ફાઈટર'નું કુલ હિન્દી કલેક્શન રૂ.૨૨.૫ કરોડ હતું. સોમવારે સવારે ૯ સુધીમાં શ્રદ્ધા કપૂર અને રાજકુમાર રાવની આ ફિલ્મની ૧.૨ લાખ ટિકિટ્સ વેચાઈ હતી. આ ફિલ્મે અત્યારસુધી ૪.૦૯ કરોડનું ગ્રોસ કલેક્શન મેળવી લીધું છે જે લેટેસ્ટ રિલીઝ 'ઔરો મેં કહાં દમ થા' અને 'ઉલઝ' કરતાં વધારે છે.  'સ્ત્રી ૨'માં મોટાં સ્ટાર્સ અને તોતિંગ બજેટ નહીં હોવા છતાં ઓડિયન્સમાં ઉત્સુકતા જોવા મળે છે. પહેલા દિવસની શરૂઆત ફિલ્મ મેકર્સની અપેક્ષા કરતાં પણ વધારે સારી રહેવાનો અંદાજ છે. સ્વતંત્રતા દિવસે સ્પોટ બુકિંગના ધસારાને જોતાં આ ફિલ્મ પહેલા દિવસે ભારતમાં રૂ.૩૦ કરોડનું નેટ કલેક્શન નોંધાવે તો પણ નવાઈ જેવું નથી. સ્વતંત્રતા દિવસે 'સ્ત્રી ૨'ની સીધી ટક્કર 'ખેલ ખેલ મૈં' અને 'વેદા' સાથે થવાની છે. બંને ફિલ્મોના એડવાન્સ બુકિંગમાં ખાસ ઉત્સાહ હજુ દેખાયો નથી. અક્ષય કુમારની ફિલ્મની ૨૦૦૦ ટિકિટ્સ અને જ્હોન અબ્રાહમની ફિલ્મની ૬૦૦૦ ટિકિટ હજુ વેચાઈ છે. જેને જોતાં 'સ્ત્રી ૨'નો માર્ગ ઘણો સરળ દેખાય છે.


ફિલ્મ 'લૈલા મજનૂ' ઐતિહાસિક રેકોર્ડ બનાવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે

# લૈલા મજનૂની રી-રિલીઝે અજયની ફિલ્મને હંફાવી

## જાણીતી કથા આધારિત આ ફિલ્મમાં તૃપ્તિ ડિમરી અને અવિનાશ તિવારી લીડ રોલમાં જોવા મળ્યાં હતા

કાલ્પનિક વિશ્વને વાસ્તવિકતા સાથે જોડીને પોતાની ફિલ્મોની અલગ દુનિયા ક્રિએટ કરવામાં માનતા ઈમ્તિઆઝ અલીએ ૨૦૧૮માં અનંત પ્રેમની કથા 'લૈલા મજનૂ' લખી. તેના ભાઈ સાજિદ અલી દ્વારા આ ફિલ્મ ડિરેક્ટ કરવામાં આવી હતી. લૈલા મજનૂની લોકપ્રિય અને જાણીતી કથા આધારિત આ ફિલ્મમાં તૃપ્તિ ડિમરી અને અવિનાશ તિવારી લીડ રોલમાં જોવા મળ્યાં હતા. આ ફિલ્મને હવે રિ રિલીઝ કરવામાં આવી છે, જેણે અજય દેવગન અને તબુની ફિલ્મને પણ પાછળ રાખી દીધી છે. આ શુક્રવારે ફિલ્મ રિલીઝ થઈ ત્યારે તેણે પહેલાં દિવસે જ ૩૦ લાખની કમાણી કરી લીધી હતી. જ્યારે વીકેન્ડમાં આ ફિલ્મે ૧૧૦ ટકાના વધારા સાથે ફલાંગ મારીને ૭૦ લાખની કમાણી કરી હતી. આમ બે જ દિવસમાં આ ફિલ્મ ૧ કરોડે પહોંચી ગઈ હતી. બે દિવસમાં આ ફિલ્મે એવી કમાણી કરી કે લોકો માને છે કે છેલ્લા કેટલાંક સમયથી




બોલિવૂડ જે સફળતાની ઓટ અનુભવી રહ્યું હતું, તે આ ફિલ્મથી ધોવાઈ જશે. આ ફિલ્મ ૨૦૧૮માં રિલીઝ થઈ ત્યારે થિએટરમાં ખાસ ચાલી નહોતી પરંતુ સમય જતાં તેણે એક ચોક્કસ વર્ગની ગમતી ફિલ્મોની યાદીમાં સ્થાન મેળવી લીધું હતું. તેમજ તેના ગીતો 'ઓ મેરી લૈલા' અને 'આહિસ્તા'એ લોકોના દિલોમાં ખાસ સ્થાન બનાવ્યું હતું. આ ફિલ્મે રિ રિલિઝ બાદ પહેલાં બે જ દિવસમાં કરેલી આવકને આધારે એવું ધારવામાં આવે છે કે રવિવારે પણ આ ફિલ્મે પહેલાં બે દિવસને સમકક્ષ કમાણી કરી હશે. તેથી લગભગ ૨ કરોડ વધુ કમાયા હોવાની આશા છે. ૨૦૧૮માં આ ફિલ્મને માત્ર ૨.૧૮ કરોડની આવક થઈ હતી, ત્યારે જો ત્રણ દિવસમાં આ ફિલ્મ ૨ કરોડ કમાઈ હોય તો તેને ઐતિહાસિક ૯૧ ટકા નફો ગણવામાં આવી રહ્યો છે. અન્ય મહત્વની વાત છે કે આ ફિલ્મ હાલ અજય દેવગન અને તબ્બુની 'ઔરોં મેં કહાં દમ થા'થી પણ આગળ વધી ગઈ છે, કારણ કે તેને રિલીઝના બીજા શનિવારે માત્ર ૫૪થી ૫૬ લાખની જ આવક થઈ છે. પહેલી વખત ફિલ્મ ભલે ખાસ ન ચાલી છતાં બીજી વખત રિલીઝ કરી ત્યારે જે રીતે લોકોએ પ્રેમ દર્શાવ્યો છે, તે સાબિત કરે છે કે કન્ટેન્ટનો જાદુ શું છે અને ફિલ્મનું ટાઈમિંગ કેટલું મહત્વનું છે. જો ફિલ્મનું કન્ટેન્ટ સારું હશે તો એ ચાલવાની જ છે અને પહેલી વખત નિરાશા મળી હોવા છતાં જો ફિલ્મ સારી બની હશે તો તેને ફરી રિલીઝ કરીને પણ તેનો જાદુ લોકો સુધી પહોંચશે જ. તેનો શ્રેય આ વર્ષો દરમિયાન લોકોએ એકબીજા સમક્ષ કરેલી ફિલ્મની સરાહનાને જાય છે, સાથે જ 'એનિમલ' પછી દેશની ભાભી નં. ૨ ગણાતી તૃપ્તિ ડિમરીની લોકપ્રિયતા પણ આ સફળતા પાછળ કામ કરતી હોવાનું મનાય છે.

પ્રિયંકા ચોપરા અને રિચાર્ડ મેડનની સિટાડેલ માર્વેલની પહેલી સીઝન કંઈ ખાસ ચાલી નથી

# સિટાડેલ-૨ને માર્વેલની ફિલ્મોની માઠી અસરનો ડર

## પ્રિયંકા ચોપરા જાહેર કરી ચૂકી છે કે તે 'ધ બ્લફ'નું શૂટ પૂરું કરીને 'સિટાડેલ ૨'નું કામ શરૂ કરશે

માર્વેલના ફૅન્સ ઘણા ઉત્સાહિત છે, કારણ કે માર્વેલ ફેન્ચાઈઝીની ફિલ્મોના જાણીતા ડિરેક્ટર્સ ભાઈઓની જોડી રૂસો બ્રધર્સે ગયા અઠવાડિયે જાહેરાત કરી છે કે તેઓ રોબર્ટ ડાઉની જુનિયર સાથે માર્વેલ સિનેમેટિક યુનિવર્સની આગામી ફિલ્મ 'એવેન્જર્સ ડૂમ્સ ડે' અને 'એવેન્જર્સઃ સિક્રેટ વોર્સ' સાથે માર્વેલની દુનિયામાં પાછા ફરી રહ્યા છે. ત્યારે બીજી તરફ તેઓ પ્રિયંકા ચોપરાની 'સિટાડેલ ૨' માટે શૂટિંગ શરૂ કરવા જઈ રહ્યા છે, જેમાં પ્રિયંકા સાથે રિચર્ડ મેડન લીડ રોલમાં જોવા મળશે. પ્રિયંકાની સિટાડેલની પહેલી સીઝન ખાસ ચાલી નથી, ત્યારે હવે સિરીઝની કાસ્ટ અને પ્રિયંકાના ફૅન્સને તેની બીજી સીઝન સાથે ઘણી




અપેક્ષાઓ છે. ભલે રૂસો બ્રધર્સે સ્પાય થ્રિલર સિટાડેલનું કામ પહેલાં શરૂ કર્યુ હોય તેમ છતાં માર્વેલ યુનિવર્સના જટિલ વિષયો અને તેની વૈભવી સ્ટોરી અને દુનિયાના કારણે ફૅન્સને ડર છે કે તેની અસર સિટાડેલ પર પડશે. એમસીયૂની લોકપ્રિયતા પાછળ રૂસો બ્રધર્સનો ફાળો ઘણો મોટો મનાય છે. જેઓ 'એવેન્જર્સ એન્ડગેમ' જેવી સફળ ફિલ્મો આપી ચૂક્યા છે. હવે 'સિટાડેલ ૨'માં પણ તેમનું યોગદાન મહત્વનું માનવામાં આવે છે.

શરૂઆતમાં તેઓ આ સિરીઝનાં બધાં જ એપિસોડ ડિરેક્ટ કરાવાના હતાં પણ હવે એમસીયૂમાં તેઓ પાછા ફરતાં કદાચ તેમની પ્રાથમિકતાઓ બદલાય તેવી શક્યતા છે. કારણ કે હવે જો સિટાડેલના ત્રણ કે ચાર એપિસોડ જ ડિરેક્ટ કરશે, જોકે, હજુ એ પણ સ્પષ્ટ નથી કે આ સીઝનના કેટલાં એપિસોડ હશે.  એવા પણ અહેવાલો સામે આવી રહ્યા છે કે રૂસો બ્રધર્સને માર્વેલની ફિલ્મો માટે ૮૦ મિલિયન ડોલર મળી રહ્યા છે, અને તેઓ આ ફિલ્મોને પ્રોડ્યુસ પણ કરી રહ્યા છે. બીજી તરફ સિટાડેલની પહેલી સીઝનને મળેલા પ્રતિસાદને કારણે તેઓ ફરી માર્વેલને પ્રાથમિકતા આપતા હોવાની પણ ચર્ચાઓ ચાલી છે.

એક માહિતિ એવી પણ છે કે માર્વેલની એક ફિલ્મ ૧ મે ૨૦૨૬ ના રોજ રિલીઝ થશે અને બીજી ફિલ્મ ૭ મે ૨૦૨૭ના દિવસે, જ્યારે સિટાડેલની બીજી સીઝન ક્યારે સ્ટ્રીમ થશે તે અંગે હજુ કોઈ જ માહિતિ નથી. પ્રિયંકા ચોપરા જાહેર કરી ચૂકી છે કે તે 'ધ બ્લફ'નું શૂટ પૂરું કરીને 'સિટાડેલ ૨'નું કામ શરૂ કરશે, ત્યારે હવે રૂસો બ્રધર્સ તેનું શૂટ વહેલું શરુ કરી રહ્યાં છે કે કેમ તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા થતી નથી.

# બી એ પી એસ ના અમેરિકા ખાતેના સુવર્ણ વર્ષને બિરદાવતી કેલીફોર્નીયા વિધાનસભા



। અમદાવાદ, તા.૧૪ ।

અમેરિકામાં BAPS સંસ્થાની સ્થાપનાને પચાસ વર્ષ પૂર્ણ થતાં, કેલીફોર્નીયા રાજ્યની વિધાનસભાએ, સંસ્થાનું બહુમાન કરતો કરેલ ઠરાવ પૂજ્ય ડો. જ્ઞાનવત્સલ સ્વામી તથા પૂજ્ય સંતોને ધારાસભા ગૃહમાં અર્પણ કર્યો હતો. પાંચમી ઓગસ્ટે ધારાસભાના સત્ર માં યોજાયેલ આ કાર્યક્રમની તસ્વીરમાં સંતોને બહુમાન અર્પણ કરતા સભ્યશ્રી એલેક્સ લી (Alex Lee). સેનેટર શ્રી ડેવ કોર્ટીસ એ (Dave Cortese) મુલાકાત શુભેચ્છા પાઠવી હતી.

# ગાંધીનગર ખાતે કેન્દ્રિય જળ શક્તિ મંત્રાલય ના સહયોગથી 'નેશનલ સ્પેસ ડે' ઉજવાયો

## અંદાજે ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ સ્પેસ સંબંધી ચિત્ર, નિબંધ, ક્વીઝ જેવી વિવિધ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો

। (માહિતી) ગાંધીનગર, તા.૧૪ ।

કેન્દ્રિય જળ શક્તિ મંત્રાલય તેમજ જળ સંપત્તિ વિભાગના સંયુક્ત ઉપક્રમે શ્રી જે.એમ. ચૌધરી શિક્ષણ સંકુલ, ગાંધીનગર ખાતે 'નેશનલ સ્પેસ ડે'ની પ્રિ-ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના બાળકો વિજ્ઞાનલક્ષી પ્રવૃતિઓમાં જોડાય તેમજ અવકાશ ક્ષેત્રે વધુ જાગૃત થાય તેવા ઉમદા આશયથી આ કાર્યક્રમ ઉજવાયો હતો. આ ઉજવણીમાં અંદાજે ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ સ્પેસ સંબંધિત ચિત્ર, નિબંધ, ક્વીઝ જેવી વિવિધ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે જ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી સમગ્ર કાર્યક્રમનો યુ-ટ્યુબ પર લાઈવ પ્રસારણ કરવામાં પણ આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, સ્વદેશી ચંદ્રયાન-૩એ ગત તા. ૨૩ ઓગસ્ટ-૨૦૨૩ના રોજ સફળતાપૂર્વક ચંદ્રની ધરતી પર પ્રથમવાર ઉતરાયણ કર્યું હતું, ત્યારથી જ આ દિવસને અવકાશ વૈજ્ઞાનિકોના



સહયોગને બિરદાવવા- યાદગીરી રૂપે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ દિવસને 'નેશનલ સ્પેસ ડે' તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

વધુમાં, ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ISRO) દ્વારા વિવિધ મહત્વાકાંક્ષી મિશનો પૂર્ણ કરવામાં આવ્યા છે, જેમાં ચંદ્રયાન શ્રેણીના મિશનોનો પણ સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૯માં ચંદ્રયાન-૨ પછી ભારતે વર્ષ ૨૦૨૩માં ચંદ્રયાન-૩ મિશનનું સફળ પ્રક્ષેપણ કર્યું, જે ભારતના વૈશ્વિક અવકાશયાન પ્રવાસમાં એક મહત્વપૂર્ણ પગલું છે, તેમ જળ સંપત્તિ વિભાગની યાદીમાં જણાવાયું છે.

# સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે વલસાડમાં ખાદી પ્રેમ છલકાયો, લોકોએ ગર્વભેર ખરીદી કરી ખાદીની ખુમારી દર્શાવી

## વલસાડ અને ધરમપુરમાં ૧૪ દિવસમાં લોકોએ રૂ. ૧. ૪૪ લાખના માત્ર ખાદીના તિરંગા ખરીદી દેશપ્રેમ વ્યક્ત કર્યો

। (માહિતી) ગાંધીનગર, તા.૧૪ ।

આઝાદીની લડતમાં ખાદીનું મહત્વ અમૂલ્ય રહ્યું છે. અંગ્રજોની ગુલામીમાંથી દેશને આઝાદ કરવા માટે લોકો સ્વાવલંબન બને અને રોજગારી મેળવી શકે તે માટે મહાત્મા ગાંધીજીએ ખાદીનો વિચાર આપ્યો હતો. ખાદી એ માત્ર વસ્ત્ર નથી પરંતુ એક વિચાર છે એક વિચારધારા છે. આઝાદી સમયે ખાદી સ્વદેશી કાપડનો મંત્ર હતો. આઝાદી મળ્યા બાદ આજે તા. ૧૫ ઓગસ્ટે સમગ્ર દેશ ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની હર્ષોલ્લાભેર ઉજવણી કરી રહ્યો છે ત્યારે આટલા દાયકા પછી પણ ખાદીનું મહત્વ અને તેની લોકપ્રિયતા અકબંધ રહી છે.

સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે વલસાડના ખાદી ભંડારમાં શહેરીજનોનો ખાદી પ્રત્યે પ્રેમ છલકાયો હતો. ખાદીના વસ્ત્રો અને તિરંગાની ખરીદી કરવા માટે ઉમટયા હતા. છેલ્લા ૧૪ દિવસમાં વલસાડ અને ધરમપુરના ખાદી ભંડારમાંથી લોકોએ દેશપ્રેમ છલકાવતી ખાદીના રૂ. ૧ લાખ ૪૪ હજારના તિરંગા ખરીદી ખાદીની ખુમારી દર્શાવી છે. ખાદી ગાંધીજીના સિધ્ધાંતોનું પ્રતિબિંબ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના મતે ભારતીય અર્થતંત્રમાં પ્રમુખધારા બની શકે તેવી ક્ષમતા ખાદી ધરાવે છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં વિદેશી વસ્તુના બહિષ્કારનો



નારો ચાલ્યો હતો ત્યારે સ્વાવલંબન માટે ખાદી કાંતવુ મુખ્ય હતું. ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યા પહેલા વર્ષ ૧૯૫૬થી વલસાડમાં ખાદીની પ્રવૃત્તિ વલસાડ તાલુકા ખાદી અને ગ્રામોદ્યોગ સહકારી મંડળી દ્વારા ચલાવવામાં આવી રહી છે. સમયની સાથે ખાદીમાં પણ અલગ અલગ વેરાઈટીઝ આવતા યુવા પેઢીમાં પણ ખાદી લોકપ્રિય બની છે. યુવાન યુવતીઓ ખાદીને હવે ફેશનના રૂપમાં અપનાવી રહ્યા છે. પરંપરાગત વસ્ત્રોના બજારમાં ખાદીએ ફેશન આઈકોન તરીકે પોતાની અલગ જ ઓળખ પ્રસ્થાપિત છે. જેથી ખાદીનો ભાવ વધવા છતાં લોકોમાં આજે પણ ખાદી પ્રત્યે ગર્વ અને પ્રેમ છે. ત્યારે વલસાડમાં પણ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પૂર્વે લોકો ખાદીની ઉત્સાહભેર ખરીદી કરી રહ્યા છે.

# ઝાલોદ મઘાનીસર મુકામે તિરંગા યાત્રા યોજાઈ અને દશામાંની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાત સહીત દેશભરમાં હર ઘર તિરંગા અભિયાનની ગૌરવભેર ભવ્ય ઉજવણી અંતર્ગત આજે મઘાનિસર ખાતે તિરંગા યાત્રા તેમજ સંસ્કૃતિ પ્રમાણે ચાલતા દશામાં વ્રતોની પુર્ણાહુતી સાથે માતાજીનું વિસર્જન આયોજન કરવામાં આવ્યું હતું.આ તિરંગા યાત્રા તેમજ વિસર્જન સમારોહમાં ૧૪ ગામડી જીલ્લા સભ્ય શ્રીમતી સુમનબેન ડામોર, પૂર્વ પાર્ટી પ્રમુખ ભાજપા શ્રી મુકેશભાઈ ડામોર,આગેવાનો તેમજ બહુળી સંખ્યામાં ગ્રામજનો સહભાગી થયાં હતા.

# ઝાલોદ તાલુકાના ચિત્રોડીયા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તિરંગા રેલી કાઢવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ ।

ઝાલોદ તાલુકાના ચિત્રોડિયા ગામમાં આવેલ શ્રી ગાયત્રી માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવેલ હાકલને અનુસરી શ્રી ગાયત્રી માધ્યમિક શાળા ચિત્રોડીયાના વિધાર્થીઓ દ્વારા ગ્રામ લોકો અને વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર ભાવના સાથે જાગૃતિ ઉજાગર થાય તે અંતર્ગત વિધાર્થીઓ દ્વારા સૂત્રોચ્ચાર સાથે ત્રિરંગા રેલી કાઢી અને ચિત્રોડિયા ગામમાં આ રેલી ફરી ત્યાર બાદ શાળામાં રંગોળી બનાવીને વિદ્યાર્થીનીઓએ પોતાનો દેશ પ્રેમ દર્શાવીઓ હતો.

# તિલકવાડા નગરમાં યોજાયેલી 'તિરંગા યાત્રા'એ આકર્ષણ જમાવ્યું



। (માહિતી) ગાંધીનગર, તા.૧૪ ।

દેશની આઝાદીના ૭૭ વર્ષ પૂર્ણ થવાના અવસરે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'હર ઘર તિરંગા' અભિયાનનું આહ્વાન કર્યું છે. ત્યારે સમગ્ર રાજય સહિત નર્મદા જિલ્લામાં પણ આ અભિયાન વેગવંતુ બન્યું છે. નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં બુધવારે તિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં પોલીસના જવાનો શિસ્તબદ્ધ રીતે હાથમાં તિરંગો લઈને નગરના માર્ગો ઉપરથી પસાર થતાં અનેરૂં આકર્ષણ જમાવ્યું હતું. આ યાત્રામાં પોલીસ જવાનો સાથે અન્ય અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ સ્થાનિક અગ્રણીઓ, ચૂંટાયેલા સભ્યો અને નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા.

# જાગુના મુવાડા ગામે જાગનાથ મહાદેવે હવન



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના જાગુના મુવાડા ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણ સુદ આઠમને મંગળવાર તારીખ ૧૩/ ૮ /૨૦૨૪ ના રોજ ગ્રામજનો દ્વારા ગામની સુખાકારી માટે નવચંડી હવન નો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. ગામના મુખી યજમાન શ્રી પ્રવીણભાઈ પી. પટેલ ના હસ્તે પૂજા કરવામાં આવેલ હતી. શાસ્ત્રી શ્રી ભરતભાઈ પંડ્યા, શ્રી ગોપાલભાઈ પંડ્યા, શ્રી જયપ્રકાશભાઈ જોશી, તથા શ્રી નૈતિકભાઈ ઉપાધ્યાય દ્વારા પૂજન અર્ચન કરાવવામાં આવેલ હતું.અંતે સૌ ગ્રામજનોએ આરતી પ્રસાદી લઈ ધન્યતા અનુભવી હતી.

## સ્કૂલ ગેમ્સ ફેડરેશન અંતર્ગત જિલ્લા કક્ષા હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ

# ધોળકા ખાતે યોજાયેલી ભાઈઓ બહેનોની જિલ્લા કક્ષા હેન્ડબોલ સ્પર્ધામાં ૩૨ થી વધુ ટીમોએ ભાગ લીધો



। (માહિતી) અમદાવાદ, તા.૧૪ ।

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, અમદાવાદ ગ્રામ્યના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહેલી શાળાકીય સ્પર્ધાઓ (SGFI - સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા) અંતર્ગત હેન્ડબોલની જિલ્લા કક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષા હેન્ડબોલ ભાઈઓ-બહેનોની સ્પર્ધા આર. ડી.શાહ આર્ટસ એન્ડ વી.ડી.શાહ કોમર્સ કોલેજ, ધોળકા ખાતે યોજાઈ હતી. જેમાં ભાઈઓમાં ૧૭થી વધુ અને બહેનોમાં ૧૫ થી વધુ ટીમો મળીને કુલ ૩૨ ટીમોએ વિવિધ કેટેગરીમાં ભાગ લીધો હતો.

આ પ્રસંગે જિલ્લા રમત ગમત અધિકારી અમદાવાદ ગ્રામ્ય અને કોલેજના પ્રિન્સીપાલ ડો. નરેન્દ્રસિંહ ક્ષત્રિયએ ઉપસ્થિત રહીને ખિલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## ભવ્ય તિરંગા યાત્રામાં જોવા મળ્યો હજારો ભરૂચનગરવાસીઓનો અભૂતપૂર્વ ઉત્સાહ

# વંદે માતરમ, ભારત માતા કી જયના જયઘોષ સાથે ભરૂચ શહેર દેશભક્તિના રંગમાં રંગાયું

। (માહિતી) ગાંધીનગર, તા.૧૪ ।

જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વ અંતર્ગત 'હર ઘર તિરંગા' અભિયાનનો અનેરો ઉત્સાહ છે.જિલ્લામાં તાલુકા અને નગરપાલિકા કક્ષાની ઉજવણી અંતર્ગત ઠેર-ઠેર તિરંગા યાત્રાઓ યોજવામાં આવી રહી છે. સ્વાતંત્ર્ય પર્વની આન, બાન, શાનથી ઉજવણીની તૈયારીઓ વચ્ચે ભરૂચમાં ધારાસભ્યશ્રી રમેશભાઈ મિસ્ત્રીની અધ્યક્ષતામાં નીકળેલી ભવ્યાતિભવ્ય તિરંગા યાત્રામાં અનેરો થનગનાટ અને અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. આ 'તિરંગા યાત્રા' માં તાલુકા પ્રમુખ સહિત તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યો અને ભરૂચના પ્રાંત અધિકારી અને મામલતદારશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રી સહભાગી બન્યા હતા. તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવતા પહેલા તિરંગાને શાનથી લહેરાવતા ભરૂચવાસીઓમાં અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો. આઝાદીના અમૃતકાળમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનથી હર ઘર તિરંગાનું રાષ્ટ્રવ્યાપી અભિયાન ચાલી રહ્યું છે. ભરૂચ તાલુકા વહીવટીતંત્ર દ્વારા આજરોજ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભરૂચના



ધારાસભ્યશ્રી રમેશભાઈ મિસ્ત્રીની ખાસ ઉપસ્થિતિમાં ભોલાવ સર્કીટ હાઉસથી તિરંગાયાત્રાનો પ્રારંભ થયો હતો. દેશભકિતના નારા સાથે ભરૂચના જાહેર રસ્તાઓ ગૂંજી ઉઠ્યા હતા. આ રેલી ભોલાવ સર્કીટ હાઉસથી એ.બી.સી ચોકડી પાસે રેલીનું સમાપન કરવામાં આવ્યું હતું. જ્યાં ભોલાવ બસ સ્ટેન્ડ પાસે ધ્વજનું અભિવાદન કરવામાં આવ્યું હતું. બાળકો દેશ માટે શહીદ થયેલા સ્વાતંત્ર્ય સેનાનીઓની વેશભૂષા પહેરીને તિરંગા યાત્રામાં જોડાયા હતા. આ રેલીમાં ભરૂચ પોલીસ જવાન, હોમગાર્ડ જવાન, BTET ના જવાનો, તાલુકાના સભ્યશ્રીઓ, શાળાના બાળકો, વિવિધ દર્દ તથા તાલુકા વહીવટીતંત્રના કર્મચારીઓ વિશાળ સંખ્યામાં રેલીમાં જોડાયા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.

### વૃષભ (બ,વ,ઉ) :

આજથી તમે ખુશ થાવ કેમ કે તમારો સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે. આજે તમને કામના સ્થળે એ જાણવા મળી શકે છે કે જેને તમે તમારો દુશ્મન ગણતા હતા.

### મિથુન (ક,છ,ઘ) :

આજે માનસિક ભય તમને હતોત્સાહ કરી શકે છે. હકારાત્મક રીતે વિચારવું તથા ઉજળી બાજુ તરફ જોવું એ આ ભયને કિનારે રાખશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. પત્ની તમને તમારૂં જીવન બદલવામાં મદદ કરશે. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે.

### કર્ક (ડ,હ) :

આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. તમારૂં પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે અને લગ્નનો પ્રસ્તાવ મળશે. આજે તમે કેન્દ્રસ્થાન રહેશો- અને સફળતા પણ તમારી પહોંચમાં જ છે.

### સિંહ (મ,ટ) :

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમારા જીવનસાથીના સંબંધીઓ તરફથી સર્જાતા અવરોધોને કારણે તમારો દિવસ થોડોક અડચણભર્યો રહેશે.

### કન્યા (પ,ઠ,ણ) :

આજે કોઈ ઈજા ન થાય તે માટે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. નાણાકીય દૃષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે.

### તુલા (ર,ત) :

આજે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. નાણાકીય દૃષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે.

### વૃશ્ચિક (ન,ય) :

આજે કોઈક તમને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરશે, આથી સચેત રહેજો. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. મહેમાનો તમારા ઘરની મુલાકાત લેશે જેને કારણે તમારો દિવસ સુંદર અને અદભુત બની જશે.

### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે તમારી અંદર રોજ કરતા થોડી વધારે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે.

### મકર (ખ,જ) :

આજે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે.

### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો. મિત્રો તથા નિકટજનો તમારી તરફ મદદનો હાથ લંબાવશે.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજે તમારી માટે કોઈ કામ કરવા માટે લોકો પર દબાણ લાવશો નહીં કે તેમને એવું કરવાની ફરજ પણ પાડશો નહીં. અન્યોની જરૂરિયાતો તથા હિતોના સંદર્ભમાં પણ વિચારો એનાથી તમને અનહદ આનંદ મળશે. તમારી ઈચ્છાઓ પૂર્ણ થશે કેમ કે આશીર્વાદ અને સારૂં ભાગ્ય તમારી તરફ આવી રહ્યું છે-તથા અગાઉના દિવસની સખત મહેનત પણ રંગ લાવી રહી છે.

## ન્યૂઝ બ્રિફ

### તાંઝાનિયાનો નાગરિકના કોકીનથી ભરેલી ૬૩ કેપ્સ્યુલ સાથે ઝડપાયો હેડિંગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર તાંઝાનિયાના એક વ્યક્તિની કથિત રીતે તેના શરીરમાં છુપાયેલા કોકેનથી ભરેલી ૬૩ કેપ્સ્યુલ લઈ જવા બદલ એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. અધિકારીઓએ મંગળવારે આ માહિતી આપી હતી કે, આ વ્યક્તિ ૧ ઓગસ્ટના રોજ જ્યારે દાર એસ સલામ તાન્ઝાનિયા થી અદીસ અબાબા અને દોહા થઈને દિલ્હી પહોંચ્યો ત્યારે પકડાયો હતો. કસ્ટમ્સ વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘‘તપાસ દરમિયાન, મુસાફરે અધિકારીઓને કહ્યું કે તેણે ડ્રગ ધરાવતી ૬૩ કેપ્સ્યુલ ગળી હતી.’’ ત્યારબાદ પેસેન્જરને તબીબી પ્રક્રિયા માટે સફદરજંગ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે, ‘‘અહીં હોસ્પિટલમાં તેમના શરીરમાંથી ૬૩ કેપ્સ્યુલ્સ કાઢી નાખવામાં આવ્યા હતા. જ્યારે આ કેપ્સ્યુલ્સ કાપવામાં આવ્યા ત્યારે તેમાંથી ૯૯૮ ગ્રામ સફેદ રંગનો પાવડર મળી આવ્યો હતો જે માદક પદાર્થ હોવાની શંકા હતી અને તપાસ દરમિયાન તે કોકીન હોવાનું જાણવા મળ્યું હતું. મુસાફરની ધરપકડ કરવામાં આવી હતી અને ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું.

### દારૂના નશામાં એક યુવકે તેના મિત્રની ગળું દબાવી હત્યા કરી

। (એજન્સી) લખનૌ, તા.૧૪ ।

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌના ઈટાંજામાં ૮ ઓગસ્ટના રોજ થયેલી એક યુવકની હત્યા અંગે પોલીસે ખુલાસો કર્યો છે. આમાં, હત્યારો તેનો બાળપણનો મિત્ર હતો, જેણે દારૂના નશામાં તેના મિત્રની ગળું દબાવી હત્યા કરી હતી અને પછી ભાગી ગયો હતો. દરમિયાન, ડીસીપી ઉત્તર અભિજીત આર શંકરે જણાવ્યું હતું કે ઈટૌંજા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગોહના ખુર્દ ફાર્મની બાજુમાં એક ખાડાની અંદર એક અજાણી લાશ મળી આવી હતી, જેની ઓળખ ઈટૌંજાનાં આશિષ લોધી તરીકે થઈ હતી. આ પછી, મૃતકના પિતા દેશરાજ લોધી તરફથી કેસ દાખલ કરવામાં આવ્યો હતો અને આ કેસમાં પોલીસે ઘટનાનો ખુલાસો કર્યો છે.ડીસીપીએ કહ્યું કે હત્યાનો પર્દાફાશ કરવા માટે ચાર ટીમો બનાવવામાં આવી હતી, જેમાં હત્યારો બીજો કોઈ નહીં પણ તેનો બાળપણનો મિત્ર અનિલ વર્મા હોવાનું બહાર આવ્યું હતું. ડીસીપીએ વધુમાં જણાવ્યું કે, આરોપીનું ઘર મૃતકના ઘરથી લગભગ ૧૦૦ મીટર દૂર છે, બંને જૂના મિત્રો હતા.તેણે વધુમાં જણાવ્યું હતું કે, ‘‘આરોપીને પૂછતા ખબર પડી કે બંનેએ ખૂબ જ દારૂ પીધો હતો. બંનેએ લગભગ ૧૨ બોટલ દેશી દારૂ પીધો હતો. આ દરમિયાન આરોપીને તેની માતા અને બહેન દ્વારા અપમાનિત કરવામાં આવ્યો હતો. જેના કારણે તે ગુસ્સે થઈ ગયો હતો અને બંને વચ્ચે ઝઘડો થયો હતો અને ત્યારબાદ આરોપીએ મૃતકનું માળા અને શર્ટથી ગળું દબાવી દીધું હતું અને જ્યાં લાશ સંતાડી હતી તે જ જગ્યાએ ખાડો હતો.ડીસીપીએ એમ પણ કહ્યું કે મૃતદેહને ખેંચવા માટે જે કાપડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે પણ મળી આવ્યો છે. આ સાથે મૃતકે તેના ગળામાં પહેરેલી માળા પણ મળી આવી છે.

### વિદેશમાં ધરપકડ કરાયેલા ૯૦ ટકા ભિખારીઓ પાકિસ્તાની મૂળના

# સાઉદી અને યુએઈમાં ભિખારીઓના અપમાન બાદ પાકિસ્તા દ્વારા ઉઠાવામાં આવ્યું આ પગલું!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

છેલ્લા કેટલાક સમયથી સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત જેવા ખાડી દેશો પાકિસ્તાનને સતત ફરિયાદ કરી રહ્યા છે કે તેના નાગરિકો તેમના દેશોમાં આવીને ભીખ માંગે છે. આ ફરિયાદોથી પરેશાન પાકિસ્તાની સત્તાવાળાઓએ ભિખારીઓને રોકવા માટે પગલાં લીધાં છે. પાકિસ્તાને ભિખારીઓને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે શરમનો સામનો કરવો પડ્યો છે. મધ્ય પૂર્વના દેશો પાકિસ્તાનથી આવતા ભિખારીઓની સતત ફરિયાદો કરી રહ્યા છે, જેને જોતા હવે સત્તાવાળાઓએ મધ્ય પૂર્વમાં જતા પાકિસ્તાનીઓની સાવચેતીપૂર્વક તપાસ શરૂ કરી છે.પાકિસ્તાનની ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (FIA)ના એક વરિષ્ઠ અધિકારીએ પાકિસ્તાની અખબાર ‘ડોન’ને જણાવ્યું કે વિદેશમાં ભીખ માંગવાના વલણને રોકવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે એરપોર્ટ પરના ઈમિગ્રેશન સ્ટાફે છેલ્લા કેટલાક મહિનામાં ફ્લાઈટમાંથી ઘણા મુસાફરોને બહાર કાઢ્યા છે.તેમણે કહ્યું કે ભિખારીઓ પ્રવાસીઓના વેશમાં સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, ઈરાક, ઈરાન, ઓમાન અને તુર્કી જવા માટે આવે છે. પાકિસ્તાની અધિકારીઓએ પણ વિદેશમાં પાકિસ્તાની ભિખારીઓની વધતી સંખ્યા અંગે ચિંતા વ્યક્ત કરી છે. એક ટોચના અધિકારીએ સેનેટની સ્થાયી સમિતિ ઓન ઓવરસીઝ પાકિસ્તાનીઓને જણાવ્યું કે વિદેશમાં ધરપકડ કરાયેલા ૯૦ ટકા ભિખારીઓ પાકિસ્તાની મૂળના છે.આ વર્ષની શરૂઆતમાં સમિતિની અન્ય એક બેઠકમાં ગૃહ મંત્રાલયે દાવો કર્યો હતો કે વિદેશમાં ભીખ માંગવાના શંકાસ્પદ ૪૪,૦૦૦ મુસાફરોને ફ્લાઈટમાંથી ઉતારી દેવામાં આવ્યા હતા અને મધ્ય પૂર્વના દેશોમાં જતા અટકાવવામાં આવ્યા હતા. FIA સૂત્રોએ જણાવ્યું હતું કે ભિખારીઓની ‘ગેંગ’ મુખ્યત્વે દક્ષિણ પંજાબના જિલ્લાઓમાંથી કામ કરે છે, અને તેઓ ધાર્મિક પ્રવાસીઓના વેશમાં મુલતાન એરપોર્ટ દ્વારા વિદેશ જાય છે.FIA ગુજરાંવાલા એરિયા ડાયરેક્ટર કાદિર કમરે પણ કહ્યું હતું કે હવે એરપોર્ટ સ્ટાફ મુસાફરી દસ્તાવેજોની કડક તપાસ કરી રહ્યો છે અને નકલી અથવા શંકાસ્પદ દસ્તાવેજો ધરાવતા મુસાફરોને વિદેશ જવાની મંજૂરી આપવામાં આવી રહી નથી.

### હાથ બાંધીને બોટ પર બેસાડવામાં આવ્યા

## શેખ હસીનાના રોકાણ સલાહકાર અને બાંગ્લાદેશના પૂર્વ કાયદા મંત્રીની ધરપકડ

। (એજન્સી) ઢાકા તા.૧૪ ।

બાંગ્લાદેશમાં હિન્દુઓની સર્વોચ્ચ સંસ્થાએ મંગળવારે જણાવ્યું હતું કે ૫ ઓગસ્ટે શેખ હસીનાની આગેવાની હેઠળની સરકારના પતન પછી લઘુમતી હિન્દુ સમુદાયને ૪૮ જિલ્લામાં ૨૭૮ સ્થળોએ હુમલા અને ધમકીઓનો સામનો કરવો પડ્યો હતો. સર્વોચ્ચ સંસ્થાએ તેને ‘હિંદુ ધર્મ પર હુમલો’ ગણાવ્યો હતો. ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના રોકાણ સલાહકાર સલમાન એફ રહેમાન અને બાંગ્લાદેશના ભૂતપૂર્વ કાયદા પ્રધાન અનીસુલ હકની ઢાકાના સદરઘાટથી ભાગતી વખતે ધરપકડ કરવામાં આવી હતી. સૌથી ચોંકાવનારી વાત એ છે કે તેમને ગુનેગારોની જેમ દોરડાથી બાંધવામાં આવ્યા હતા. અને એક કલાકમાં જ તેના પર ડબલ મર્ડરનો આરોપ મુકાયો.બાંગ્લાદેશમાં હિન્દુઓની સર્વોચ્ચ સંસ્થાએ મંગળવારે જણાવ્યું હતું કે ૫ ઓગસ્ટે શેખ હસીનાની આગેવાની હેઠળની સરકારના પતન પછી લઘુમતી હિન્દુ સમુદાયને ૪૮ જિલ્લામાં ૨૭૮ સ્થળોએ હુમલા અને ધમકીઓનો સામનો કરવો પડ્યો હતો. સર્વોચ્ચ સંસ્થાએ તેને ‘હિંદુ ધર્મ પર હુમલો’ ગણાવ્યો હતો.બાંગ્લાદેશ નેશનલ હિંદુ ગ્રાન્ડ એલાયન્સના સભ્યોએ પણ તાજેતરના દિવસોમાં હુમલામાં થયેલા વધારા તરફ ધ્યાન દોર્યું અને કહ્યું, ‘આ દેશમાં અમારો પણ અધિકાર છે, અમારો જન્મ અહીં થયો છે.’ વડા પ્રધાન હસીનાએ દેશ છોડ્યા પછી, લઘુમતી હિન્દુ વસ્તીને ઘણા દિવસો સુધી હિંસાનો સામનો કરવો પડ્યો. તેમના ઘરો અને દુકાનો નાશ પામી અથવા બાળી નાખવામાં આવી. તેમની મિલકતો નાશ પામી હતી. નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસે ૮ ઓગસ્ટના રોજ વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર તરીકે ચાર્જ સંભાળ્યો હતો. ત્યારબાદ તેઓ પ્રખ્યાત ઢાકેશ્વરી મંદિર ખાતે હિન્દુ સમુદાયના સભ્યોને મળ્યા અને લોકોને તેમની સરકારની ભૂમિકાનું મૂલ્યાંકન કરતા પહેલા ‘ધીરજ રાખવા’ વિનંતી કરી. એલાયન્સના પ્રવક્તા અને કાર્યકારી સચિવ પલાશ કાંતિ ડેએ કહ્યું, ‘બદલાતા રાજકીય પરિદ્રશ્યને કારણે હિંદુ સમુદાય પર તોડફોડ, લૂંટફાટ, આગચંપી, જમીન હડપ કરવાની અને દેશ છોડવાની ધમકીની ઘટનાઓ વારંવાર બની રહી છે.’ ડેએ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન આરોપ લગાવ્યો કે, ‘આ માત્ર વ્યક્તિઓ પર હુમલો નથી, પરંતુ હિંદુ ધર્મ પર હુમલો છે.’ઢાકા ટ્રિબ્યુન અખબારે તેમને ટાંકીને કહ્યું, ‘સોમવાર સુધી ૪૮ જિલ્લામાં ૨૭૮ સ્થળોએ હિંદુ સમુદાય પર હુમલા અને ધમકીઓ આપવામાં આવી છે. અમે ગૃહ બાબતોના સલાહકાર બ્રિગેડિયર જનરલ (નિવૃત્ત) એમ સખાવત હુસૈનને અમારી ચિંતાઓ જણાવી છે, જેમણે અમને ખાતરી આપી છે કે આગામી કેબિનેટ બેઠકમાં આ મુદ્દાઓ ઉઠાવવામાં આવશે.ડેએ એ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગઠબંધન છેલ્લા ૨૪ વર્ષોમાં વિવિધ રાજકીય પક્ષો સમક્ષ તેની માંગણીઓ રજૂ કરે છે, પરંતુ તે પૂર્ણ કરવામાં આવી નથી. તેમણે કહ્યું, હવે અમને આશા છે કે વચગાળાની સરકાર અમારી જૂની માગણીઓ પર ધ્યાન આપશે.

### હાઈકોર્ટે ઝારખંડ સરકારને નિર્દેશ આપ્યો

## સંથાલ પરગણામાં ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતીઓની ઓળખ થવી જોઈએ...

**બેન્ચે કહ્યું કે પડોશી દેશથી ગેરકાયદેસર ઇમિગ્રેશન એ ખતરનાક પ્રસ્તાવ છે, જે રાજ્ય અને કેન્દ્ર માટે ગંભીર ચિંતાનો વિષય છે**

। (એજન્સી) ઝારખંડ, તા.૧૪ ।

ઝારખંડ હાઈકોર્ટે કહ્યું કે રેશન કાર્ડ, આધાર કાર્ડ અને મતદાર ઓળખ કાર્ડ બનાવવા માટે જરૂરી દસ્તાવેજો જમીનના દસ્તાવેજો અને અરજદારોના રહેણાંકની સ્થિતિની પુષ્ટિ કર્યા પછી જ જારી કરવા જોઈએ. ઝારખંડ હાઈકોર્ટે મંગળવારે રાજ્ય સરકારને સંથાલ પરગણા ક્ષેત્રમાં આશ્રય લઈ રહેલા બાંગ્લાદેશી ગેરકાયદેસર વસાહતીઓની ઓળખ કરવાનો આદેશ આપ્યો છે.

કાર્યકારી ચીફ જસ્ટિસ સુજીત નારાયણપ્રસાદ અને જસ્ટિસ અરુણકુમાર રોયની ડિવિઝન બેન્ચે બાંગ્લાદેશીઓના ગેરકાયદેસર સ્થળાંતર અંગે દાખલ કરેલી પીઆઈએલની સુનાવણી કરતા સરકારને આ વિસ્તારના મૂળ રહેવાસીઓની ઓળખ માટે ઝુંબેશ શરૂ કરવાનો આદેશ આપ્યો હતો.કોર્ટે એ પણ નિર્દેશ આપ્યો છે કે રેશન કાર્ડ, આધાર કાર્ડ અને મતદાર આઈડી કાર્ડ બનાવવા માટે જરૂરી દસ્તાવેજો જમીનના દસ્તાવેજો અને અરજદારોના રહેણાંકની સ્થિતિની પુષ્ટિ કર્યા પછી જ જારી કરવા જોઈએ. બેન્ચે કહ્યું કે પડોશી દેશથી ગેરકાયદેસર ઈમિગ્રેશન એ ખતરનાક પ્રસ્તાવ છે, જે રાજ્ય અને કેન્દ્ર માટે ગંભીર ચિંતાનો વિષય છે. દલીલો દરમિયાન, અરજદાર ડેનિયલ ડેનિશે કોર્ટને જણાવ્યું હતું કે સંથાલ પરગણાના ૬ જિલ્લા - દેવઘર, દુમકા, સાહિબગંજ, પાકુર, ગોડ્ડા અને જામતારામાં ગેરકાયદેસર વસાહતીઓ સ્થાયી થયા છે. પરિણામે, વિસ્તારની વસ્તીમાં નોંધપાત્ર ફેરફાર થયો છે.કોર્ટને કહેવામાં આવ્યું કે ૧૯૫૧ થી ૨૦૧૧ વચ્ચે આદિવાસી વસ્તીનો આંકડો ૪૪.૬૭ થી ઘટીને ૨૮.૧૧ ટકા થયો છે, જ્યારે લઘુમતી સમુદાયની વસ્તી ૯.૪૪ થી વધીને ૨૨.૭૩ ટકા થઈ ગઈ છે. કોર્ટ આ મામલે ૨૨ ઓગસ્ટે ફરી સુનાવણી કરશે.

### યુએસ પ્રમુખ બિડેને શક્યતા વ્યક્ત કરી હતી

## ઈરાન ઈઝરાયેલ ઉપર સીધો હુમલો નહીં કરે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૪ ।

ઈરાનમાં હમાસના વડાની હત્યા અને લેબનોનમાં હિઝબુલ્લાહ વિરુદ્ધ ઈઝરાયેલની સતત કાર્યવાહીએ મધ્ય પૂર્વમાં સ્થિતિ વધુ ખરાબ કરી છે. ઈરાન સતત ઈઝરાયેલ પર હુમલો કરવાની ધમકી આપી રહ્યું છે. જ્યારે ઈઝરાયેલ પણ પોતાના દુશ્મનોને મારી રહ્યું છે. સમગ્ર વિશ્વ આ ક્ષેત્રમાં ઝડપથી બદલાતી પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેનનું નિવેદન સામે આવ્યું છે. જેમાં તેણે કહ્યું છે કે જો ગાઝામાં યુદ્ધવિરામનો કરાર થાય છે તો ઈરાન ઈઝરાયલ વિરુદ્ધ હુમલા રોકવા પર વિચાર કરી શકે છે.વાસ્તવમાં, જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનને મંગળવારે પૂછવામાં આવ્યું કે શું તેમને આશા છે કે જો ગાઝા યુદ્ધવિરામ સમજૂતી થઈ જશે તો ઈરાન ઈઝરાયેલ સામે બદલો નહીં લે, તો તેમણે કહ્યું, ‘તે મારી આશા છે’. આ પહેલા ન્યૂઝ એજન્સી રોઈટર્સે ઈરાનના ત્રણ વરિષ્ઠ અધિકારીઓને ટાંકીને કહ્યું હતું કે માત્ર યુદ્ધવિરામ સમજૂતી ઈરાનને ઈઝરાયલ વિરુદ્ધ સીધા હુમલાથી રોકી શકે છે.તમને જણાવી દઈએ કે અમેરિકા પહેલા જ સ્પષ્ટ કરી ચુક્યું છે કે જો ઈઝરાયેલ પર હુમલો થશે તો તે તેનું સમર્થન કરશે. તે જ સમયે, યુએસ નેવીએ ઈઝરાયેલની સુરક્ષાને મજબૂત કરવા માટે મધ્ય પૂર્વમાં યુદ્ધ જહાજ અને એક સબમરીન પણ તૈનાત કરી છે. રિપોર્ટ અનુસાર ઈરાનના એક વરિષ્ઠ સુરક્ષા અધિકારીએ કહ્યું કે જો ગાઝા મંત્રણા નિષ્ફળ જશે તો ઈરાન હિઝબુલ્લાહ જેવા સહયોગીઓ સાથે મળીને સીધો હુમલો કરશે.

## પટનામાં બીજેપી નેતાની હત્યા, બાઇક સવાર બે બદમાશોએ ગોળી મારી

। (એજન્સી) પટના, તા.૧૪ ।

બીજેપી નેતા અજય સાહને ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યે તેમના ઘર નજીક ગોળી મારી દેવામાં આવી હતી. અજય સાહ ભાજપના પટણા જિલ્લાના મહાસચિવ હતા. તેનું દૂધ પાર્લર તેના ઘરની નજીક ચાલતું હતું. જ્યારે ગુનેગારોએ તેને ગોળી મારી દીધી ત્યારે તે તેના મિલ્ક પાર્લરમાં બેઠો હતો. બિહારની રાજધાની પટનામાં ભાજપના એક નેતાની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. બાઈક પર સવાર બે શખ્સોએ તેને ગોળી મારીને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. આ ઘટના પટના શહેરના આલમગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના બજરંગપુરીમાં બની હતી. સ્થાનિક બીજેપી નેતા અજય સાહ (૫૦)ને ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યે તેમના ઘર નજીક ગોળી મારી દેવામાં આવી હતી. અજય સાહ ભાજપના પટણા જિલ્લાના મહાસચિવ હતા. તેનું દૂધ પાર્લર તેના ઘરની નજીક ચાલતું હતું. જ્યારે ગુનેગારોએ તેને ગોળી મારી દીધી ત્યારે તે તેના મિલ્ક પાર્લરમાં બેઠો હતો. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

### મેટલ કેબલ ચોરવા ટાવર પર ચડેલા

## યુવકનું ૧૦૦ ફૂટની ઊંચાઈએથી પડી જતાં કમકમાટી ભર્યુ મોત

**પુણેમાં વીજળીના ટાવરમાંથી મેટલ ચોરવા ચઢેલા એક યુવકનું ૧૦૦ ફૂટની ઊંચાઈએથી પડી જતાં મોત થયું હતું**

। (એજન્સી) પુણે, તા.૧૪ ।

પુણેમાં વીજળીના ટાવરમાંથી મેટલ ચોરવા ચઢેલા એક યુવકનું ૧૦૦ ફૂટની ઊંચાઈએથી પડી જતાં મોત થયું હતું. તેના મિત્રોએ ન તો તેના પરિવારને જાણ કરી કે ન તો પોલીસને. તેણે તેના મિત્રોના મૃતદેહોને જંગલમાં દાટી દીધા. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી છે.

મહારાષ્ટ્રના પુણેમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં હાઈ ટેન્શન વીજળીના ટાવરમાંથી મેટલ કેબલ ચોરવાનો પ્રયાસ કરી રહેલા ત્રણ મિત્રોમાંથી એક નીચે પડી ગયો હતો અને તેનું મૃત્યુ થયું હતું, ત્યારબાદ તેના બંને મિત્રોએ મળીને તેને જંગલમાં દાટી દીધો હતો અને આ ઘટના અંગે ન તો પોલીસને જાણ કરી હતી ઘર જ્યારે પોલીસે તપાસ કરી તો આ મામલો સામે આવ્યો, ત્યારબાદ પોલીસે બંને મિત્રોની ધરપકડ કરી.પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે ત્રણેય મિત્રો ૧૩ જુલાઈના રોજ વેલ્હે તહસીલના રંજને ગામ પાસે સ્થિત બંધ હાઈ ટેન્શન વીજળીના ટાવરમાંથી મેટલ ચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

આ દરમિયાન પુણેના સિંહગઢ રોડ વિસ્તારમાં રહેતા બસવરાજ મંગરુલે (૨૨)નું ટાવર પરથી પડી જવાથી મોત થયું હતું. આ કેસમાં બંને આરોપીઓની ઓળખ સૌરભ રેણુસે અને રૂપેશ યેનપુરે તરીકે થઈ હતી. સમાચાર એજન્સી પીટીઆઈ અનુસાર, આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે માંગરુલેના પરિવારે ફરિયાદ નોંધાવી કે તે ૧૧ જુલાઈના રોજ રેનુસે સાથે પાબે ગામ જવા નીકળ્યા બાદ ગુમ થઈ ગયો હતો. પોલીસે જણાવ્યું હતું કે મંગરૂલે, રેણુસે અને યેનપુરે મેટલ કેબલ ચોરવા રાંજને ગામ તરફ ગયા હતા, પરંતુ ટાવર પરથી પડી જતાં મંગરૂલેનું મૃત્યુ થયું હતું.

સિંહગઢ રોડ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું કે, તેને હોસ્પિટલ લઈ જવાને બદલે આરોપીઓએ તેને પાબેના જંગલમાં કથિત રીતે દાટી દીધો હતો. જ્યારે તેની પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે પોલીસને તે સ્થળ પણ જણાવ્યું કે જ્યાં તેણે મૃતકને દફનાવ્યો હતો. હવે આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

## વિશેષ

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાતે ન્યૂઝીલેન્ડનું ડેલિગેશન

# ગુજરાત સાથે કૃષિ, ડેરી ઉદ્યોગ, સહકાર, રિન્યૂએબલ એનર્જી અને પ્રવાસન-સાંસ્કૃતિક સંબંધો વધારવા ઉત્સુકતા દર્શાવી

। (માહિતી) ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ન્યૂઝીલેન્ડના ૯ સભ્યોના ડેલિગેશને ગાંધીનગરમાં લીધી હતી. ન્યુઝીલેન્ડના કૃષિ, વન અને વાણિજ્ય મંત્રી તથા વિદેશી બાબતોનાં એસોસિયેટ મંત્રી શ્રી ટોડ મેકક્લે તેમજ ભારત સ્થિત ન્યુઝીલેન્ડના હાઈ કમિશનર શ્રી પેટ્રિક રાતાનાં નેતૃત્વમાં ૯ સભ્યોનું પ્રતિનિધિમંડળ ગુજરાત સાથે વ્યૂહાત્મક પાર્ટનરશીપ માટે મુખ્યમંત્રીશ્રીની મુલાકાતે આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ મુલાકાત બેઠકમાં તેમણે ગુજરાત સાથે કૃષિ, ડેરી ઉદ્યોગ, સહકાર, રિન્યૂએબલ એનર્જી, પ્રવાસન ક્ષેત્રે સહકાર અને બંને દેશોના લોકોમાં પરસ્પર લાંબાગાળા સુધી સૌહાર્દપૂર્ણ રીતે સાંસ્કૃતિક સંબંધો આગળ વધે તે માટે ઉત્સુકતા દર્શાવી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ડેલિગેશનને આવકારતા કહ્યુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લિડરશીપમાં ભારત-ન્યૂઝીલેન્ડના સંબંધો વિકસ્યા છે. ગુજરાત આ દ્વિપક્ષીય સંબંધોને વધુ આગળ ધપાવશે એવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં ગાય આધારિત ખેતીથી ખેડૂતોની આવક બમણી કરવા માટેનું તેમનું



વિઝન શેર કર્યું હતું. વધુમાં, ગુજરાત અને ન્યુઝીલેન્ડને કૃષિ-સહકાર અને ડેરી ક્ષેત્રે લાભદાયી એવા ‘ખેડૂત વિનીમય કાર્યક્રમ (ફાર્મર એક્સચેંજ પ્રોગ્રામ)’ શરૂ કરવા પર ભાર મૂક્યો હતો.

ન્યૂઝીલેન્ડ ડેરી ટેકનોલોૉજીમાં અગ્રણી દેશ છે. ડેરી વિકાસમાં આ ટેકનોલૉજીનો લાભ ગુજરાતને પણ મળે તે માટે મુખ્યમંત્રીશ્રીએ કૃષિ, ડેરી ઉદ્યોગ, પશુપાલન અને સહકારી ક્ષેત્રોમાં સહયોગ અંગે ચર્ચા કરી હતી. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓની નવીનતમ વિચારસરણીને પોષવા માટે સમયાંતરે બેઠકો અને વર્કશોપ યોજાય તેવી ઈચ્છા પણ ડેલીગેશન સમક્ષ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત દૂધ ઉત્પાદનમાં અગ્રણી રાજ્ય છે. એટલું જ નહિ, રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઇડ્રોજન અને ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં પણ ગુજરાત અગ્રેસર છે અને આ બધા ક્ષેત્રોમાં ન્યુઝીલેન્ડ સાથે સહયોગ કરવા ઉત્સુક છે. આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ ન્યુઝીલેન્ડમાં વસતા મહેનતુ ગુજરાતી સમુદાય અંગે પણ ચર્ચા કરી હતી. તેમજ બંને દેશો વચ્ચેના સાંસ્કૃતિક સંબંધોને વધુ ગાઢ બને માટે નિયમિત બેઠકો ગોઠવવાનો અભિગમ વિકસાવવા પર પણ ભાર મૂક્યો હતો. વધુમાં, તેમણે ગુજરાતમાં રહેલા પ્રવાસન આકર્ષણોનો ઉલ્લેખ કરી તેમણે ન્યુઝીલેન્ડથી આવતા પ્રવાસીઓને ગુજરાતનાં જગવિખ્યાત સ્ટેચ્યૂ ઑફ યુનિટી, કચ્છનું સફેદ રણ (રણોત્સવ), ગીર જંગલ જેવા સ્થળોની મુલાકાત લેવા માટે જણાવ્યું હતું.

ન્યુઝીલેન્ડના મંત્રી શ્રી ટોડ મેકક્લેએ ડેરી અને સહકારી ક્ષેત્રે ગુજરાત - ન્યુઝીલેન્ડ વચ્ચેના પરસ્પર સંબંધો વિકસાવવા માટે તેઓએ ગુજરાતમાં પ્રતિનિધિમંડળ લઈ આવવા અંગે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. તેમણે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) સાથે સહયોગ અંગે ચર્ચા કરી હતી. પશુ આરોગ્ય સુવિધાઓમાં વેલ્યૂ-એડિશન આધારિત પ્રયાસોથી દૂધ ઉત્પાદનમાં કેવી રીતે વધારો કરી શકાય તેનો અનુભવ શેર કર્યો હતો. ન્યુઝીલેન્ડના મંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય સાથે વેસ્ટ ટુ બાયોએનર્જી સહિતના ક્ષેત્રોમાં સહયોગની સારી સંભાવનાઓ છે તેમ જણાવ્યું હતું.

ગુજરાત અને ન્યૂઝીલેન્ડના ખેડૂત સમુદાયના પરસ્પર લાભ માટે પશુ ચિકિત્સકોનો વિનિમય કાર્યક્રમ પણ શરૂ કરવાનીમાં સંભાવના પણ તેમણે દર્શાવી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની આ સૌજન્ય મૂલાકાત બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્યસચિવ શ્રી એમ. કે. દાસ, ઉદ્યોગ અગ્ર સચિવ શ્રી મમતા વર્મા, ઉદ્યોગ કમિશનર શ્રી સંદીપ સાગલે તેમજ ઈન્ડેક્ષ-બી ના એમ.ડી.શ્રી ગૌરાંગ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

## પોલીસે દારૂ સાથે બે શખ્સોની કરી અટકાયત

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૪ ।

બનાસકાંઠા એલસીબી પોલીસે રાજસ્થાન તરફથી દારૂ ભરીને આવી રહેલી કારને ડીસા મંડળ હાઈવે પર કુચાવાડા ત્રણ રસ્તા પાસે ઝડપી લીધી હતી. પોલીસે દારૂ સહિત કુલ ?૩,૮૫,૬૮૦ નો મુદ્દા માલ જપ્ત કરી બે શખ્સોની અટકાયત કરી છે. બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચને રાજસ્થાનના મંડાર તરફથી દારૂ ભરીને એક કાર ડીસા તરફ આવી રહી હોવાની બાતમી મળી હતી. જેથી એલસીબીના પીએસઆઈ એસ. બી. રાજગોર સ્ટાફના નરેશભાઈ, મુકેશભાઈ, મહેશભાઈ, કાનસિંહ, અલ્પેશભાઈ સહિતની ટીમે ડીસા તાલુકાના કુચાવાડા ત્રણ રસ્તા પાસે નાકાબંધી કરી દારૂ ભરી આવી રહેલી ગાડીને રોકાવી તેમાં તપાસ કરતા અંદરથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો.

# હેલ્મેટ વગર બે વખત વાહન ચલાવતા પકડાયા તો સસ્પેન્ડ થઈ શકે છે લાઈસન્સ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

હેલ્મેટ નિયમો લાગુ કરવા અને સરખેજ-ગાંધીનગર (SG) હાઈવે પર રોંગ સાઈડમાં વાહન ચલાવવાને રોકવા માટે ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ શહેર ટ્રાફિક પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. ૧૨ ઓગસ્ટ સુધીમાં પોલીસે ૧૬,૩૧૦ ટૂ-વ્હીલર વાહન ચાલકો અને હેલ્મેટ વિના પકડાયેલા પીલિયન રાઈડર્સને પકડ્યા છે અને તેમની પાસેથી કુલ ૮૨.૧૮ લાખ રૂપિયાનો દંડ વસૂલ્યો છે. વધુમાં મુખ્યત્વે જીક્ર હાઈવે પર રોંગ સાઈડ ડ્રાઈવિંગના ૧૧૩૬ કેસ નોંધાયા હતા અને ૨૦.૦૬ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. ટ્રાફિક પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર હેલ્મેટ ન પહેરવા બદલ પ્રથમ ગુનામાં ૫૦૦ રૂપિયાનો દંડ અને બીજા ગુનામાં ૧૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવે છે. જો ત્રીજો ગુનો નોંધાય તો ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ પણ કરવામાં આવી શકે છે. શહેર ટ્રાફિક પોલીસે ચેતવણી આપી છે કે તેમણે વ્યાપક જાગૃતિ ઝુંબેશ હાથ



ધરી છે અને હવે કડક અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ (ટ્રાફિક) એનએન ચૌધરીએ જણાવ્યું હતું કે, અમે ટ્રાફિકનું ઉલ્લંઘન કરનારાઓ પ્રત્યે ખૂબ જ કડક વલણ અપનાવી રહ્યા છીએ. બેથી વધુ વખત હેલ્મેટ વિના દ્વિચક્રી વાહન ચલાવતા અથવા પીલિયન સવારી કરતા પકડાયેલા લોકોનું ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે. અમે આવા દ્વિચક્રી વાહન ચાલકોના લાઈસન્સ સસ્પેન્શન માટે RTOને જાણ કરીશું. વાહનવ્યવહાર વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે એકવાર લાઈસન્સ સસ્પેન્શન માટે જાણ કરવામાં આવશે ત્યારે RTO દ્વારા ઉલ્લંઘન કરનારને નોટિસ આપવામાં આવશે. સૂત્રએ જણાવ્યું હતું કે, અમે પોલીસના બોડીકેમમાંથી અમને ઉપલબ્ધ ઉલ્લંઘનના પુરાવા સાથે સુનાવણી હાથ ધરીશું. લાયસન્સ ધારકે સબમિશન આપવું પડશે કે હવેથી તે મોટર વ્હિકલ એક્ટનું પાલન કરશે અને વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરશે, જેમાં પીલિયન રાઈડરનો પણ સમાવેશ થાય છે. જો લાઈસન્સ ધારક સબમિશન આપ્યા પછી ફરીથી પકડાય તો તેનું લાઈસન્સ રદ થઈ શકે છે.

તેવી જ રીતે રોડની રોંગ સાઈડ પર વાહન ચલાવનારાઓના લાઈસન્સ પણ કેન્સલ થઈ શકે છે. જેસીપી ચૌધરીએ જણાવ્યું હતું કે, ખાસ કરીને એસજી હાઈવે પર રોંગ સાઈડ વાહન ચલાવવું અત્યંત જોખમી છે. છેલ્લા પાંચ દિવસમાં અમે આવા ૧૧૩૬ રોંગ સાઈડ ચાલકોને પકડીને કુલ ૨૦.૦૬ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. પકડાયેલા તમામના લાઈસન્સ રદ કરવા માટે RTOને જાણ કરવામાં આવી છે. નો-પાર્કિંગમાં પાર્કિંગ ટ્રાફિક ગેરવ્યવસ્થાને લઈને ગુજરાત હાઈકોર્ટની વારંવારની ટીકાને કારણે ટ્રાફિક પોલીસે ટ્રાફિકનો ભંગ કરનારાઓ સામેના પ્રયાસો તેજ કર્યા છે. ૮થી ૧૨ ઓગસ્ટ સુધીમાં તેમણે નો-પાર્કિંગ ઝોનમાં પાર્કિંગ કરવા માટે ૧૦,૧૨૮ વાહન ચાલકોને ઝડપ્યા હતા અને ૫૩.૦૬ લાખ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. આ ઉપરાંત ૩૮૬ વાહનોને ટો કરવામાં આવ્યા હતા અને ૨૪૬ને ક્લેમ્પ કરવામાં આવ્યા હતા, જેના પરિણામે ૧.૩૮ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

બીજી તરફ પ્રતિબંધિત કલાકો દરમિયાન શહેરમાં પ્રવેશતા ભારે વાહનોના મુદ્દા પર પણ ધ્યાન આપવામાં આવ્યું છે, કારણ કે તાજેતરમાં આ વાહનોને સંડોવતા અનેક જીવલેણ અકસ્માતો થયા છે. ૨૪ જૂનથી ૧૨ ઓગસ્ટ સુધીમાં આવા ૩૬૯ ભારે વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને કુલ ૧૮.૨૬ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

## ઢોલ-નગારા સાથેની સ્મશાન યાત્રા બની કુતૂહલનો વિષય

। (એજન્સી) સુરત, તા.૧૪ ।

સુરતના કતારગામ વિસ્તારમાં આજે એક વડીલની સ્મશાન યાત્રા નીકળી હતી તે લોકોમાં કુતૂહલનો વિષય બની હતી. દરેક સ્મશાન યાત્રામાં રોકકળ જોવા મળે છે અને દરેક લોકોમાં ઉદાસ જોવા મળે છે. પરંતુ આ સ્મશાન યાત્રામાં ઉત્સવનો માહોલ હતો અને વાજતે ગાજતે ઢોલ નગારા સાથે સ્મશાન યાત્રા નીકળી હતી. સુરતના સત્યશોધક સભાના અગ્રણી એવા કતારગામના માધુ કાકડીયાના માતાનું આજે ૯૫ વર્ષની ઉંમરે અવસાન થયું હતુ. તેમના અવસાન બાદ સ્મશાન યાત્રા નિકળી હતી. તેમાં ઢોલ નગારા વગાડવા સાથે સોસાયટીના આખા રસ્તા પર સ્વસ્તિકના સાથીયા બનાવવામાં આવ્યા હતા. મૃત્યુની સ્મશાન યાત્રાને આ પરિવારે ઉત્સવ બનાવી દીધો હતો.

### સોશિયલ મીડિયામાં જાહેરાત જોઈ ફસાયા

# શેરબજારમાં વધુ નફાની લાલચે ડોક્ટરે રૂ.૫૦ લાખ ગુમાવ્યા

### સાયબર ક્રાઈમ દ્વારા ફરીયાદ નોંધી તપાસ હાથ ધરાઈ

। (એજન્સી) ભાવનગર, તા.૧૪ ।

ગુજરાતના ભાવનગર શહેરમાં સોશિયલ મીડિયામાં જાહેરાત જોઈ શેરબજારમાં વધુ નફાની લાલચે ડોક્ટરે રૂ.૫૦ લાખ ગુમાવ્યા છે. જેમાં વિડ્રોની રિકવેસ્ટ મોકલતા ભાંડો ફૂટ્યો છે. તેમાં ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ ડોક્ટર ઠગાઈનો ભોગ બન્યા છે. જેમાં શેરબજારમાં રોકાણના બહાને ૫૦ લાખની ઠગાઈ થઈ છે. તેમાં તબીબે સોશિયલ મીડિયામાં જાહેરાત જોઈ હતી. ભાવનગરમાં ડોક્ટર સાથે રૂપિયા ૫૦ લાખની ઠગાઈ થઈ છે. જેમાં ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ ડોક્ટર ઠગાઈનો ભોગ બન્યા છે. શેરબજારમાં રોકાણના બહાને રૂપિયા ૫૦ લાખની ઠગાઈ થઈ છે. તબીબે સોશિયલ મીડિયામાં જાહેરાત જોઈ હતી. તેમાં એપ્લિકેશન ડાઉનલોડ કરી ટ્રેડિંગ શરૂ કર્યું હતું. તેમાં સારો નફો, ઓછા ભાવે સ્ટોકની લાલચ અપાઈ હતી. તબીબે એકાઉન્ટમાં ૫૦ લાખ જમા કરાવ્યા હતા. નાણાં વિડ્રોની રિકવેસ્ટ મોકલતા ભાંડો ફૂટ્યો હતો. જેમાં ટેક્સ, ચાર્જિસના બહાને વધુ રૂપિયાની માંગણી કરાઈ હતી. તબીબે સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરી છે. સાયબર ક્રાઈમે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.શિક્ષક બાદ ચાઈલ્ડ સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર પણ ઠગાઈનો ભોગ બન્યા છે. તેમાં શેરબજારમાં રોકાણના બહાને ચાઈલ્ડ સ્પેશ્યાલિસ્ટ સાથે થઈ રૂપિયા ૫૦ લાખની ઠગાઈ થઈ છે. તબીબે સોશિયલ મીડિયામાં જાહેરાત જોયા બાદ એપ્લિકેશન ડાઉનલોડ કરી ટ્રેડિંગ શરૂ કર્યું હતું. તેમાં શેરબજારમાં સારો નફો અને ઓછા ભાવે સ્ટોક મળશે અને આઈ.પી.ઓ લાગશે તેવી લાલચ આપવામાં આવી હતી. રૂપિયા ૫૦ લાખ એકાઉન્ટમાં જમા કરાવ્યા બાદ નાણાં વિડ્રોની રિકવેસ્ટ મોકવામાં આવતા ટેક્સ અને ચાર્જીસના બહાના બતાવી વધુ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. તબીબે સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવી છે. તેમાં સાયબર ક્રાઈમ દ્વારા ફરીયાદ નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

# ૧૦૮ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ખાતે ૧૦૮ સેવાના કર્મચારીઓ માટે ‘રોડ સેફટી’ જાગૃતિ શિબિર યોજાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદના નરોડા કઠવાડામાં આવેલા ૧૦૮ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ખાતે ૧૦૮ સેવાના કર્મચારીઓ માટે ‘રોડ સેફટી’ જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ માત્ર કર્મચારીઓને માર્ગ સલામતી વિશે શિક્ષિત કરવાનો નહિ, પરંતુ સુરક્ષિત ડ્રાઈવિંગ અને ટ્રાફિક નિયમોનું પાલન કરવાના મહત્ત્વ પર પણ ભાર મૂકવાનો હતો. આ સાથે EMRI GHS દ્વારા ૧૦૮ સેવામાં કાર્યરત કર્મચારીગણ માટે યુ ટર્ન ફાઉન્ડેશનના સહયોગથી આયોજિત રોડ સેફ્ટી નોલેજ ફોરમનું સફળ સમાપન પણ થયું હતું.

આ અવસરે અમદાવાદ ટ્રાફિક ડીસીપી શ્રી સફિન હસન દ્વારા રોડ-સેફટી અને ટ્રાફિક કાયદાઓ તેમજ હેલ્મેટ પહેરવાનાં મહત્ત્વ અંગે ઉપસ્થિત સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા. જ્યારે શ્રી, જે.એન. બારેવડીયા દ્વારા માર્ગ સુરક્ષા અને સલામતી અંગેની વિગતવાર માહિતી પૂરી પાડી કમર્ચારીઓને લર્નર્સ લાઈસન્સ પ્રક્રિયાઓ, ટ્રાફિક સિગ્નલો, રોડ માર્કિંગ, રક્ષણાત્મક ડ્રાઈવિંગ તકનીકો અને મોટર વાહન અધિનિયમ અને નિયમો જેવા મુખ્ય વિષયો પર પ્રેઝન્ટેશન રજૂ કરી પ્રશ્નોત્તરી થકી



જરૂરી માહિતીઓ પૂરી પાડી હતી. યુ-ટર્ન ફાઉન્ડેશન એ માર્ગ સુરક્ષા અને સલામતી અંગે જાગૃતિના કાર્યક્રમો માટે પોતાના વ્યાપક કાર્યો અંગે જાણીતું છે. સુરક્ષા જાગૃતિ અને પ્રોત્સાહન માટે યુ-ટર્ન ફાઉન્ડેશને બ્રાન્ડેડ હેલ્મેટ સબસિડાઈઝ્ડ દરે શિબિરમાં ભાગ લેનાર તમામને ઉપલબ્ધ કરાવ્યા હતા. આ પહેલ સમાજમાં રોડ સેફટી અને સેફ-ડ્રાઈવિંગને પ્રોત્સાહન પૂરું પાડશે અને રોડ પર સુરક્ષિત અને સલામત વાહન ચલાવવા અન્યને પણ પ્રેરિત કરશે. આ પ્રસંગે EMRI GHS સીઈઓ જશવંત પ્રજાપતિ, યુ ટર્ન ફાઉન્ડેશનના સભ્યો તેમજ ૧૦૮ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસા ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનું યોજાયું રિહર્સલ

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૪ ।

બનાસકાંઠા જિલ્લા કક્ષાના ૭૮ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં ડીસા ખાતે યોજાનાર છે. જે અંતર્ગત આજે ડીસા ખાતે નિવાસી અધિક કલેક્ટર સી.પી.પટેલની અધ્યક્ષતામાં સમગ્ર કાર્યક્રમનું રિહર્સલ અને નિદર્શન કરવામાં આવ્યું હતું. દેશની આઝાદીના અમૃત વર્ષના ઉપક્રમે દેશભરમાં ૭૮ મા સ્વતંત્રતા પર્વની હર્ષભેર ઉજવણી થનાર છે. બનાસકાંઠા જિલ્લામાં પણ જિલ્લાકક્ષાના કાર્યક્રમની ઉજવણી ટી.સી. ડી ગ્રાઉન્ડ ડીસા ખાતે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીની ગરીમામય ઉપસ્થિતિમાં કરવામાં આવશે. આ અવસરે અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી રાષ્ટ્રધ્વજ લહેરાવીને સલામી આપશે.

### ગાંધીનગરની સાબરમતી નદીમાં ડૂબ્યાં

# દશામાની મૂર્તિ પધરાવવા ગયેલા ત્રણ લોકો ડૂબ્યાં

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ ।

ચોમાસાની સિઝનમાં નદીઓમાં પાણીની આવક થવા પામી છે. ઉપરવાસમાંથી છોડાઈ રહેલા પાણીને કારણે નદીઓનું જળસ્તર વધી રહ્યું છે. જેના કારણે ડૂબવાની અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. અમદાવાદથી કેટલાક લોકો ગાંધીનગરની સાબરમતી નદીમાં દશામાની મૂર્તિ પધરાવવા માટે આવ્યા હતાં. આ દરમિયાન એક કિશોરી નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ હતી. જેને બચાવવા માટે ચાર લોકો નદીમાં કૂદ્યા હતાં. તેઓ પણ નદીમાં ડૂબ્યાં હતાં. આ ઘટનામાં ત્રણ લોકોના જીવ ગયા હતાં જ્યારે બે લોકોને સ્થાનિકોએ બચાવી લીધા હતાં. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગાંધીનગરના સેક્ટર ૩૦ની સાબરમતિ નદીમાં દશામાની મૂર્તિ પધરાવવા માટે અમદાવાદથી આવેલા એક પરિવારની બાર વર્ષની દીકરી ઊંડા પરિવારમાં ગરકાવ થઈ ગઈ હતી. તેને બચાવવા માટે એક પછી એક ચાર લોકોએ પાણીમાં કૂદી શોધખોળ કરવાનો પ્રયાસ કર્યો હતો. જે પૈકી અજય વણઝારા અને ભારતીબેન પ્રજાપતિ પણ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયાં હતાં. જ્યારે અન્ય બે વ્યક્તિને સ્થાનિકોએ બચાવી લીધા હતા. બનાવની જાણ થતાં ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે સાબરમતી નદીમાં સર્ચ ઓપરેશન હાથ ધરીને અજય વણઝારા, ભારતીબેન પ્રજાપતિ અને પૂનમ પ્રજાપતિના મૃતદેહને બહાર કાઢ્યો હતો. આ બનાવના પગલે પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી. દશામાનો તહેવાર બાદ આગામી દિવસોમાં સાતમ-આઠમ સહિતના તહેવારો આવી રહ્યા છે.

# તા.૨૦ ઓગસ્ટ, ૨૦૨૪ થી રાજ્યભરમાં યોજાશે મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ

। (માહિતી) અમદાવાદ, તા.૧૪ ।

ભારતના ચૂંટણી પંચની સૂચનાનુસાર તા.૦૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો સમાવેશ કરવા અને ક્ષતિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા આગામી તા.૨૦ ઑગસ્ટ, ૨૦૨૪ થી રાજ્યભરમાં મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. મહિલાઓ, દિવ્યાંગો અને યુવાનો સહિત મહત્તમ મતદારો સહભાગી થાય અને પોતાના મતાધિકારના ઉપયોગ માટે મતદાર યાદીમાં નામ નોંધાવે તે માટે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં સંપન્ન થયેલી લોકસભાની ચૂંટણી બાદ રાજ્યના ચૂંટણી તંત્ર દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવશે. આ ઝુંબેશ અંતર્ગત તા.૨૦/૦૮/૨૦૨૪ થી રાજ્યભરમાં બુથ લેવલ ઑફિસર્સ દ્વારા હાઉસ ટુ હાઉસ સરવે હાથ ધરવામાં આવશે. જેમાં તા.૦૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર યુવાઓની યાદી બનાવવાની કામગીરી તથા મતદાર તરીકે ન નોંધાયેલા પાત્રતા ધરાવતા નાગરિકોનો સમાવેશ ઉપરાંત સ્થળાંતર કરનાર, મૃત્યુ પામનાર અને એકથી વધુ વખત નોંધાયેલા મતદારોના નામ કમી કરી મતદાર યાદીને ત્રુટિરહિત કરવા સહિતની કામગીરી કરવામાં આવશે. હાઉસ ટુ હાઉસ સરવેની કામગીરી પૂર્ણ થયા બાદ તા.૧૯/૧૦/૨૦૨૪ થી તા.૨૮/૧૦/૨૦૨૪ સુધીમાં ફોર્મ નં. ૧ થી ૮ તથા સંકલિત મતદાર યાદી તૈયાર કરી તા.૨૯/૧૦/૨૦૨૪ ના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. ત્યારબાદ તા.૨૯/૧૦/૨૦૨૪ થી તા.૨૮/૧૧/૨૦૨૪ સુધી મતદાર યાદીમાં નામ ઉમેરવા, કમી કરવા તથા સુધારા માટે મળેલી અરજીઓ સંદર્ભે હક્ક-દાવા માટે અરજી કરી શકાશે. તા.૨૪/૧૨/૨૦૨૪ સુધીમાં આ અરજીઓનો નિકાલ કરી તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ મતદાર યાદીની આખરી પ્રસિદ્ધી કરવામાં આવશે.

# પાર્ટીશન હોરર્સ રિમેમ્બરન્સ ડે” નિમિત્તે અમદાવાદ મંડળ ના ૯ રેલવે સ્ટેશનો પર ફોટો પ્રદર્શનનું આયોજન





। અમદાવાદ, તા.૧૪ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર ૧૪ મી ઓગસ્ટ ૨૦૨૪ ને લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં “પાર્ટીશન હોરર્સ રિમેમ્બરન્સ ડે” તરીકે મનાવવામાં આવ્યો હતો. આ સંદર્ભમાં અમદાવાદ મંડળ ના અમદાવાદ, સાબરમતી, મણિનગર, કલોલ, મહેસાણા, પાલનપુર, ગાંધીધામ, હિંમતનગર અને રાધનપુર સ્ટેશન પર ફોટો પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંડળ રેલવે પ્રવક્તા અમદાવાદ એ માહિતી આપતાં જણાવ્યું હતું કે ૧૪મી ઓગસ્ટે પાર્ટીશન હોરર્સ રિમેમ્બરન્સ ડે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ દિવસ દેશના તે લોકોના સંઘર્ષ અને બલિદાનની યાદમાં ઉજવવામાં આવે છે.જેમણે અંધાધૂંધ નફરત અને હિંસાને કારણે પોતાનો જીવ ગુમાવ્યો. મંડળના અમદાવાદ, સાબરમતી, મણિનગર, કલોલ, મહેસાણા, પાલનપુર, ગાંધીધામ, હિંમતનગર અને રાધનપુર સ્ટેશનો પર ફોટો પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. ફોટો પ્રદર્શન એ લાખો નાગરિકોના હૃદયને હચમચાવી દેનારી પીડા અને મનમાં રહેલી વેદનાને પ્રકાશિત કરવા માટે ઈતિહાસના અવિશ્વસનીય તથ્યો દર્શાવે છે. જેમણે દેશના વિભાજન વખતે તેને સહન કર્યું. આ પ્રદર્શન પાછલી સદીમાં થયેલી માનવ વસ્તીના સૌથી મોટા વિસ્થાપનની યાદ અપાવે છે જેમાં મોટી સંખ્યામાં લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ૧૪ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ, પાર્ટીશન હોરર્સ પ્રદર્શન કાર્યક્રમમાં સ્થાનિક અત્યંત આદરણીય સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારોને આમંત્રિત કરીને અમદાવાદ રેલવે મંડળ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું.

સાથે જ મંડળ પર ૯ થી ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ સુધી “હર ઘર તિરંગા” અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેનો ઉદ્દેશ્ય લોકોના મનમાં દેશભક્તિની ભાવના જાગૃત કરવાનો અને જન -ભાગીદારી ની ભાવના સાથે સ્વતંત્રતાના અમૃત મહોત્સવના રૂપે મનાવવામા આવી રહ્યો છે. રાષ્ટ્રધ્વજ, ત્રિરંગાથી આપણને નવી ઉર્જા મળે છે. હર ઘર ત્રિરંગા અભિયાનમાં રેલ્વે કર્મચારીઓ, તેમના પરિવારો અને સામાન્ય લોકોની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. સ્ટેશનો પર જાહેરાતો દ્વારા લોકોને આ અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

## રક્ષાબંધનના પર્વ દરમ્યાન ૬૫૦૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપ દોડાવાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદમાં રક્ષાબંધનના પર્વને લઈને GSRTCનુ આગવું આયોજન છે. જેમાં રક્ષાબંધનના પર્વ દરમ્યાન ૬૫૦૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપ દોડાવાશે. ૧૭ ઓગસ્ટથી ૨૦ ઓગસ્ટ સુધી રક્ષાબંધનના તહેવારો દરમિયાન એક્સ્ટ્રા બસોના સંચાલન માટે નિર્ણય લેવાયો છે. તેમાં અમદાવાદ, વડોદરા, સુરત, મહેસાણા, રાજકોટ, જામનગર સહિતના ડીવિઝનમાંથી એક્સ્ટ્રા ટ્રીપોનું સંચાલન કરાશે. રક્ષાબંધનના પર્વ દરમ્યાન થતા ટ્રાફિકને પહોંચી વળવા એસ. ટી નિગમનું આયોજન છે. સમગ્ર ગુજરાતમાં અલગ-અલગ એસટી ડેપોમાંથી આ બસોનું સંચાલન કરાશે,જનમાષ્ટમી અને રક્ષાબંધનનો પર્વ હોવાથી લોકો બહારગામ વધુ જતા હોય છે, મુસાફરોને તકલીફ ના પડે તેને લઈ એસટી નિગમ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. દરેક રૂટ પર આ વધારાની બસો દોડાવવામાં આવશે. તો મુસાફરનો તહેવારના સમયે વધુ તકલીફ ના પડે અને સમય પ્રમાણે બસો મળી રહે તે માટે આ નિર્ણય મુસાફરો માટે ફાયદારૂપ બની રહેશે.

# નડિયાદમાં ‘એટ હોમ‘ સમારોહમાં નાગરિકો સાથે સ્વતંત્રતા પર્વની શુભેચ્છાઓની આપ-લે કરતા રાજ્યપાલ અને મુખ્યમંત્રી

। નડિયાદ, તા.૧૪ ।

નડિયાદમાં ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યક્ષાની ઉજવણીની પૂર્વ સંધ્યાએ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ‘એટ હૉમ’ સમારોહ દરમ્યાન પ્રબુદ્ધ નાગરિકો સાથે મુલાકાત કરી શુભેચ્છાઓની આપ-લે કરી હતી.

નડિયાદમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે આયોજિત ‘એટ હૉમ’ કાર્યક્રમના પ્રારંભે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનું પોલીસ બેન્ડના ડ્રમ રોલની સુરાવલી સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને પોલીસ વડા શ્રી વિકાસ સહાયે તેમને આવકાર્યા હતા. બાદમાં રાષ્ટ્રગીતનું ગાન થયું હતું. એસ.એન.વી ઈન્ટરનેશનલ શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતોની પ્રસ્તુતિ કરી હતી. રાજ્યપાલશ્રી અને મુખ્ય મંત્રીશ્રી અરેરાના ૧૦૨ વર્ષના સ્વાતંત્ર્ય સેનાની શ્રી કેસરીસિંહ પરમારને તેમની પાસે જઈ મળ્યા હતા અને ક્ષેમકુશળ પૂછ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આપણે આપણા કર્તવ્યોનું પાલન કરીશું તો જ રાષ્ટ્ર મહાન બનશે. પ્રત્યેક ક્ષણ આપણે જે જવાબદારી સંભાળી રહ્યા છીએ તેને ઈમાનદારીથી પૂર્ણ કરીશું તો જ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીના ‘વિકસિત ભારત’ના લક્ષ્યને સિદ્ધ કરી શકીશું. તેમણે વધુમાં જણાવ્યું કે, અનેક યોદ્ધાઓના લોહીની આહુતિ બાદ મહામૂલી આઝાદી મળી છે, ત્યારે ભવિષ્યની પેઢીને તેને ઉત્તમ રીતે જાળવીને આપવાની જવાબદારી આપણા સૌની છે. રાજ્યપાલશ્રી આચાર્ય



દેવવ્રતે નગર શ્રેષ્ઠિઓને આહવાન કરતાં જણાવ્યું કે, આપણે આપણું કર્મ સારી રીતે કરતાં રહીશું તો પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘વિકસિત ભારત’ના સ્વપ્નને સાકાર કરવામાં યોગદાન આપી શકીશું. નડિયાદની બળુકી ધરાના મહાત્મ્યનું વર્ણન કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, સ્વાતંત્ર્ય સંગ્રામમાં ખેડા જિલ્લા સહિત સમગ્ર ચરોતર અગ્રદૂત હતો. આ ભૂમિએ સાક્ષરો, સંતો અને સ્વાતંત્ર વીરોની મહામૂલી ભેટ દેશને આપી છે. સમગ્ર દેશને એક કરનાર સરદાર વલ્લભભાઈ પટેલની જન્મભૂમિ છે, તો રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા, ઈન્દુલાલ યાજ્ઞિક જેવા કર્મવીરો આ માટીમાંથી મળ્યા છે તેમ જણાવી તેમણે સ્વાતંત્ર્ય સેનાનીઓનું પૂણ્ય સ્મરણ કર્યું હતું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આરંભાયેલા ‘એક પેડ માં કે નામ’ અભિયાન થકી જળ-વાયુ પરિવર્તન જેવી પર્યાવરણીય સમસ્યાનો સામનો કરી શકાશે તેમ કહી તેમણે નાગરિકોને મહત્તમ વૃક્ષો વાવવા આહવાન કર્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨